Date of Publication 10th Posted on Every Month

મે : ૨૦૧૬

વર્ષ : ૧૦, અંક : ૧૧

₹ 20

समानो मन्त्रः । (ઋગ્વેદ)

समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

તંત્રી : યોગેશ જોષી









समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૦ મે : ૨૦૧૬ અંક : ૧૧

---

**પરામર્શનસમિતિ**

**ચન્દ્રકાન્ત ટોપીવાળા**
પ્રમુખ

**રતિલાલ બોરીસાગર**
મધ્યસ્થ સમિતિના સભ્ય

**ઉષા ઉપાધ્યાય**
પ્રકાશનમંત્રી

તંત્રી
**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ · ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક _ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક _ ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક _ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી _ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**'પરબ' સંવર્ધક : ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ ઍન્ડ કેમિકલ્સ લિ., વડોદરા**

E-mail : gspamd@vsnl.net    ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

*ISSNO250-9747* **પરબ**    છૂટક કિં. _ ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ઉષા ઉપાધ્યાય** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯ □ તંત્રી : યોગેશ જોષી □ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ☎ ૨૬ ૫૬ ૪૨ ૭૯

વર્ષ : ૧૦ મે : ૨૦૧૬ અંક : ૧૧

## અનુક્રમ


*કવિતા* : ત્રણ કાવ્યો, નિરંજન ભગત ૬, પમરાટ, નલિન રાવળ ૭, સાત સાઇકલકાવ્યો, પ્રવીણ દરજી ૮, દૃષ્ટિ, દિલીપ જોશી ૧૩, પ્રેમ : પરમ તત્ત્વ, મણિલાલ હ. પટેલ ૧૪, બે ગઝલ, સુધીર પટેલ ૧૫, બારણું બની ગયાની ઘટના પછીનું ગીત, હેમંત ગોહિલ ‘મર્મર’ ૧૬, આજે તારું..., દેવેન્દ્ર દવે ૧૬, ડૂબી ગઈ ટેકરી, રમણીક અગ્રાવત ૧૭

**વાર્તા** : પાણીપત, સુમંત રાવલ ૧૮

**ભારતીય સાહિત્ય** : રૂટ્સ : મોનિકા ગજેન્દ્ર ગડકર, અનુવાદ : દેવયાની દવે ૨૬, બે કાવ્યો : કે. સચ્ચિદાનંદન, અનુ. હસમુખ કે. રાવલ ૪૩

**નાટક** : ચહેરાનાં ચિતરામણ, મૂળ લેખક : પર્સિવલ વાઇલ્ડ, રૂપાંતર : રમેશ શાહ ૪૫

**અભ્યાસ** : ચિનુ મોદીનું ‘‘અશ્વમેધ’’ – સમીક્ષાત્મક અભ્યાસ, ડૉ. ઋષિકેશ રાવલ ૫૯

**સમીક્ષા/ગ્રંથાવલોકન** : સ્મરણ : ભૂલેશ્વરની ભવાનીનું, દધીચિ એ. ઠાકર ૬૯

**પ્રકીર્ણ** : રોબો-કવિ (ભાષા અને ટેકનૉલોજી), રૂપલ મહેતા ૭૫

**અહેવાલ** : અસ્મિતાપર્વ-૧૯, અજય પાઠક ૭૯

**આપણી વાત** : સંકલન : પ્રફુલ્લ રાવલ ૮૨

**પતસેતુ** : ઊર્મિલા ઠાકર ૮૮

**આવરણચિત્ર** : કૃપા માખીજા

**સંદર્ભનોંધ** : પીયૂષ ઠક્કર ૮૯

**આ અંકના લેખકો** : ૯૦

# કવિતા

## ત્રણ કાવ્યો | નિરંજન ભગત

### ૧. હણી નહિ શકો

તમે મારા અસ્તિત્વને હણી નહિ શકો,
ભૂતકાળને ભૂલી તમે સ્વપ્નોની જાળ વણી નહિ શકો.

કાળની ચિરગતિમાં આજની કાલ થતી હોય છે,
સ્મરણોની સ્થિતિમાંથી કાલ ક્યારેય જતી હોય છે ?
મને, તમારા ભૂતકાળને તમે અવગણી નહિ શકો.

આજ પછી તમે જે કૈં મનમાન્યાં ગીત ગાયાં હશે
તેની પરે આજ લગી જે કૈં કર્યું તેની છાયા હશે,
વિસ્મૃતિ ને વંચનાના પાયા પર કશું ચણી નહિ શકો.

### ૨. દ્વિધા

હું મને અનેક વાર પૂછું છું : શું હું તમને ધિક્કારું છું ?
ને તોયે રાતદિન હું તમને મારા હૃદયમાં ધારું છું ?

ક્ષણેક્ષણ હું આ દ્વિધામાં રહું છું,
મૃત્યુ પૂર્વે મૃત્યુની વ્યથા સહું છું;
તમને મારા હૃદયમાંથી દૂર કરવામાં હું હારું છું.

હવે ક્યાંથી કહું : 'તમે દૂર જાઓ !'?
ને જો તમે જાતે જ દૂર ન થાઓ
એથી તો હું તો મરું છું ને સાથે સાથે તમનેય મારું છું.

## ૩. સર્વસ્વ મળી ગયું

મને તમારો પ્રેમ મળ્યો, એમાં તો તમારું સર્વસ્વ મળી ગયું,
હું સદ્ભાગી, જાણું નહિ મારું એવું તે કયું પુણ્ય ફળી ગયું.

મારી પાસે શું ન્હોતું ? ધન હતું, કીર્તિ હતી, ન હતો એક પ્રેમ,
એ પ્રેમ મને મળ્યો, સર્વસ્વ મળ્યું, હવે એ જ મારું યોગક્ષેમ;
એ પ્રેમની પાવક જ્વાળામાં મારું જે કૈં પાપ તે પ્રજ્વળી ગયું.

તમારો પ્રેમ તો મૃત્યુંજયનો મંત્ર, હવે મૃત્યુનો જય નથી,
મૃત્યુ ભલેને ગમે ત્યારે આવે, હવે મને મૃત્યુનો ભય નથી;
એ પ્રેમ તો ચિરંતન, હવે મૃત્યુ પૂર્વે મરવાનું ટળી ગયું.

## પમરાટ | નલિન રાવળ

જ્યમ વરસે ઝરમર તડકો
તેમ
સખીરી ! વરસે તારું રૂપ,
જ્યમ વરસે શ્રાવણ જલની ધાર
તેમ
સખીરી ! વરસે તારો અંતર નેહ,
જ્યમ વનરાઈમાં
કોયલના ટહુકાર
તેમ
સખીરી ! તારા
કંઠ તણા રણકાર,
જ્યમ વરસે ચન્દ્ર નભેથી
તેમ
સખીરી ! દેહ મહીંથી તારા
વરસે
ફૂલની ફોરમનો પમરાટ.

## સાત સાઇકલકાવ્યો | પ્રવીણ દરજી

૧

ત્યારે
એવા કોઈ ચંદ્રને
નિહાળવાનું બન્યું નહોતું
જે
કદમ પર કદમ ભરી રહેલા
પગને આપી જાય કોઈ સમણું
માત્ર ચાલ્યા કરવાનું હતું
રોજ, રોજ એકધાર્યું
વરસાદમાં, ટાઢમાં, તાપમાં
પગનું તળિયું
અને ધરતીના રજકણ
પછી
વાતોએ વળગે
ભંડારોના ભંડારો ખૂલે
સવાર અને સાંજ !
ઈશ્વરે મને એ માટે તો
પસંદ કર્યો હતો !
ન સ્ટાઇલિસ્ટ,
ન સાઇક્લિસ્ટ
વૉક... વૉક...

૨

પણ
આમ જ એક દિવસે
હેમંતનો સૂર્ય
મહેરબાન થયો
પરોઢે સપનાનું પીંછું
ફર્યા કરે આંખો પર
તંદ્રા-નિદ્રાના
સંધિબિન્દુએથી
સસલાંનું એક વૃંદ

આ પારથી આવ્યું
પેલી પાર ચાલ્યું.
ધોળાં ધોળાં સમણાં
ઓશીકા પર આ, તે એવી
છાપો જ છાપો
ત્યાં એક
દ્વિચક્રની છાપ, દ્વિચક્ર ! સાઇકલ !
ઘટનાક્રમ હવે બદલાઈ જવો જોઈએ
મારા
નળિયાંવાળા ઘર ઉપર
તોળાયેલું આકાશ
કોઈ અણજાણ ગીતના
ત્રુટક ત્રુટક શબ્દો ગાતું હતું !
હવાના નૃત્યને
માણી રહ્યો હતો સાઇક્લિસ્ટ
હેમંતનો સૂર્ય
સાચ્ચે જ,
મહેરબાન થયો હતો !

૩

– અને
મથામણ રંગ લાવી
એક દિવસ સાચેસાચ
આવી ગયું
દ્વિચક્ર : સા-ઇ-ક-લ !
હવા અને વૃક્ષોનું
પરસ્પરમાં સંગોપન
નજર પહોંચે ત્યાં સુધી
હરિયાળી જ હરિયાળી
હવે
દ્વિચક્ર અને હું
હું અને દ્વિચક્ર...
દ્વિચક્ર ન સાવ જૂનું
ન સાવ નવું

પણ એનાથી ભૂલી જવાયો અતીત
એણે આપ્યો અનાગતનો વિસ્તાર
હવે રજકણ નહીં
પેડલ અને પગ,
વ્હીલ, સીટ, બ્રેક ને ચેઇન
ટાયર અને ગવર્નર
ગવર્નરની સાથે
હુંય ગવંડર !
કલ્પવૃક્ષનો
અર્થ શોધતાં શોધતાં
બધા રસ્તા સુગંધિત થઈ ગયા
આખી સીમ ટહુકી ઊઠી
મથામણ રંગ લાવી...

૪

હવે
ટ્રીન... ટ્રીન ટ્રી...ઈ...ઈનની
રણક્યા કરતી ઘંટડી
પેડલ અને પગની જુગલબંધી
ગતિ અને ગાન
દોડતા રસ્તા
દોડતાં વૃક્ષો
દોડતાં દશ્યો
ને
ક્યાંક રડ્યોખડ્યો માણસ
ઢાળ અને ચઢાવ
માટી અને ઢેફાં
ગવર્નર ખોળી લે એનો માર્ગ
તરસી આંખો
ક્યાંક નૃત્ય કરી લે
ક્યાંક મોજું બની ઊછળી રહે
શાળા અને ઘર
ઘર અને શાળા વચ્ચે
પૂરા ૧૦ x ૨ કિલોમીટરનો

એક સેતુ બની રહી આ સાઇકલ
સવારે
સૂર્યકિરણોની ભાષા ઉકેલવાની
અને
સાંજે
પથરાતી જતી સંધ્યા વચ્ચે
વૃક્ષો, ટેકરીઓના પડછાયાનું રહસ્ય પામવાનું
મસ્તક ઉપર
ભૂરા આકાશનું કદીક કદીક મૌન
ઘંટડી વાગે, પેડલની ગતિ વધે
ટ્રીન... ટ્રીન... ટ્રી...ઈ...ઈન...

૫

પછી તો
સાઇકલ અને હું
હું અને સાઇકલ
નિરંતરની એક સંવાદલીલા
સ્વપ્નોના આગળા ખૂલી જાય
આમ કરીશું અને તેમ કરીશું
કોઈ આગળના ભાગે બેસશે
અને હું
મંદ સ્વરે વાતો કરતો હોઈશ
અક્રમે, ઋજુ-મધુર વાતો...
આખ્યાયિકાઓ અને કાવ્યો
રચાય-ભૂંસાય...
રથ-મનોરથ ચાલ્યા કરે
દ્વિચક્રના આરા ઉપર-નીચે
નીચે-ઉપર
પેડલ ક્યારેક શીઘ્ર ગતિએ
ક્યારેક સાવ મંદ્ર ગતિએ
અજાણતાં જ હોંકારો ભણી રહે
ચક્ર અને ઘટનાચક્ર
રસ્તાઓ ચાલે, દોડે, થોભે
ક્યારેક એય

ભળી રહે રચાતી આખ્યાયિકાઓમાં
હું અને સાઇકલ
નટની જેમ
ક્યારેક સ્થિર થઈ જઈએ
અને પછી
અજાણ્યા ઉંબરાને
અતિક્રમી રહેવા
તૈયાર, તૈયાર !

૬

હવે
સાઇકલ સાઇકલ મટીને
મેટાફર થઈ ગઈ છે
રવિવાર એટલે
પળે પળ એની ખિદમત
પ્રથમ શીર્ષાસન
પછી અંગવિચ્છેદન
અને એકીકરણ
અંતે તેનું નવીનીકરણ
અને મૂળ આસને તેની પ્રતિષ્ઠા
યુદ્ધ પૂર્વે જ વિજય –
એવું તેનું
મેટામૉર્ફોસિસ થઈ જતું
એ મને
અને હું એને
પ્રશંસી રહીએ
પરસ્પર અનુભવી રહીએ
અશ્વમેધની દોડનો રોમાંચ
અમારી સાથે
સોમવારનું આકાશ
અને ધરા
બધું વિસ્મયસભર !
વળી નવેસરથી
ગતિના ઉપનિષદનો આરંભ !

૭

હવે
એ સાઇકલ નથી
હું છું, છતાં હું પણ નથી !
નિષ્કર્ષ વિનાનું વેદાન્ત વિસ્તરે છે...
હા, હું દોડું છું – ફોરવ્હીલર, ફ્લાઇટ કે ટ્રેનમાં
આવન-જાવન તો રહે છે
પણ બધી વેળા
જે નથી તેની જ ઉપસ્થિતિ અનુભવું છું
શું મેટાફર
ક્યારેક આમ
મિથ થઈ જતું હશે ?

## દૃષ્ટિ | દિલીપ જોશી

અલખધણીની ઓથે ઓથે ચાલ્યા તે ચતુરાઈ રે.....
પળની આવન-જાવન વચ્ચે અડાબીડ અખિલાઈ રે.....

એક જ સાદે એક જ હાંકે
નીંદર જાગી જાતી રે,
ઘારણ ઘેલી અઢળક આરે
પૂતળિયું કંતાતી રે.....

વેળાના વરતારા જોઈ જીભલડી કચરાઈ રે.....

શબદ પિયાલે સત સંભારણ
ખાના ફાકા-મસ્તી રે.....
ચલમ ચેતવી ભડભડ ફૂંકી
આઘે આખી વસ્તી રે.....

ગહવરમાં ગુંજારા દેતી આલમની અમીરાઈ રે.....

કાળ-કરાલે ધૂણે-ધૂણે
નક્ષત્રો નજરાતા રે,
ઈડા-પીડાના અર્થો આખર
ઊંડેથી પડઘાતા રે...

તણખે તણખે તગતગતી ગઈ કર્મોની કઠણાઈ રે.....

## પ્રેમ : પરમ તત્ત્વ | મણિલાલ હ. પટેલ

આંબે મંજરી આવે એમ
તું આવે છે પાતાળો વીંધીને
આકાશ તારી આંખોમાં
કૂંપળે કૂંપળે લીલાશ
પવનમાં ભીનાશ...
છલછલતી ઋતુઓ તું
રગ રગને રમાડતી મહેક
રોમે રોમે તું ઊઘડે તડકો થૈને
હવાઓ રમણે ચઢે
કાંટાળા થોરને
વેલ વીંટળાઈ વળે
તીતીઘોડા જોડું બનાવે
ઊંડે ધરબાયેલી ગાંઠને
પાછો ફૂટે અંકુર...

ખેડેલા ખેતરની
કંસાર જેવી માટીમાં
પિયતનાં પાણી પ્રવેશે
એમ તું પ્રવેશે છે
કણ કણમાં ક્ષણ ક્ષણમાં
રોમે રોમ રતાશ પ્રગટે
હવે ચાસે ચાસે લહેર ઊઠશે
તું મૉલ થઈને
લચી પડશે ખેતરે ખેતરે
બધામાં
બધે જ...

# બે ગઝલ | સુધીર પટેલ

## ૧. મન-ગઝલ

મન છે તો મનને મનાવી પણ શકો,
સાથમાં 'સેલ્ફી' પડાવી પણ શકો !

કોઈ ક્યાં પામી શક્યું છે મન હજી ?
નામ એનું તો વટાવી પણ શકો !

આપણામાં એ રહે મનમોજી થઈ,
મરજી મુજબ ના ચલાવી પણ શકો !

મન મળે જો કોઈનું એક વાર પણ,
આવરણ સઘળાં હટાવી પણ શકો !

વ્યાપ્ત છે મન દશ દિશાઓ સમ 'સુધીર',
હાથ મૂકી ના બતાવી પણ શકો !

## ૨. ફરિશ્તાની જેમ...

હૈયું કરો હળવું પ્રથમ પીંછાની જેમ,
ઊડી તમે શકશો કોઈ ફરિશ્તાની જેમ !

કરજો તરસનું તપ સખત ઘેરાઈને,
પડશો મૂશળધારે પછી મેઘાની જેમ !

ઘટ ઘટ બદલતા અર્થ જેવા આપણે,
ચર્ચો નહીં કાયમ મને મુદ્દાની જેમ !

સચ્ચાઈ છે બસ એટલી દુનિયા વિશે,
પથ્થર વચાળે જીવવું શીશાની જેમ !

પામું તને, ખોઉં તને, પળ પળ 'સુધીર',
હમણાં હતી, હમણાં નથી, ઇચ્છાની જેમ !

## બારણું બની ગયાની ઘટના પછીનું ગીત | હેમંત ગોહિલ 'મર્મર'

...બાઈ, મારે સમજાવવું કેમ કરી ઝાડને ?
ફૂટે નહીં ડાળખી, ફૂટે નહીં પાંદડાં કે ફૂટે નહીં કૂંપળ કમાડને...

ઘેઘૂર લીલાશ કરે જૌહર સાગમટે
ડૂબે આક્રંદ સૂકી છાલમાં,
પંખી ઊડે ને ઝાડ કાષ્ઠ બની જાય
એવી ઘટનાનાં મૂળ હોય વ્હાલમાં.

વ્હેરાવી જાત તોય બોલ્યા નહીં વેણ પણ વેઠી વેઠાય ના તિરાડને...

ઢોળાતા છાંયડાને વળગ્યો વળગાડ એવો
પાન જેમ ખેરવે છે ભાનને;
દિલાસો કેમ કરી ડાળખીને આપીએ કે –
વેઠી લે થોડું વેરાનને.

વરણાગી વ્હાલ લઈ હાલી જ્યાં લ્હેરખી તો રોકવાના કોડ જાગ્યા વાડને...

## આજે તારું... | દેવેન્દ્ર દવે

(મંદાક્રાન્તા)

શીખ્યો પા... પા પગલી ભરતાં ઝાલતાં તર્જનીને
ધીમે ધીમે ડગમગ પડે - ઊપડે પાય તારા,
વચ્ચે વચ્ચે ક્વચિત લથડી ચૂકતો ચાલવું તું
સંભાળી લૌં તદપિ ગબડી તું જતો ભોંય ભેગો !
થોડું વાગે, વધુ ચચરતું – થાય બેઠો ફરીથી.
એ, ઉત્સાહી તવ ચરણને સીંચતો સ્નેહવારિ
ચાલે કેવો પુનરપિ – રહું પાડતો તાળી હોંશે !
શીખ્યો મેળે ઘરથી ફળિયે ચાલતાં શેરીઓમાં...

આજે મારાં શિથિલ ચરણો ભૂમિ પે માંડ માંડ
મૂકું ભોળી શિશુ-વય થતી પ્રાપ્ત જાણે ફરીને !
ખંડે જ્યારે પગ અડવડે... દોડતો તું સફાળો –
''પપ્પા ! ધીરે...'' મૃદુ વચનથી હાથ-ટેકો મન દે...
યાદા'વે : હું તુજ શિશુવયે રાખતો પ્રેમ-ધૈર્ય,
આજે તારું કર પકડવું – અર્પતું સૌમ્ય-સ્થૈર્ય !!

## ડૂબી ગઈ ટેકરી | રમણીક અગ્રાવત

ધારો રે ધાજો રે ધાજો રે ધાજો કોઈ
ઝાકળમાં ડૂબી ગઈ ટેકરી
ક્યાં ગઈ ક્યાં ગઈ ક્યાં ગઈ વા'લામૂઈ
હમણાં તો ઊભી'તી એકલી...

તૂટ્યો કેડેથી પગદંડીકંદોરો
ઊડ્યો પાલવ ને ભેરવાયો ઝાંખરે
ના ચકલાં કે લેલાં કે કાબર હલેચલે
પવન ભાંગી પડ્યો કે ખાય પોરો
ખોળો રે ખોળો રે ખોળો રે ખોળો ક્યાં ગઈ વેખલી[૧]...

લાલપીળાંલીલાં બોર ઝગમગતાં ઝુંડમાં
થોડાં દેખાતાં ઝાઝાં સંતાતાં આડમાં
સસલાં ભરાયાં બધાં થોરિયાની વાડમાં
ઉતાવળે આંખ તું આ ટેકરીને ખૂંદ મા
મળી ગઈ, મળી ગઈ, મળી ગઈ
સ્હેજ અંદર ગરકી ગયેલી ટેકરી...

---

૧. વેખલી : વાત વાતમાં ખડખડ હસી પડે તેવી.

18

---

## સાભાર સ્વીકાર

### નવલિકા

(૨૯) નીચે નહીં ધરતી ઉપર નહીં આકાશ : બહાદુરભાઈ જ વાંક, ૨૦૧૪, લટૂર પ્રકાશન, ભાવનગર, પૃ. ૮+૧૩૬, રૂ. ૧૫૦ (૩૦) જનનીની જોડ સખિ : રણછોડભાઈ પોંકિયા, ૨૦૧૦, લેખક પોતે : પોંકિયા શેરી, મજેવડી, જૂનાગઢ, પૃ. ૧૪૮, રૂ. ૧૦૦ (૩૧) મન પંખીનો માળો : રણછોડભાઈ પોંકીયા, ૨૦૧૪, લેખક પોતે, પોંકીયા શેરી, મજેવડી, જૂનાગઢ, પૃ. ૧૫૧, રૂ. ૧૭૫ (૩૨) વગડાનાં ફૂલ : રણછોડભાઈ પોંકીયા, બીજી, ૨૦૦૭, લેખક પોતે : પોંકીયા શેરી, મજેવડી, જૂનાગઢ, પૃ. ૧૭+૨૯૬, રૂ. ૨૦૦ (૩૩) દીકરી વ્યોમની વાદળી રે : રણછોડભાઈ પોંકીયા, ૨૦૦૯, લેખક પોતે : પોંકીયા શેરી, મજેવડી, જૂનાગઢ, પૃ. ૬+૧૮૫, રૂ. ૧૨૫

## વાર્તા

# પાણીપત

■ સુમંત રાવલ ■

[ગતાંકથી શરૂ]

હરતાં-ફરતાં કે જમતાં અચાનક મોબાઇલનો રિંગટોન રાગોડી ઊઠે. સુન સુન સુન ઓ બેવફા..... હું બેવફા નથી એ સિદ્ધ કરવા લીલા રંગનું બટન દાબું એટલે તરત સામેથી સવાલ સંભળાય – ''પ્રેમજીભાઈ પ્લમ્બર બોલો છો ?'' ''હા....'' હું એટલું કહું ત્યાં ફરિયાદ શરૂ થઈ જાય ''ઘરમાં બે નળ છે, ઉપર ટાંકી ભરેલી છે. નળમાં લીકેજ છે.'' અથવા તો ''પાણીની પાઇપલાઇન ફાટી ગઈ છે. દીવાલમાં ભેજ થાય છે.'' અથવા તો ''ગીઝર ફિટ કરવાનું છે....'' અથવા ''બાથરૂમમાં ટબ અને હૅન્ડશાવર ફિટ કરવાનું છે....'' કામ કરનાર એક, પણ ફરિયાદો અનેક. છતાં હું ઠંડા કલેજે સાંભળતો જાઉં..... ખીસા-ડાયરીમાં ફરિયાદ નોંધી લઉં પછી હું સવાલ કરું.... ''સાહેબ અથવા મૅડમ.... પ્લીઝ તમારું નામ-સરનામું અને કૉન્ટેક્ટ નંબર લખાવો....'' એ બધું લખી લઉં એટલે સામેવાળા અચૂક પૂછે - ''ક્યારે આવો છો ?'' ''સાંજ સુધીમાં....'' હું જવાબ આપું.

''એમ નહિ, ફિક્સ ટાઇમ આપો એટલે તમે આવો ત્યારે હું ઘરે રહું..''

''તમારી હાજરીની જરૂર નથી, હું લખાવું એટલી સામગ્રી મંગાવી રાખો......''

''મારે હાજર રહેવું જરૂરી છે. પ્રેમજીભાઈ.....પછી પાછળથી પ્રૉબ્લેમ થાય છે....''

''ભલે તો હું આવતાં પહેલાં ફોન કરીશ......''

''ફોન એક કલાક વહેલા કરજો જેથી હું બહાર હોઉં તો ઘેર પહોંચી શકું,''

''હા, કલાક પહેલાં જાણ કરીશ....''

''તોય સામેવાળાની લપ ચાલુ જ રહે.''

''આ વિસ્તાર જોયો છે ને ?''

''હા, યાર હા,.... છેલ્લાં પાંચ વરસથી આ શહેરમાં છું. એટલે આખા શહેરનો નકશો યાદ રહી ગયો છે. શહેરની મોટા ભાગની સોસાયટીમાં મારું જ નળફિટિંગ થયેલું છે. ''

‘‘એટલે તો તમને ફોન કર્યો. અમારા બિલ્ડર્સના રઘુભાઈ ગમારાને ઓળખો ને ?’’

‘‘વાત આગળ વધતી અટકાવવા હું જવાબ આપું, ‘‘સારી રીતે.’’

‘‘એ રઘુભાઈ મારાએ તમારો નંબર આપ્યો.... કહ્યું કે માણસ ભરોસાપાત્ર છે.... નાછૂટકે મારે લાલ બટન દાબી અકારણ લંબાતી વાત અટકાવવાની ફરજ પડે.

‘‘જ્યારથી મેં મારા નામની અને કામની છાપામાં જાહેરાત સાથે મારો મોબાઇલ નંબર પણ છપાવ્યો છે ત્યારથી મારી મુસીબત વધતી ગઈ છે. પણ એ સાથે આવક પણ વધતી ગઈ છે તેનો સંતોષ છે. શહેર સગર્ભા સ્ત્રીના શરીર જેમ વધતું જાય છે, માત્ર પ્રસવ થતો નથી...આ વધતા જતા શહેરમાં મિસ્ત્રી અને પ્લમ્બરને ‘બખ્ખાં’ છે....

મેટ્રિક ફેલ થયો ત્યારે બાપે બીડીનો આખરી કસ ખેંચી સળગતું ટોપકું ફર્શ પર દાબીને ઠારતાં કહ્યું હતું, ‘‘હવે તારું ભાવિ આ બીડીની જેમ હોલવાઈ ગયું.’’

‘‘નહિ હોલવાય.....હોલવાશે તો હું ઊંડા કશ લઈને ફરીથી સળગાવીશ.....’’

‘‘કેવી રીતે ?’’

‘‘રાણપુરમાં ટેક્નિકલ સ્કૂલ ખૂલી છે, ત્યાં આઈટીઆઈના કોર્સ થાય છે....હું ત્યાં દાખલ થઈ પ્લમ્બરનો કોર્સ કરીશ....’’

‘‘એટલે તું મજૂરી કરશે ? ’’

‘‘મજૂર નહીં, મિકેનિક બનીશ.’’

‘‘હાશ... તેં તારો રસ્તો ગોતી લીધો, એટલે મને ટાઢક વળી. નહીંતર મારી જેમ મજૂરી કરીને શરીર તોડી નાખીશ તો બે પાંદડે નહીં થઈ શકે....’’

આઈટીઆઈનો કોર્સ કર્યો, અને પ્લમ્બરના ધંધે લાગ્યો, ત્યારે બે પાંદડે થવાને બદલે બે માથાળો થઈ ગયો. એક મારું માથું અને બીજું મારી ઘરવાળીનું માથું. બેય માથાં રાત પડે એટલે પથારીમાં એક થઈ જતાં હતાં. તેનું નામ રમા હતું, પણ હું વહાલથી તેને ‘રમલી’ કહીને બોલાવતો, ત્યારે ખુશ થઈ જતી. તેનો ખીલને કારણે સુકાઈ ગયેલા ડાઘાવાળો ચહેરો મને બહુ ગમતો.... પાતળા નેણવાળી આંખો ફાડી-ફાડીને તે રાત્રે વાતો કરતી ત્યારે મારો દિવસભરનો થાક ઓગળી જતો. લગ્ન થયાં એટલે રમલીને સુખી કરવા હું શહેરમાં રહેવા ગયો, ત્યાં સર્ટિફિકેટના આધારે બૅંક દ્વારા લોન લીધી અને પ્લમ્બરના કામની સામગ્રીઓ ખરીદી લીધી. રમલીને એક પછી એક સાધન બતાવતો ગયો. અને રેક્ઝિનના થેલામાં ભરતો ગયો.... ફિક્સ પાનાંનો સેટ, આંટા પાડવાની ડાઈ, વાંદરી પાનાં, ઢાંકણાં, હથોડા, કટરમશીન, કાણાં પાડવા માટે ડ્રિલિંગ, જુદા જુદા વ્યાસના માપના પાઇપના ટુકડાઓ, સોલ્યુશનની ડબી, સેલો

ટેપ, મેજર ટેપ, એલ્બો, વાઇસર, સ્પિન્ડલ વગેરે રમલી નેણ ઊંચા કરીને જોતી રહી...

શહેરના મફતિયાપરામાં એક સાંકડી ઓરડી ભાડેથી મળી ગઈ અને અમારો ગૃહસંસાર શરૂ થઈ ગયો. રમલીનો બાપ કડિયાકામ કરતો હતો, તેમણે પોતાનું મોટરસાઇકલ મને દાયજામાં આપી દીધું. ‘‘શહેરમાં કામે જવા વાહનની જરૂર પડશે...’’ તેમણે કહ્યું. મફતિયાપરામાં બહાર મોટરસાઇકલ રાખવામાં જોખમ હતું એટલે ઓરડીમાં મૂકવું પડતું. ત્યારે ઓરડી બહુ સાંકડી બની જતી હતી. છત પર પંખો, દીવાલ પર ટ્યૂબલાઇટ અને ત્યાં અમારો ‘કપલ ફોટો.’ ગૅસનો બાટલો અને ચૂલો, થોડાં વાસણકુસણ...રમલી પોતાની સાથે લાવેલો પતરાનો ટ્રંક, જે પલંગની નીચે પડ્યો રહેતો અને તેની માએ દાગીના મૂકવા આપેલો લોખંડનો કબાટ જેના પર જડેલા અરીસાના કાચને લીધે રમલી સોળે શણગાર સજી શકતી હતી. ખૂણામાં ચોકડી હતી, જ્યા મેં ન્હાવા માટે અને વાસણ-કપડાં ધોવા એક નળ મૂકી આપ્યો હતો, જેનું કનેક્શન નગરપાલિકાના વૉટરકનેક્શન પાઇપ સાથે થઈ ગયું હતું. બહાર એક ફ્લશટાઇપ જાજરૂ હતું, જેના પર મકાનમાલિકની સૂચના મુજબ તાળું મારવું પડતું હતું.

સવારમાં રમલી મારા પહેલાં ઊઠી જાય અને બહાર જાજરૂની મુલાકાત લે, જાજરૂનું તાળું ખોલવાના અવાજથી મારી આંખો ઊઘડી જાય, પડખાં ફરું ત્યાં એ અંદર દાખલ થાય, અરીસા સામે ઊભી રહી માથાના વાળ બાંધે, પછી ચૂલા પર ચા મૂકે, ત્યાં હું બેઠો થાઉં. બ્રશ કરું ત્યાં ચા તૈયાર. ચા પીઉં ત્યાં રમલીનો રોજનો પ્રશ્ન : ‘‘ટિફિન બનાવી દઉં કે બપોરે જમવા આવશો ? ટાઢું ખાઈને શરીર લેવાતું જાય છે....’’ અને તું જાડી થતી જાય છે. હું મજાક કરું.... પ્રાતઃ વિધિ આટોપી હું ચોકડીમાં સ્નાન પતાવું. પછી ખૂંટીએ લટકતો રેક્ઝિનનો થેલો મોટરસાઇકલના કેરિયરમાં ભેરવી હૅન્ડલ પકડીને લગભગ ઢસડતો મોટરસાઇકલને ઓરડી બહાર કાઢું અને કિક મારું ત્યાં રમલી બારણામાં આવી જાય, મારી તરફ હાથ હલાવે અને હું તેની તરફ હાથ હલાવું ત્યાં સામા ઓટે ઊભેલી બાલિકાઓ એકબીજાને તાળીઓ દઈ ખીખી કરતી હસી પડે, હું પણ તેમના સામું જોઈ મોં મલકાવું અને મોટરસાઇકલ મારી મૂકું.

ઉનાળો બેસતાં, કામ વધી ગયું. કામ પરથી તડકામાં ઘેર પાછા ફરવું... ટાઇમ વેસ્ટ કરવા જેવું હતું. સવારમાં જ ટિફિન સાથે નીકળી જતો. માથા પર તડકાથી બચવા સફેદ ટોપી અને આંખો પર વાદળી કાચવાળાં ચશ્માં... દાઢી કરવા જેટલોય સમય નહોતો. પરિણામે ગાલ પર કાળા કાળા કાંટાઓ ઊગી નીકળ્યા હતા. મિલન સોસાયટીના તેર નંબરના બ્લૉકનાં એક મહિલાએ એટલી બધી ફરિયાદ લખાવી કે મારા હોશ ઊડી ગયા. સાંજ સુધીનું કામ લખાવી દીધું : ‘‘કિચનમાં ઍક્વાગાર્ડ અને

બાથરૂમમાં ફુવારાનું ફિટિંગ, બગીચામાં લીકેજ થતી પાઇપલાઇન બદલવી.'' શહેરથી મિલન સોસાયટીનું અંતર ખાસ્સું દૂર હતું. દસ વાગે ત્યાં પહોંચી ગયો અને કૉલબેલની સ્વિચ દાબી, જ્યાં અંદરથી પડઘાતો એક મહિલાનો અવાજ સંભળાયો, 'કોણ ?'

'પ્લમ્બર !'

તે શ્વાસભેર દોડતી આવી. બારણું ખૂલ્યું અને હું તેને જોતો જ રહી ગયો... 'સુધા તું ?'

'પ્રેમજી તું ?' તેણે આશ્ચર્ય વ્યક્ત કરતાં સામે પૂછ્યું.

'ગજબ કહેવાય... આ મિલન સોસાયટીમાં આપણું અચાનક મિલન થઈ ગયું !' તેનાં સેંથામાં પુરાયેલા સિંદૂર સામે જોતાં મેં કહ્યું.

'પાંચ વરસે મળ્યાં...' તેણે આંખો પટપટાવી. હું જોઈ રહ્યો – લંબગોળ ફૂલની કળી જેવો કોમળ ચહેરો, માથા પર વાંકડિયા વાળ અને ડાબા ગાલે કાળો તલ. અમે એકમેકને તાકતાં ઊભાં હતાં અને અમારી વચ્ચેથી ઊના પવનની એક લહેર નિસાસો નાખતી પસાર થઈ ગઈ....

પાંચેક હજારની વસ્તીવાળું રાજપર. પાદરમાં રેત ઉડાડતી નદી. સુકાઈને તિરાડ મારી ગયેલા તળિયાવાળું એક તળાવ. પાળની આજુબાજુ ઊગી નીકળેલા બાવળિયા અને કાંટાળા થોર. ગામની ચોકી કરતી હોય તેમ માથું કાઢીને ઊભેલી પાણીની ખાલી ટાંકી. ખાલી હવાડો. સૂકું ઘાસ. સૂકા પોદળા અને મરેલા ઢોરાનાં હાડપિંજરો. હાડકઊં મોંમાં પકડીને ઝૂટાઝૂટ કરતા કૂતરાઓ.

'આ દકાળે તો ગામને વીંખી નાખ્યું. ચોરે બેઠેલા ડોહલાઓમાંથી એક ડોહલાએ બોખું મોં ફાડતાં કહ્યું.

'ન્હાવાનું તો ઘેર ગયું, પણ પીવાનું પવાલું પાણીય મળતું નથી.'

'તાલુકેથી પાણીનું ટૅન્કર આવે ત્યારે રીતસરનું બેડાયુદ્ધ થાય છે...'

'ઓલી ગવરીનું માથું ફૂટ્યું..'

'મધડીનો ટાંગો ભાંગ્યો...'

ત્યાં એક જુવાન સાઇકલ દોરતો નીકળ્યો. સાઇકલની પાછળ પાણીનું પીપ બાંધ્યું હતું. અને પંક્ચર થઈ ગયેલી સાઇકલને પરાણે ખેંચતો હતો.

'તમારે કંઈ ખરું ?' જુવાન ચિડાઈ ગયો. 'ચૉરે બેસીને કાખલી કૂટવી છે... આ સાઇકલ ખેંચી ખેંચી અમારા હાથ રઈ જાય છે. એક ગાઉના ફેરે પાણી મળે છે... આ તો પાણીપત ચાલે છે....પાણીપત !'

'કે' છે કે સુખલાલ શેઠે એની ઑઇલ મિલમાં બોર કરાવ્યો છે, ટોપરા જેવું પાણી નીકળ્યું છે....

''પણ ભરવા ક્યાં દે છે ? માણહ પાણીની પરબ બાંધે છે. અને આ સુખલાલ પીવા માટે પવાલું પાણી દેતો નથી....'' વાત વાતમાં સાંજ પડી જતી. અંધારું જામી જતું એટલે રામજી મંદિરનો પૂજારી આરતી શરૂ કરતો.... નગારું, ઝાલર અને શંખનાદનો અવાજ પાદરમાં ઊભેલાને એવો સંભળાતો કે જાણે રાજપર ગામ હૈયાફાટ રુદન કરતું હોય !

સારા વાનામાં સાવરણી જેવું ગામમાં માત્ર એક પાકા ચણતરવાળું મકાન હતું, જેને ગામલોકો હાઈસ્કૂલ કહેતાં હતાં. મોટા ભાગે ત્યાં છોકરાઓ ભણવા જતા હતા. સમ ખાવા પૂરતી ત્રણ છોકરીઓ આવતી... જશવંતી, શારદા અને સુધા... અને તેમાં સુધા સૌથી સુખી પરિવારની હતી. તેના બાપ સુખલાલ શેઠને ઑઇલ મિલ હતી.... સુધા પોતાની સાથે પીવાના પાણી ભરેલી વૉટરબૅગ રાખતી. એ જોઈને પ્રેમજીની તરસ જાગી જતી, તે પૂછતી, 'લ્યા પેમા પાણી પીવું છે....?' 'તું પિવરાવે તો પીઉં....' 'માર ખાવો છે ? તું મારે તો માર પણ ખાઉં...' તે હસી પડતી, ત્યારે પ્રેમજીની ઉંમર વીસ વરસની અને સુધા અઢાર વરસની. 'તારા બાપે તો મિલમાં બોર કરાવ્યો છે.' તે કહેતો. 'હા, તે ગામ માટે નથી. મિલમાં કામે આવનારા માટે છે. બહારગામથી જે માંડવીનાં ગાડાં ભરીને ખેડૂતો આવે છે ને એ બધા એ બોરનું પાણી પીએ છે.....' 'બહારગામના પી જાય અને ગામના તરસ્યા મરે ઈ ક્યાંનો ન્યાય ? પેમાએ કહ્યું, 'મારે એક ગાઉ છેટે પીવાના પાણી માટે સાઇકલ લઈને વાડીયુંમાં ભટકવું પડે છે.... ત્યારે પીવા જેટલું પાણી માંડ મળે છે....'

'ન્હાવાનું શું કરે છે..... ?'

'અઠવાડિયાથી ન્હાયો નથી....'

'આઘો ખસ્સ, તારું શરીર ગંધાય છે.....' સુધા નાક દાબતાં કહેતી....

પેમો રોજ સવારે જૂન મહિનાના આકરા તાપમાં ઠોઠી સાઇકલ લઈને નીકળી જતો, ખૂબ રઝળપાટ પછી બે કલાકે ભરેલું પીપ લઈને પાછો ફરતો ત્યારે પરસેવાથી નીતરતો હતો. પરસેવાથી તેનું ટી શર્ટ પણ પલળી જતું. સુધા જોઈ જતી અને હસતી, ''લ્યા તેં તો વગર પાણીએ ન્હાઈ લીધું !'

'ઘરમાં પાંચ જણ છીએ. પીવાનું પાણી તો જોઈએ ને !'કહેતો પેમો ઘરમાં ઘૂસી જતો અને પછી તરત સ્કૂલ-યુનિફૉર્મ પહેરીને નીકળતો. મેટ્રિકની પરીક્ષા નજીક હતી. ખૂબ મહેનત કરી, છતાં ફેઇલ થયો અને સુધા પાસ થઈ ગઈ. સુધા તેને પેંડા આપી ગઈ. જે માંડ માંડ પેમાના ગળે ઊતર્યા. ઉછીના-પાછીના પૈસા લઈ તે રાણપુરની ટેક્નિકલ સ્કૂલમાં દાખલ થયો. આઈટીઆઈની ડિગ્રી લીધી અને રમા સાથે પરણી ગયો. શહેરમાં ગયો અને પ્લમ્બર બની ગયો....

'કેટલાં વરસે મળ્યાં ?' સુધાએ પૂછ્યું, ત્યારે જવાબ આપવાને બદલે તેણે માથા પર ટપલી મારી... સુધા હસી પડી.

'કેમ ટપલી મારી ?'

'આ મગજે મને બધું યાદ કરાવી દીધું.' તે પણ હસ્યો. આંખો પરથી તડકાનાં ચશ્માં ઉતાર્યાં.

'ચાલ બોલ મારે શી સેવા કરવાની છે ?'

'સેવા ?'

'હા, સેવા મારા ગામની; અને મારી સાથે ભણી ગયેલી છોકરી માટે મારે સેવા જ કરવાની હોય.'

'કિચનમાં ઍકવાગાર્ડ ફિટ કરવાનું છે....' જરા સંકોચના ભાવ મોં પર લાવતાં સુધાએ કહ્યું અને આગ્રહ કર્યો...

'લે હું ચા બનાવું...'

'ચા મેં છોડી દીધી છે....'

'બહુ કહેવાય... મજૂરી કરનારને તો કલાકે કલાકે ચા જોઈએ. બીડા ફૂંકવા જોઈએ.....'

'હું મજૂર નથી....' મેં જરા મોં બગાડ્યું.

'ઓ.... ભૂલી ગઈ... તું તો પ્લમ્બર છે......'

ઉપરની ટાંકી સાથે પાઇપ દ્વારા ઍકવાગાર્ડને કનેક્શન આપી દીધું. હું કામ કરતો હતો અને સુધા બંને હાથ બંને કમરે ટેકવીને કામનું નિરીક્ષણ કરતી હતી. કલાક નીકળી ગયો, ત્યાં સુધાને યાદ આવ્યું, પેમા અહીં જમી લેજે.... હમણાં જ હું કૂકર ચૂલા પર મૂકી દઉં....'

'હું મારું ટિફિન જ ખાઉં છું....' મેં બહુ રુક્ષ અવાજે કહ્યું. ત્યારે તેનું ધ્યાન મારી ટિફિનવાળી થેલી તરફ ગયું.

'ઓ, તો ભાઈસાહેબને ઘરવાળીના હાથનું જ ભોજન ભાવે છે !'

મેં ફિલ્ટર થઈને ગોળામાં પડતા પાણીનો નળ ખોલ્યો. ખળ ખળ અવાજ સાથે ખાલી ગોળો છલકાઈ ગયો.

પહેલાં આ શુદ્ધ પાણી તને પિવડાવું અને એ રીતે ઉદ્‌ઘાટન કરું....' કહેતાં સુધા ચકલી ખોલી ગ્લાસ ભરવા લાગી....

'સૉરી.... હું પીવાના પાણીની બૉટલ પણ સાથે જ રાખું છું...'

'ભારે વટવાળો !' સુધાનું મોં ચડી ગયું, ડાબા ગાલ પરનો તલ જરા વધુ કાળો થઈ ગયો.

'હવે બીજું કામ બોલ !'

'બહાર બગીચો સુકાય છે...'

બહાર કંપાઉન્ડમાં સીધી લીટીમાં ફૂલોના ક્યારાઓ હતા, ફૂલો લગભગ સુકાઈ ગયાં હતાં, ત્યાં નળનો પૉઇન્ટ મૂકી, તેમાં નોજર ભેરવીને છોડવાને પાણી પાઈ શકાય તેવી વ્યવસ્થા કરી આપી. પછી નળ ચાલુ કરી નોજર દ્વારા એક પછી એક ક્યારીઓમાં પાણી ભરવાનું મેં શરૂ કર્યું ત્યારે સાચોસાચ તેની આંખોમાં આખો બગીચો ઊગી નીકળ્યો...

'આટલું કામ તો મારો ઘરવાળોય કરતો નથી...' તેના મોંમાંથી પાણીના ફોર્સની જેમ એક વાક્ય નીકળી ગયું. ક્યારીઓ છલકાઈ ગઈ અને પાણી ધીમે ધીમે શોષાવા લાગ્યું.... અને ડાળખીમાં જીવ આવ્યો. કળીમાં સુવાસ પ્રગટી અને એક પતંગિયું પાંખો ફફડાવતું આવી ચડ્યું.

'હવે ત્રીજું કામ ?' મેં પૂછ્યું

'બાથરૂમનું'... તે સહેજ સંકોચાણી.

'બાથરૂમ તો સ્ત્રીની પોતાની અંગત માલિકીનો રૂમ છે.' મેં કહ્યું. એટલે તેણે મારી સામે મુક્કી ઉગામી. નકલી ગુસ્સો પ્રગટ કર્યો.

'બાથરૂમમાં મારે ફુવારો ફિટ કરવાનો છે.' તેણે સ્ટીલનો ફુવારો મારા હાથમાં મૂકતાં કહ્યું, 'શિરીષની પસંદગી છે.'

'સરસ છે....' મેં ફેરવી ફેરવીને ફુવારાને જોતાં કહ્યું. બાથરૂમમાં કન્સીલ ફિટિંગ કરવાનું હતું., ઉપરની ટાંકીના પૉઇન્ટ સાથે પીવીસીનો પાઇપ જૉઇન્ટ કરવાનો હતો. બહુ સાચવીને ડ્રિલિંગ કરીને આરસપહાણની દીવાલને સીધી લીટીમાં તોડવી પડી. પછી પાઇપ ગોઠવી, સ્પિન્ડલ ગોઠવ્યું. અને સફેદ સિમેન્ટ છાંદવી પડી.... સખત મજૂરીનું કામ કરતાં શરીરે પરસેવો છૂટી ગયો. પાઇપમાં છિદ્ર પાડીને સ્પિન્ડલ ગોઠવ્યું હતું જેને આગળપાછળ ઘુમાવતાં ફુવારાની ધોધની ગતિ ધીમી-વધુ થઈ શકે ... મેં ખાતરી કરવા સ્પિન્ડલ ઘુમાવ્યું અને ફુવારો વરસી પડ્યો. સુધા નીચે ઊભી હતી તેના માથાના વાળમાં જાણે મોતી ભરાઈ ગયાં.

'તેં તો મને પલાળી મૂકી !'

કામ પૂરું થયું ત્યારે સાંજના ચાર વાગી ગયા હતા. મેં સામાન સંકેલીને થેલામાં ભર્યો, ભરેલા ટિફિનની થેલી મોટરસાઇકલના હૅન્ડલમાં ભેરવી ત્યાં તે સામે આવીને ઊભી. ટેવ મુજબ બન્ને હાથ બન્ને કમર પર ટેકવતાં, પૂછ્યું, 'બોલ કેટલા પૈસા ?'

'વતનના લોકો પાસે હું પૈસા લેતો નથી....'

'હવે બહુ ડાહ્યો થા મા અને પૈસા બોલ.' તેણે આંખો ઝીણી કરતાં કહ્યું.

'તારા હિસાબે કેટલા થાય ?' મેં આડકતરો સવાલ કર્યો.

'હું પ્લમ્બર નથી... મારા હિસાબે તો હું પાંચસો આપી દઈશ...'

'બહુ પૈસાવાળી થઈ ગઈ છે !'

'હા, શિરીષ બૅંકમાં ઑફિસર છે....'

'હું તો સાધારણ પ્લમ્બર છું. છતાં એટલું સમજું છું કે સગાં-સંબંધી પાસેથી પાણીના પૈસા ન લેવાય...'

'આ પાણીના પૈસા નથી. પાણી ઘર સુધી પહોંચતું કરવાના કામના પૈસા છે....'

હું હસ્યો, ત્યાં એ સાવ નજીક આવી... શ્વાસ ઊંડો લેતાં કહ્યું, 'બાથરૂમમાં ફુવારો છે, સુગંધી શેમ્પૂ છે. તું ન્હાઈ લે એટલે પરસેવાની ગંધ જતી રહેશે...'

'મારી ઘરવાળીને પરસેવો સૂંઘવો ગમે છે...' મેં કહ્યું. એટલે તેની આંખો ફરકી ગઈ, ગાલ પરનો તલ થરકી ગયો, માથા પરથી વાળની વાંકડી લટ સરકી ગઈ...

હું ક્યાંય સુધી જોતો રહ્યો – રાજપર ગામમાં હાઈસ્કૂલમાં ભણનારી છોકરીને. એ પણ ક્યાંય સુધી મને જોતી રહી, ચકલી બંધ કર્યા પછી નળમાંથી પાણીનાં ટીપાં જેવાં આંસુ તેની આંખમાંથી ટપકી ગયાં. મેં મજાક કરી... 'હવે મેં ન્હાઈ લીધું.' તે સમજી નહીં એટલે મેં ચોખવટ કરી.. 'આ તારાં આંસુ વડે ન્હાઈ લીધું,' એટલું કહી, કિક મારીને મોટરસાઇકલ મારી મુક્યું.

18

---

## સાભાર સ્વીકાર

### બાળસાહિત્ય

(૧) જંગલમાં મંગલ અને દાદાજીની વાર્તાઓ : વનલતા મહેતા, ૨૦૧૪, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪+૧૧૯, રૂ. ૧૧૦ (૨) હું નિશાળે નહીં જાઉં : ડૉ. કુન્દન સરૈયા, ૨૦૧૨, શુભમ પ્રકાશન, મુંબઈ, પૃ. ૧૦+૪૦, રૂ. ૭૫ (૩) દાદાના ખોળામાં : સંકલન : નીતા રામૈયા, ૨૦૧૪, શુભમ પ્રકાશન, મુંબઈ, પૃ. ૬+૨૬, રૂ. ૭૦ (૪) હું રોજ કરું હું મોજ કરું : નીતા રામૈયા, ૨૦૧૧, શુભમ પ્રકાશન, મુંબઈ, પૃ. ૬+૩૪, રૂ. ૭૦ (૫) મંકોડાનો સાફો : ગિરા પી. ભટ્ટ, ૨૦૧૪, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૮+૧૦૮, રૂ. ૯૦ (૬) સોનેરી રાજહંસ : રવજીભાઈ કાચા, ૨૦૧૪, લેખક પોતે, આઈટીઆઈ સામે, અમરેલી, પૃ. ૧૦+૮૬, રૂ. ૮૦ (૬/એ) રસદાર બાળકિશોર વાર્તાઓ : રવીન્દ્ર અંધારિયા, ૨૦૧૪, અવનિકા પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૩૬, રૂ. ૧૨૫

# રૂટ્સ : મોનિકા ગજેન્દ્ર ગડકર

## ■ અનુવાદ : દેવયાની દવે ■

સાંજે અમે બંને શ્રીદાદાને મળવા નીકળ્યાં. કેટલાં વરસે શ્રીદાદાને જોવાનો હતો. સૂઝાને મને કલ્પના આપી હતી તોપણ લાગતું હતું કે કેવી અવસ્થામાં તેમને હું જોઈશ !

હૉસ્પિટલ પણ શ્રીમંત ઠાઠની હતી. સૂઝાનના મતે. તે આમ તો સાદી હૉસ્પિટલ લાગી. આપણું પ્રતિબિંબ દેખાય એવી સ્વચ્છ લાદી, સગવડ કેટલી બધી !... કેટલાં ઑપરેશન થિયેટર... ડૉક્ટર્સ... નર્સેસ કેટલાં બધાં !... બધો વ્યવહાર શાંતિથી ચાલતો હતો... ના ગરબડ... ન બૂમાબૂમ... લિફ્ટમાં અમે તેરમા માળે ગયાં. શ્રીદાદાની રૂમ તે વિંગની છેવાડે હતી. સૂઝાને દરવાજો ખોલ્યો. શ્રીદાદા વ્હીલચેર પર બેઠો હતો... કાચની એક મોટી બારી પાસે. બહાર જોતો હતો. હું તેને જોઈને થોડો અવાક્ થયો. તેની ઉંમર ૫૨-૫૩ વર્ષની, પણ તે કેટલો ઘરડો દેખાતો હતો ! અકાળે વૃદ્ધત્વ કહી શકાય તેવો. ગાલ બેસી ગયેલા, આંખની આસપાસ ઘેરી કાળાશ. થીજી ગયેલી આંખો. કપાળ પર પેન્સિલથી દોરી હોય તેવી આડી સ્પષ્ટ દેખાતી કરચલીની રેખા. હોઠ બંને બાજુથી નીચે ખેંચ્યા હોય તેવા લબડતા અને દાઢીના બરછટ સફેદ વાળ, કાચનો ચૂરો કરી ચોંટાડ્યા જેવા લાગતા હતા.

''ડૅડ, લૂક ! હૂ હેઝ કમ ?'' સૂઝાને તેની ચૅર મારા તરફ ફેરવી. તેણે મારી સામે જોયું ને પ્રસન્ન થઈને જાણે ઓળખીને હસ્યો. તેના આગલા દાંત ખસી ગયા હશે. સામેના બે દાંત વચ્ચે મોટી જગ્યા હતી. મારી નજર સામે તે શ્રીદાદા આવ્યા જે હું માંદો પડું તો ગાલ થબથબાવીને, ''જલદી સારો થઈ જા કેદાર !'' એવું કહેતો. અને તેની રૂમમાં પપ્પાએ લાવેલા સાગના ટેબલ પર અભ્યાસ કરતો તે આ શ્રીદાદા. તે ટેબલ પપ્પાએ તેને ખાસ ભેટ આપ્યું હતું, દસમીમાં સારા માર્ક્સ મળ્યા માટે. મારી લાલચુ નજર તેને દેખાઈ હતી, ''કેદુ ! તું પણ આના પર બેસજે. પણ માર્કસ મારા જેટલા આવવા જોઈએ તને ?'' તેણે કહ્યું હતું.

શ્રીદાદાને જોતાં મારી આંખ સહજ ભરાઈ આવી. વ્હીલચેરના હૅન્ડલ પર મૂકેલા તેના કાળા, અશક્ત હાથ પર મેં હાથ મૂક્યો અને કહ્યું,

''ઓળખ્યો ને ? બોલ, કોણ છું હું ?''

‘‘કેદુ !...’’ તે એકદમ ક્ષીણ અવાજે બોલ્યો.

‘‘કેદુ !’’ કેટલાં વર્ષો પછી અને તે જ નામે... મારા ગળામાં ડૂમો બાઝ્યો. આવો કેવો હું ભાવુક થયો ! શ્રીદાદા માટે મારા મનમાં કેટલો ગુસ્સો હતો ! તે ગુસ્સાના કેટલા થર બાઝ્યા હતા ? મારા સ્વભાવની મર્યાદા છે કે ગુસ્સો હું ભૂલી શકતો નથી. અરે ! મમ્મી માટેના તિરસ્કારને પણ. તેની છેલ્લી માંદગીમાં પણ મારા મનમાં હતો જ ને ? તો પછી અત્યારે ?

હું શ્રીદાદાની બાજુની ખુરસીમાં બેઠો. બારીમાંથી આખું શહેર દેખાતું હતું. દીવાઓનો ઝગમગાટ... મોટાં મોટાં ઊંચાં બિલ્ડિંગ, જાહેરાતો, હોર્ડિંગ્ઝ... મેં શ્રીદાદા સામે જોયું. ખરે જ તેનો ચહેરો સૂઝાન કહેતી હતી તેવો બ્લૅન્ક હતો. સૂઝાન તેનાં કપડાં, તેનું કબાટ વ્યવસ્થિત ગોઠવતી હતી.

‘‘તું મારા માટે આવ્યો, થૅન્ક્સ !’’ શ્રીદાદા બોલ્યા. પરાણે બોલાયેલા તે શબ્દો હતા. તે થાકેલું હસ્યો... ‘‘આવ !’’ કહેતાં પોતાનો એક હાથ ઊંચો કર્યો, મને નજીક બોલાવવા માટે.

હું ઊઠીને તેની પાસે ગયો. મારી ગરદનની આસપાસ તેણે હાથ વીંટાળ્યો અને મને છાતીસરસો ચાંપ્યો. મારા કપાળ પર હોઠથી ચુંબન કર્યું.

‘‘કેટલાં વર્ષે કેદુ !’’ તેણે કહ્યું અને સૂઝાન સામે મોં ફેરવી બોલ્યો, ‘‘માય બ્રધર સૂઝાન, મને મળવા આવ્યો છે, ફ્રૉમ ઇન્ડિયા... યસ, ફૉર મી... માય બ્રધર...’’

સૂઝાન હસીને આગળ આવી. શ્રીદાદાના ગળામાં તેણે પાછળથી હાથ વીંટાળ્યા. વાંકી થઈને તેના ગાલ પર ગાલ ઘસતાં તે બોલી, ‘‘યસ, ડૅડ આય નો યૉર બ્રધર ! તમને કેટલું સારું લાગ્યું ડૅડી. આય નો, આય ઍમ ઑલ્સો હેપી. હવે તમારે સારા થવું પડશે ડૅડ... યુ શુડ ! તમારે માટે અંકલ થોડા દિવસ રોકાવાના છે.

‘‘ખરેખર, કેદુ !’’ શ્રીદાદાએ મને પૂછ્યું. હવે તેના મોં પર કોઈ ભાવ દેખાયા. તેની આંખ નીચે પડેલી કરચલીઓમાં આંસુનાં બે ટીપાં દેખાયાં. સૂઝાને તે રૂમાલથી લૂછ્યાં. દૂર જઈને બોલી, ‘‘ડૅડ, ડૉક્ટરને મળીને આવું છું. અંકલ આવ્યા છે તે તેમને કહેવું પડે ને ? ઓ. કે. !’’

તેના ગયા પછી રૂમમાં હું અને શ્રીદાદા જ બાકી રહ્યા. પણ શું બોલવું તેની સાથે ? અને તે પણ ચૂપચાપ મૂંગો થઈને બેઠો હતો. તેવો જ પેલો શૂન્ય ચહેરો. હું બાલપણને યાદ કરવા લાગ્યો. જણાયું કે હું ક્યાંક અટકી જાઉં છું, મૂંઝાઉં છું. એવું બોલીને હું અટકી ગયો. પણ મારા બોલ તેના સુધી પહોંચતા નહોતા. વચ્ચે જ તેણે કેટલા વાગ્યા ? પૂછ્યું અને બે-ત્રણ વાર તેનું તે જ પૂછતો રહ્યો. વ્હીલચેર પર તેણે માથું પાછળ ઢાળ્યું અને આંખો બંધ કરી તેને ઊંઘ આવતી હશે સમજીને

હું ઊઠ્યો. અને બારી પાસે ઊભો રહ્યો. બહાર લાઇટનો ઝગમગાટ. હવે રાત થઈ એટલે વધારે શોભતો હતો. તોપણ તે નિર્જીવ શહેરમાં ચૈતન્ય વ્યાપેલું છે તેવું લાગ્યું નહિ.

બારણું ખખડાવવાનો અવાજ આવ્યો. મેં પાછા ફરીને જોયું તો નર્સ હતી. તે શ્રીદાદા સામે જોઈને મીઠું હસી. ''સ્લીપિંગ'' બોલી. અને તેણે તેને કૉટ પર સુવાડ્યો. બ્લડપ્રેશર લીધું, રીડિંગ લખી રાખ્યું અને જતી રહી. શ્રીદાદાનું મોં ઉઘાડું-ખુલ્લું હતું. મીંચેલી પાંપણોમાંથી તેની ઉપર-નીચે થતી કીકી દેખાતી હતી. શરીર કૃશ. મમ્મી હોત તો ? શ્રીદાદાને આવો જોઈને... એટલામાં તેનું શરીર ભયના માર્યા કંપિત થયું. તેની પાંપણ ફટાક ખૂલી ગઈ. પછી તે સ્વસ્થ થયો. ચહેરો ભાવશૂન્ય પણ તેના મનમાં કોઈ જાતની હલચલ મચી હશે. શું ચાલતું હશે તેના મનમાં ? હું તેની સામે જોતો રહ્યો.

સૂઝાન આવી અને અમે નીકળ્યાં. શ્રીદાદા ત્યારે પણ ઊંઘતો હતો. તેના આવા દર્શનથી, ના, ના કરતાં હું પણ અસ્વસ્થ થયો.

તે રાતે સૂઝાને પાસ્તા બનાવ્યા હતા. મને પાસ્તા ભાવતા નથી, પણ કોને કહેવું ? ભૂખ તો ખૂબ લાગી હતી. પણ તેણે ફ્રીજમાંથી આઇસક્રીમ બહાર કાઢ્યો. છરીથી તેની લાદી કાપતાં તે બોલી,

''કાલે ડૅડ માટે આઇસક્રીમ લઈ જઈએ. હી લવ્ઝ આઇસક્રીમ ?''

મને ખૂબ ભાવે છે આઈસક્રીમ. હું નાનો હતો ત્યારથી. એટલે જ કદાચ શ્રીદાદાને ભાવતો નહિ. તેથી કદાચ ઘરમાં આઇસક્રીમ લાવતા નહિ. હું કહેવાનો હતો કે તેને ક્યાં... પણ ચૂપ રહ્યો. વચ્ચેનાં કેટલાં વર્ષો... હું કેમ ભૂલું છું ?

સૂઝાન આઇસક્રીમ ખાતાં ખાતાં બોલી, ''તમને ડૅડને જોઈને આઘાત લાગ્યો હશે ? પણ તમને જોઈને, ડૅડને ઘણું સારું લાગ્યું, અંકલ, રિઅલી ! તમને તમારા ભાઈને જોઈને કેવું લાગ્યું ?''

શ્રીદાદાની અવસ્થા જોઈને હું અસ્વસ્થ થયો હતો. મારા સ્વભાવમાં નથી તેવો ભાવુક થયો. પણ આટલાં વર્ષો પછી મારા ભાઈને જોઈને મને ખરેખર શું લાગ્યું ! હું જ વિચારમાં પડ્યો. મારી જાતને પૂછતો રહ્યો.

''અંકલ ! યુ નો, ધિઝ આર બ્લડ રિલેશન; ઇઝ ઇટ ! પણ મને કંઈ અનુભવ નથી. હું એકલી જ... અંકલ... તમને મળ્યા પછી યુ નો હું રિલેક્સ્ડ થઈ. તમને બરોબર મળી નથી છતાં લાગ્યું. યેસ, આય હૅવ સપોર્ટ. મારે કોઈ સગું છે.''

હું હસ્યો અને બોલ્યો, ''સૂઝાન, ડોન્ટ વરી !''

રાતના જેટ-લૅગ... બદલાયેલી જગ્યા અને શ્રીદાદા... કદાચ ઊંઘ નહિ આવે

એવું લાગ્યું હતું પરંતુ ખૂબ સરસ ઊંઘ આવી. સવારે ઊઠ્યો ત્યારે બારીમાંથી બહારનો પરિસર બરફાચ્છાદિત થયેલો દેખાતો હતો. કેટલા વાગ્યા હશે એનો અંદાજ આવતો નહોતો. વાતાવરણ એકાદા ગ્રહના વાતાવરણ જેવું બધિર લાગતું હતું. બરફનાં ઝાડ ઊગ્યાં હોય તેવું લાગતું હતું.

હું નીચે આવ્યો. સૂઝાન બહાર હતી અને બહારનાં પગથિયાં પરનો બરફ સાફ કરતી હતી. મેં તેને કહ્યું,

''આપ, હું કરું છું, સૂઝાન.''

''ના, ના. થૅન્ક્સ, અમને આની ટેવ હોય છે. ઍન્ડ યુ આર માય ગેસ્ટ ?'' તે હસતાં હસતાં બોલી.

મેં જોયું તો રસ્તો દેખાતો નહોતો, બરફના ઢગલે-ઢગલા. ઘરો બરફ નીચે ઢંકાયેલાં. આખું જગત મરેલા જેવું. ઉદાસ વાતાવરણ. આપણે ત્યાં કેવું દાંત ઘસતાં ઘસતાં ગૅલેરીમાં ઊભા હોઈએ તો માણસો જ માણસો... ગિરદી... કિલ્લોલ... એટલે જે ત્યારે મને પારકો દેશ લાગવા માંડ્યો. સામેની સૂઝાન પણ અપરિચિત લાગી. શા માટે હું અહીં આવ્યો ?

''તમને ઊંઘ આવી ને ? કે જેટ-લૅગના લીધે ?...'' સૂઝાને મને પૂછ્યું. પછી અંદર જઈને ટોસ્ટ, બટર, કૉફી લાવી. બાઉલમાં કોઈ જાતની સીરિયલ પણ.

''અહીં એક ટેમ્પલ છે. ખૂબ સુંદર છે. હું અને ડૅડ કદી ત્યાં જતાં. સાંજના આપણે જઈએ. હું ડૅડની હૉસ્પિટલમાં આવીશ સાંજે. પાછા ફરતાં જઈશું આપણે.''

મારા મૂડની તેને ખબર પડી કે શું રામ જાણે !

સૂઝાને સ્ટોરમાં જતાં જતાં મને શ્રીદાદા પાસે છોડ્યો. ગાડીમાં તે બોલતી હતી તેના બૉયફ્રેન્ડ મૅક વિશે... તે કોર્સ કરવા ઑસ્ટ્રેલિયા ગયો છે.... તે હોત તો તેને તમે મળી શક્યા હોત... ખૂબ ગપ્પીદાસ છે... વગેરે વગેરે...

પરંતુ હું અસ્વસ્થ હતો. મારે આખી બપોર શ્રીદાદા સાથે રહેવાનું હતું.

રવિવારે અમે જલદી શ્રીદાદા પાસે ગયાં. સૂઝાનને રજા હતી. તે રાહ જોતો હતો. તેનો ચહેરો બદલાયો હતો. બે અઠવાડિયાંમાં તેનામાં ધીરે ધીરે સુધારો થયો હતો. મોં પરની ઉદાસીનતા ઓછી થઈ હતી. નજરમાંનો ઠંડો ખાલીપો પણ. અમારી વચ્ચે હવે વાતચીત થઈ શકતી હતી.

''ડૅડ, તમારા માટે કૉફી લાવું ? તમે અંકલ સાથે લેશો ?''

શ્રીદાદાએ માથું હલાવી 'હા' પાડી.

મેં પૂછ્યું, ''શ્રીદાદા, તારું ભાવતું - ન ભાવતું કેટલું બદલાયું છે ? તને કૉફી ક્યારેય ભાવતી નહોતી અને મને ખૂબ ભાવતી. તું મને ખૂબ ચીડવતો કે કૉફી સ્ત્રીઓ

પીએ. તું છોકરી છે કેદુ ?''

હો ઓ ઓ ! કરીને શ્રીદાદા મોટેથી હસ્યો. તેનું હસવું હંમેશાં ગળામાં અટકી રહેતું. શરદી થઈ હોય તેવો અવાજ તેના હસવામાંથી આવતો, તેવું જ તેનું અત્યારનું હાસ્ય હતું, હું તે ભૂલી જ ગયો હતો.

''પછી મમ્મી કહેતી...'' મારી યાદ આગળ વધી. ''જો શ્રી સામે જો, કેવી સારી આદત છે તેની !''

''મમ્મી એટલે શું ? તેને મારા દુર્ગુણ પણ ગુણ લાગતા. તારી આગળ, આદર્શ મારો ! તને મારા ઉપર ગુસ્સો આવતો નહિ ?'' શ્રીદાદા હસીને બોલ્યો. ત્યારે હું એકદમ ચમક્યો. આ બે અઠવાડિયાંમાં આવી નાનીમોટી અનેક યાદ તેને આવતી. પહેલાં મને તેનો ત્રાસ થતો, પરંતુ આ એક ઉપચાર છે, થૅરેપી છે શ્રીદાદા માટે. મારી જાતને સતત સમજાવતો. છતાં શ્રીદાદાના આ પ્રશ્ને મારો પિત્તો ઊછળી આવ્યો. શ્રીદાદાના લાડ આજ સુધી થતા રહ્યા. નાનો હતો ત્યારે શ્રીને જો... તે કેવો છે... જો, તે કેવો ગુણવાન છે. મમ્મી કાયમ કહેતી રહી. અને હું ? હું કેવો હતો ? જે સ્મૃતિ ભૂલવા માગતો હતો તે કાઢી બેઠો અને ખુદ હસ્યો. આવું કેમ ?

''મમ્મીનો મારા પર એટલો પ્રેમ હતો કે તું પેટમાં હતો તે સમજતાં તે ખૂબ રડી હતી. શ્રી, આ આવનાર બાળકને લીધે તને દૂર નહિ ધકેલું.'' શ્રીદાદા હસીને કહેતા હતા. પરંતુ મને તે ક્ષણે લાગ્યું કે બસ થયું હવે. ઊઠીને ફટાક દઈને ચાલતી પકડવી. હું વણજોઈતો હતો તે શ્રીદાદા મને કેમ સંભળાવે છે ? આ યાદ તેની કથળેલી તબિયતને વધારે બગાડી શકે ? હું કંઈ પણ બોલ્યો નહિ. તોપણ શ્રીદાદાએ ચાલુ જ રાખ્યું, ''મમ્મી મને એટલો વધારે પડતો પ્રેમ કેમ કરતી હતી કે ઍબનૉર્મલ લાગે !''

શ્રીદાદા મને પૂછતો હતો. ઊલટું મારે તેને પૂછવું જોઈએ. તેને ખબર નહોતી કે મમ્મી મારા પર કેમ ઓછો પ્રેમ કરતી હતી !

''કેદુ ! હું મરતાં મરતાં બચી ગયો માટે.'' શ્રીદાદા બોલ્યો.

અને હું ભૂલથી પણ કેમ જન્મ્યો ! મર્યો કેમ નહિ ? મમ્મી મારા પર... આ પ્રશ્નો મને વળગીને બેઠા છે કાયમના ! તેની પકડ છોડાવવાનો પ્રયત્ન કરતાં, હું મારું જીવન વ્યવસ્થિત જીવ્યો સ્વતંત્ર રીતે. એકલો થતાં હતાં... એકલા રહીને, અને શ્રીદાદા તે જ પ્રશ્નો મારી આગળ ફાંસો નાંખે તેમ ફેંકે છે.... મને હટાવવા માટે.

હું જલદીથી ઊભો થયો. વળ્યો, ત્યાં સૂઝાન ઊભી હતી, સાથે ડૉક્ટરને લઈને. તેમને જોઈને મેં જાતને સ્વસ્થ કરી, 'હેલો' કહેતો આગળ વધ્યો. ''ગુડ મૉર્નિંગ'' કહેતા ડૉક્ટર અંદર આવ્યા. ત્રીસ-બત્રીસ વર્ષના તે બાળક જેવા યુવાન હતા. રંગ સફેદ-ગોરો, એટલે જર્મન કે કોઈ હશે. તે શ્રીદાદા પાસે ગયા અને શેક હેન્ડ કરતાં કહ્યું.

''નાઉ, મિ. થત્તે. યુ લૂક વેરી ફ્રેશ ! ઇટ્સ મૅજિકલ ચેઇન્જ. તમારા ભાઈનો મારે આભાર માનવો જોઈએ. તેમના લીધે તમે સુધરતા જાઓ છો.'' પછી ડૉક્ટરે તપાસવા માંડ્યું... આંખો..નખ જોયાં. શ્રીદાદા મારી સામે જોઈને પ્રસન્ન હસતો હતો. પછી ડૉક્ટરે મને અને સૂઝાનને બહાર આવવા કહ્યું.

કૉરિડોરમાં મને શેક હૅન્ડ કરતાં બોલ્યા, ''થૅંક્સ એ લૉટ ! મારો દરદી તમારા લીધે સારો થાય છે.'' તેણે સૂઝાન સામે જોયું અને હસ્યો.

''ઇન યૉર કેસ, ધૅટ ઇઝ નો અધર સૉલ્યુશન. ધિસ ઇઝ મૅજિક ઑફ રિલેશન્સ ઍન્ડ રૂટ્સ ! આવા ડિપ્રેશનમાં અમે આ જ ઉપાય કહીએ છીએ. અને તેનાથી ઘણા જ દરદી બહાર નીકળી શક્યા છે.''

''ડૉક્ટર, મારે હજી કેટલા દિવસ અહીં રોકાવું પડશે ?'' મેં પૂછ્યું.

તમારા ભાઈની માનસિક પ્રગતિ પર અવલંબે છે. હું સમજી શકું છું તમારાં કામ હશે દેશમાં... જોઈએ. તમે તેની સાથે ખૂબ વાત કરો. સ્મૃતિ યાદ કરાવો. તમારી ભાષા... મા-બાપ, જન્મભૂમિ... ઑલ. તેને પોતાના દેશમાં ગયા જેવું લાગવું જોઈએ. લેટ્સ હોપ, હી વિલ રિકવર વેરી ફાસ્ટ !''

હું અને સૂઝાન અંદર આવ્યાં. શ્રીદાદા બારીમાંથી બહાર જોતો હતો. સૂર્યનો કેસરી ગોળો ઊંચી ઇમારતોની વચ્ચે લટકતો દેખાતો હતો. એકાદો ઝાંખો દીવો આકાશમાં અટકી ગયો હોય તેવું સૂર્યનું અસ્તાંચલનું રૂપ હતું... વિદાયની તે નાજુક, પણ સોનેરી ક્ષણ... તે સનસેટ અમે ત્રણ બોલ્યા વિના જોતાં રહ્યાં.

પપ્પાના અંતિમ શ્વાસ આવી જ વેળાએ થંભ્યા હતા. તેમની આંખો ઉઘાડી રહી હતી. આવી જ બારી હતી તેમના બેડ પાસે, ડાબી બાજુએ. તેના પર પડદો હતો. પવનથી તે હાલે તો સૂર્ય દેખાય તેમાંથી. મમ્મી, હાલ જ ઘેર ગઈ હતી. હું આવ્યો ને તે ગઈ... સામેના સફેદ સોફા ઉપર બેસીને પપ્પા સામે જોયું તો તે સ્તબ્ધ... કેદાર... આવ્યો ? પૂછે ત્યાં સુધીમાં... અંતિમ શ્વાસ અટક્યા, ન ધાંધલ-ધમાલ, ન આંચકી... કંઈ નહિ. શાંતિથી ગયા.

અત્યારે સનસેટ જોતાં મારી આંખ ભરાઈ આવી, તેમની યાદથી. પપ્પાને મેં જલદી ખોયા. હું મોડો જન્મ્યો એ સત્યે મને કાયમ સતાવ્યો - ચૂસ્યો. પપ્પાના ગયા પછી શ્રીદાદા ન આવ્યા, ફક્ત મમ્મીને ફોન કર્યો હતો... શ્રીદાદાના આમ ભાગી જવાથી પપ્પાને પહેલો એટૅક આવ્યો... પછી તે અબોલ થતા ગયા. મનમાં બધું ભંડારી દીધું હતું...પપ્પા માટે મને મમ્મી જેટલો ગુસ્સો નહોતો કદી. તેમનો જીવ પણ શ્રીદાદા માટે બળતો, શ્રીદાદાનાં લાડ વધારે કર્યાં હશે. પણ તેમને મારે માટે પણ અભિમાન હતું, મારી હોશિયારીનું અને મારી સમજદારીનું. હું વાજું વગાડતો. જૂનાં ગીતો... એમ તો

સંગીત શીખ્યા વગર પણ મને નોટેશન સમજાતું. પપ્પાને તે વાતનું ખૂબ ગૌરવ હતું. ''તને સારું વાજું લઈ આપીશ. તું અમારી પાસે તને જોઈએ તે માગતો કેમ નથી ?''

એક વાર મમ્મી અને પપ્પાની તેમના રૂમમાં થતી વાતચીત મેં સાંભળી હતી. પપ્પા મમ્મીને કહેતા હતા, ''કેદાર, પણ આપણો જ છે ને ? તું વારેઘડીએ ન જોઈતા આવ્યા એવું તેને કહે છે, તે તેને કેવું લાગતું હશે ? પહેલેથી જ તું શ્રીમાં વધારે ગૂંથાયેલી. કેદાર તરફ ધ્યાન આપતી નથી. સાવકો દીકરો છે તે ? અં ? તે અપેક્ષા રાખતો નથી એટલે આપણે પણ તે માની લેવાનું !''

''કેદુ ! પપ્પાને ગયે બાર વર્ષ થયાં ને ? સામેનું સૂર્યબિંબ દેખાતું બંધ થયું. શ્રીદાદાએ વ્હીલચેર ફેરવીને મને પૂછ્યું ત્યારે હું ભાનમાં આવ્યો. હું તેના પ્રશ્નથી ચકિત થયો. તેને પણ આ વખતે, મારી માફક પપ્પાની યાદ કેવી રીતે આવી ?

''પપ્પાની યાદ હમણાં હમણાં વારંવાર આવે છે'' – શ્રીદાદાએ કહ્યું. ''એક વાર તેમણે મને ફોન કર્યો હતો કેદાર.'' કદાચ બહારથી બોલતા હતા, ''તું આમ જ ચાલ્યો ગયો... સારું કર્યું. અમે તને ખૂબ પ્રેમ કરીએ છીએ. દીકરો છે તોપણ શું થયું ? તને તારું જીવન છે; તારી આઈ, ગાંડી ગણ તેને. તું દૂર ગયો તોપણ તારી યાદમાં ડૂબી રહે છે. તેના માન્યમાં આવતું નથી. સતત રડ્યા કરે છે. ફોન લગાડો, પૂછો તેને... ! તું એક વાર ફોન કરીને કડક શબ્દોમાં કહે શ્રી... આ કેદાર પર અન્યાય નથી ?''

''તેં કર્યો પછી મમ્મીને ફોન.'' મેં પૂછી નાખ્યું. ન પૂછવું જોઈએ તોપણ. ''ના રે !'' મેં તેને ફોન કરવાનું ઓછું કરી નાખ્યું. મારે વધારે સંબંધ રાખવો નહોતો, ફોનથી તે વધતો જા.''

અહીં શ્રીદાદાએ વિચાર કર્યો તે ફક્ત તેના પૂરતો જ. તે કાયમ આમ જ કરતો. આ કંઈ નવું નથી. ''કેદારને અન્યાય થાય છે'' એ પપ્પાના શબ્દો તેને માટે નહોતા. મને થતા અન્યાયનું સ્નાનસૂતક તેને ક્યાં આવવાનું હતું ? અને હતું પણ નહિ. મને યાદ છે સોસાયટીના ગણેશોત્સવમાં એક નાટકમાં મને કૃષ્ણ બનાવ્યો હતો. શ્રીદાદાને નાટકમાં રાખ્યો ન હતો. તો મમ્મીએ જઈને તેને નાટકમાં ઘુસાડ્યો. કારણ કે શ્રીદાદાને તે જોઈતું હતું અને મમ્મીએ તેને મેળવી આપ્યું.

એક પછી એક આવતી સ્મૃતિથી મારા માથામાં ફરીથી સણકા મારવા લાગ્યા. લાગ્યું કે મારો સ્ફોટ થશે. એટલે હું ભારત જવાનો નિર્ણય લઈ લઉં. આ યાદગીરી શ્રીદાદાને નૈરાશ્યમાંથી મુક્ત કરશે, તેના જીવનનો ક્યાંક અટકેલો પ્રવાહ ચાલુ થશે. જાણે કે પ્રત્યેક યાદ તેના માટે ઉપચાર હતી, જીવનરસ જેવી હતી. પરંતુ તે યાદ મને ડંખનારી છે. શા માટે હું ત્રાસ સહન કરું છું ? હું મારું જીવન આ સ્મૃતિઓને

બાદ કરી, સાચવીને જીવ્યો છું. મને જવું નથી મારા રૂટ્સ સુધી !

''સૂઝાન, આપણે જઈશું કે !'' હું જલદીથી ઊઠ્યો. આટલો સમય અમારું અમારી ભાષામાં બોલવું – વાતચીત – કંટાળ્યા વગર સાંભળી રહેલી સૂઝાન, મારી સામે આશ્ચર્યથી જોઈને ઊઠી. ''બાય ડેડ... ઊંઘો... થાક્યો છો ?''

''કાલે ક્યારે આવશે ? શ્રીદાદાએ મને પૂછ્યું; ''કેદાર'' તેણે તેને ધીરેથી બૂમ પાડી. પાસે આવવાનો ઇશારો કર્યો. મને તેની હળવાશ સમજાઈ નહિ એવું દેખાડી, તેની પાસે ગયો, તો તેણે મારો હાથ પકડ્યો ને ચુંબન કર્યું.

''થેન્ક્સ ! તું તો દોડતો આવ્યો.''

મેં તેની સામે તટસ્થ રહીને, એકદમ અલિપ્તપણે જોવાનો પ્રયત્ન કર્યો. તેણે મારા હાથ પર મૂકેલા હાથ પર બીજો હાથ મૂક્યો, છતાં હું કંઈ બોલ્યો નહિ.

શ્રીદાદાની તબિયત ડૉક્ટર કહેતા હતા તે પ્રમાણે જલદીથી સુધરતી હતી. મારો નીકળવાનો સમય થવા આવ્યો હતો. સૂઝાન સાથે મારો સારો મૈત્રીસંબંધ બંધાયો હતો. તે તેના સ્ટોરની ગમ્મત-જમ્મત કહેતી અને હસતી. મૅકના ફોન પરનાં ગપ્પાં પણ સંભળાવતી.

એક સવારે કૉફી પીતાં પીતાં તેણે મને પૂછ્યું. ''તમને શું લાગે છે મૅક માટે ? હું કરું તેની સાથે લગ્ન ?'' મેં મૅકને જોયો પણ નહોતો, કાળો કે ગોરો... છતાં તેણે મને આ પ્રશ્ન કેમ પૂછ્યો ? અહીં ક્યાં કોઈ પોતાના જીવન માટે બીજાનો અભિપ્રાય માગે છે ?

''તમારું અહીંનું જગત ઘણું જુદું છે, સૂઝાન...'' મેં કહ્યું. અમારા દેશમાં મોરાલિટીને ખૂબ મહત્ત્વ છે. અહીં તમારી પેઢી વ્યક્તિ, સ્વાતંત્ર્યને મહત્ત્વનું ગણે છે. એમાં વળી હું બ્રહ્મચારી.''

તે મોટેથી ખડખડાટ હસી. બોલી, ''કંઈ કહોને અંકલ ! મને હજી પણ તમારા લોકોની, ''વ્હૉટ ઇઝ મોરાલિટી ?''

તેનો પ્રશ્ન સાંભળીને મને ખૂબ હસવું આવ્યું.

''અમારે ત્યાં માણસ ગમે... તેમાંય પતિ તરીકે ગમે... તેનો ઘણો મોટો અર્થ હોય છે. તેમાં એકબીજાને સમજીને જાણી લેવાં તેને ઘણું મહત્ત્વ હોય છે. પતિ તરીકે સ્વીકારેલો માણસ તડજોડ કરતાં કરતાં સ્વીકારવો પડે છે; કોઈ માણસ સંપૂર્ણ રીતે ગમે જાય તેવું હોતું નથી. હું જરા અટક્યો, નહિતર તે મારાથી કંટાળી જાત. પણ મને તેના મોં પર ઉત્સુકતા દેખાતી હતી. હું હજી કંઈ બોલું તેની રાહ જોતી હતી.

''સૂઝાન, પતિ થોડો સમય ગમવો અને પછી ન ગમતી એકાદી વસ્તુની માફક બદલીને, નવો ઘરમાં લાવવો... આવી યુઝ ઍન્ડ થ્રો જેવી સંકલ્પના અમારાં લગ્નમાં

હોતી નથી. લગ્ન અમે એક સંસ્કાર માનીએ છીએ. એકાદ વખત તે માણસ સાથે બનવું અશક્ય હોય તો જ છૂટાછેડા.' મને અનુભવ નહોતો છતાં ડહાપણથી કહેતો રહ્યો. અને એમાંનું તેને શું પહોંચ્યું, સમજાયું રામ જાણે !

''ઓહ... '' તે બોલી આય રીડ ઇટ ઇન એ બુક, મૅરેજ મીન્સ બૉન્ડ ઇઝ ઇટ ?'' મેં હકારમાં માથું હલાવ્યું.

''અને સૂઝાન...'' મેં કહ્યું, ''તમે તમારા જીવનમાં માણસોને કેવા સહજ સ્વીકારી લો છો ? ઘેર આવવા સ્વાભાવિક આમંત્રણ પણ આપો છો. તે માણસ છોડીને જાય તેનું દુઃખ નહિ. તે માણસની યાદ, સહવાસ, તેના વ્યક્તિત્વની મુદ્રા મનના કોઈ ખૂણામાં અંકિત થતી નથી ? સંબંધ તૂટવાનું દુઃખ તમને થતું નથી ?''

મેં સ્વાભાવિક રીતે જ તેને પૂછ્યું. મને ક્યાં હતો સંબંધમાં વિશ્વાસ ? ન હોય તોપણ 'છે' એવું મને લાગે છે. દેખાડતો નથી. મમ્મી માટે મને ગુસ્સો આવતો, તે મરી ગઈ ત્યારે લાગ્યું કે જીવનમાંથી 'મા' સાથે સંબંધ પૂરો થયો. કંઈ પણ હોય તોપણ 'મા' હતી તે મારી. કોઈ પણ સંબંધ ગાઢ ન હોય, તોપણ તેનું હોવું એ જાણ કદી ઘણી હૂંફાળી હોય છે.

મારા પ્રશ્નથી સૂઝાન ઊંડા વિચારમાં પડી ગઈ. તેણે બોલવાની શરૂઆતમાં હાથથી હાવભાવ કર્યા. થોડી વાર રોકાઈ પછી બોલી,

''હા, તમે કહો છો તે સાચું હશે, બટ અંકલ, વી હૅવ રૂટ્સ ટૂ. માણસ તેની યાદદાસ્તને જ રૂટ્સ બનાવે છે ને ? અને અંકલ, રૂટ્સ-મૂળિયાં ન હોય તેવાં ઝાડ હોય છે ખરાં ? તો માણસો કેમ હોઈ શકે ? વી હૅવ ઇમોશન્સ, અમે પણ માણસ છીએ... અને અમે ઇનવ્હૉલ્વ પણ થઈએ છીએ માણસો સાથે. પણ તેમાં તફાવત એ કે વી ડોન્ટ ગેટ ઍનટૅન્ગલ્ડ.''

તે ઊઠી અને તેણે મૅકનો ફોટો લાવીને મને બતાવ્યો. તેના કરતાં ઘણો મોટો લાગ્યો મને. એક તેના કુટુંબનો હતો. મા-બાપ અને તે. તેમાં તેની ઉંમર નાની લાગતી હતી.

''મૅકનાં મમ્મી ગયા વર્ષે ગયાં.'' સૂઝાને કહ્યું, ''પિતા વિશે તે વધારે બોલતો નથી. તેની મમ્મીને તેમણે ખૂબ ત્રાસ આપ્યો... તે યાદને તે ક્રૂઅલ યાદ કહે છે. હું તેને સમજાવું છું. બટ સ્ટિલ ધોઝ આર મેમરીઝ. તે પણ કહે છે, ''યસ, તે પણ મેમરી છે મારા માટે.''

મને લાગતું હતું તેના કરતાં સૂઝાન મને પ્રગલ્ભ લાગી, અને સંવેદનશીલ પણ. કદાચ તેના આવા જીવનથી જ તે પ્રગલ્ભ બની હશે.

''જઈશું શ્રીદાદા પાસે !'' મેં ઘડિયાળ જોતાં પૂછ્યું.

સ્ટોરમાં જતાં જતાં સૂઝાને મને હંમેશ પ્રમાણે ઉતાર્યો. તે કામ માટે ગઈ. હું શ્રીદાદાની રૂમમાં ગયો. દરવાજો ખોલ્યો તો કોઈ બાઈ બેઠેલી જોઈ, અમેરિકન હતી. ''સૉરી'' કહી હું ખોલેલો દરવાજો બંધ કરવા લાગ્યો ત્યાં શ્રીદાદાએ મને અંદર બોલાવ્યો.

મેં જરા ગરબડમાં અચકાઈને તેના તરફ જોયું. મેં મૅરીને જોઈ હતી, પણ ઓળખી નહિ. જરા સૂઝાન જેવી જોવામાં લાગી. શ્રીદાદા કરતાં તે મોટી લાગતી. ઘણું ઔપચારિક બોલવાનું અને વર્તન હતું તેનું. તેણે ઔપચારિક પ્રશ્નો મને પૂછ્યા. પછી તેણે જતાં જતાં શ્રીદાદાના કપાળ પર ચુંબન કર્યું અને મને 'બાય' કહ્યું.

તેના ગયા પછી શ્રીદાદા બોલ્યો. ''તને સૂઝાને કહ્યું હશે, અમે છૂટાં પડ્યાં, પાછાં સાથે થયાં; પણ ન બન્યું. પ્રેમ હોય તોપણ સાથે રહેવું અસહ્ય લાગે છે કદી કદી....'''

શ્રીદાદાને અપેક્ષા હશે કે હું તેને પ્રશ્નો પૂછીશ, પણ મેં પૂછ્યા નહિ. આ તેના ખાનગી પ્રશ્નો હતા. તેથી પણ તેને નિરાશા થઈ હશે... થોડી વાર તે ચૂપ રહ્યો. પછી બોલ્યો.

એક પ્રશ્ન પૂછું ? તે કેમ લગ્ન ન કર્યાં ?''

શ્રીદાદાએ મને પૂછેલો પ્રશ્ન અનપેક્ષિત હતો. તે કોઈએ બહાનું કાઢી પૂછ્યો હોત તોપણ મને ત્રાસ થયો હોત. તે અધિકાર મેં કોઈને આપ્યો નથી. પણ શ્રીદાદાના આ અણધાર્યા પ્રશ્નથી કોણ જાણે મને જરાય ગુસ્સો ન આવ્યો.

''કરવા જેવું ન લાગ્યું એટલો સાદો ઉત્તર છે.'' મેં કહ્યું.

''ખરેખર ?''

ખરેખર, નાનપણથી એકલા રહેવાની આદત પડી ગઈ છે શ્રીદાદા. ગમાડતાં ગમાડતાં તે ગમી ગયું. મને થયું તે પૂછશે, કેમ ! એવું કેમ કેહુ ?

''હજી પણ એકલા રહેવાનું ગમે !'' પણ તેણે જુદો પ્રશ્ન પૂછ્યો.

''હા, હજી પણ એટલે શું ?'' મેં આશ્ચર્યથી પૂછ્યું.

''એમ નહિ કેદાર, મને એકલતા કદી સહન ન થઈ. મેરીએ મને કાયમનો એકલો કરી દીધો. તે સાથે હોય તોપણ અને જુદા રહીને પણ. તેણે માણસો કદી પોતાનાં કર્યાં નહિ. તેનું વ્યક્તિત્વ જ એવું હતું.''

મેં તેની કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરી નહિ. તેથી તે જ બોલ્યો, ''મને મમ્મીએ જ ખૂબ નિર્બળ બનાવી મૂક્યો. શાળામાં કોઈ મોટા અવાજે બોલે તો ગભરાઈને ચડ્ડીમાં પેશાબ થઈ જતો, એટલો ગરીબડો ! પણ એક વાર હિંમત કરી - અહીં ભાગીને આવવાની - તે શ્રી મને પણ કદી મળ્યો નહિ, કેદાર.''

તોપણ હું ચૂપ રહ્યો. તેને બોલવા દીધો.

''મૅરી ઘણી તોછડી છે. સ્ત્રી હોવા છતાં તેનામાં સ્નેહાર્દ્રતા નથી. મને નાની બાબતમાં આધાર જોઈએ. અને તે તટસ્થ રહેતી. સાદી-સીધી વાતમાં પણ અમારે બનતું નહિ. છેવટે અંત આવ્યો - તેણે અને મેં... શ્રીદાદા અટકતો નહોતો. મને હવે તેનો ડર લાગવા માંડ્યો. પાછો આને ડિપ્રેશનનો એટૅક તો નહિ આવે ને ?

''શ્રીદાદા'' - મેં તેને રોકવાનો પ્રયત્ન કર્યો.

''તું ફક્ત સાંભળ... '' તે મને બરાડો પાડીને બોલ્યો. ''કોની સાથે બોલું હું ? હં, કોની સાથે ? રહ્યોને એકલો આટલાં વર્ષ ! તિરસ્કાર આવે છે એકલાં જીવવાનો. અહીં બધાં માણસો કેદાર પોતાના માટે જ જીવે છે... ઓળખાણ ઘણી થાય પણ મૈત્રી કોઈની સાથે થતી નથી. આપણા ભારતીય માણસો પણ અહીં આવ્યા પછી જુદા જ બને છે. તે પણ મારા બેટા, તેવા જ થાય છે.'' શ્રીદાદા એવા મોટા અવાજે, બરાડી બોલતો હતો કે જાણે હું બહેરો છું. મારે શું કરવું તે સમજાતું નહોતું. તે વાયોલન્ટ તો નહિ થાય ને ! નર્સને બોલાવું ! પણ તે શાંત થતો લાગ્યો. પોતાની હથેળીની રેખાઓ જોતાં મને કહેવા લાગ્યો, ''એટલે મેરી મને પ્રેમ કરતી નથી એવું નથી, પણ તેની રીત-તરાહ અલગ છે કેદાર. મારી સૂઝાન ભણવામાં ન ચમકી પણ તે મારા જેવી છે. તે મને સમજે છે...'' તેણે મારી સામે જોયું અને બોલ્યો, ''તું તારું જીવન વેલ બૅલેન્સ્ડ કરી શક્યો, ભાવુક ન બનતાં. તે સારો સ્વભાવ છે તારો. તું એકલો રહ્યો, તારા માટે ! મને તે ન ફાવ્યું. મમ્મીથી ઘરથી દૂર ગયો સ્વતંત્ર રીતે જીવવા, પણ તે ન બની શક્યું, ફાવ્યું પણ નહિ. જિંદગીમાં સાવ એકલો પડ્યો.''

એકલતા અપરિહાર્ય રીતે જીવનમાં આવવી અને તે ઠોકી બેસાડવી.. એમાં ફરક છે. અમારા બેમાં. હું જાતે જ એકલો એકલો થતો ગયો અને એકલતાને જ સોબતી બનાવી. તેથી શ્રીદાદા બોલ્યો કે હું વેલ બૅલેન્સ્ડ કરી શક્યો મારી જાતને. હું મમ્મી પર ચિડાતો, તે ચિડાવું એક પ્રકારની ભીખ હતી, મમ્મી પાસે માગેલી ! હું પણ તારો દીકરો. શ્રીદાદાની જેમ જ મારે તું જોઈએ. – મા બનીને. હું એકલો થતો જાઉં છું. તમે મને એકલો પાડો છો, એ એકલતાનો કોઈ ઇલાજ નહિ હોવાથી સ્વીકારી લઉં છું. તો આજ શ્રીદાદા તે જ મમ્મીને દોષ દે છે, અતિપ્રેમથી તેને દુર્બળ કરી નાખવા માટે !

હા, મમ્મીએ શ્રીદાદાને ઉછેરતાં જ ભૂલ કરી. સૂઝાન આ સંસ્કૃતિમાં મોટી થયેલી છોકરી. શ્રીદાદાની સેવા કરે છે. તેને સંભાળે છે. તેમાંનું કેટલું શ્રીદાદાએ તેમનાં મમ્મી-પપ્પા માટે કર્યું ? તે તેના મનને ડંખતું નથી કદી ? અને કહે છે અહીં પ્રત્યેક જણ પોતાના માટે જ જીવે છે ?... સામે શ્રીદાદા પર મને ગુસ્સો આવ્યો, લાગ્યું કે આ

સમય તેને સંભળાવી દેવા માટે યોગ્ય નથી. કહેવું હતું કે તેં શું કર્યું કોઈના માટે ? મમ્મી માટે ? પણ તેને સંભળાવવા જેવો કોઈ વખત ન આવ્યો.

હું ઊઠ્યો અને ''જાઉં છું'' કહીને બહાર પણ નીકળ્યો. તેને વિચિત્ર લાગ્યું હશે. પણ હું રોકાયો નહિ ત્યાં. હું નીચે લૉબીમાં આવ્યો. મસ્ત, પોચા પોચા સોફા હતા... ભૂરાશ પડતો માર્બલ. તેના પર ચાંદની જેવો ચકમકાટ... ઠંડું શાંત વાતાવરણ. એટલામાં સામેથી મારી દિશામાં આવતી મૅરી દેખાઈ. તે જ લાગે છે ! હા. તે મૅરી હતી. મારી તરફ આવતી હતી. તે મારી પાસે આવીને બોલી,

''હેલો ! તમારા માટે રોકાઈ છું. કૉફી ? ચા ? કોઈ ડ્રિન્ક-પીણું ? મારે તમને કંઈ કહેવું છે.''

અમે એક બાજુએ બેઠાં. કૉફીનો ગરમ ઘૂંટડો શાંતિથી પીતાં તે બોલી, ''તમારો ભાઈ – વ્હેરી સેલ્ફિશ ! સતત કોઈના પર આધાર રાખતો. પોતાની લાગણીનો યુઝ કરતો... હી ઑલ્વેજ યુજ હિઝ ઇમોશન્સ એટલે તને કહું છું. તમે જતા રહો. તમે આવ્યા ઘણું થયું.'' તેની આંખો ઉગ્ર અને માંજરી હતી. ચહેરા પર પુષ્કળ મસા-તલ... ભ્રમર સોનેરી.

હું સાંભળી રહ્યો હતો. ખરી રીતે આ તેની મારી પહેલી મુલાકાત. પણ મને તે આટલા બોલવામાં જ સ્પષ્ટ અને સ્પર્શી જાય તેવી લાગી. તેનું શ્રીદાદા માટેનું નિરીક્ષણ સાચું હતું. તે તેણે કહ્યો તેવો સેલ્ફિશ હતો જ... અહીં આવ્યા પછી થોડો વધારે થયો હશે. કદાચ તે કહે છે તેમ મમ્મીના અતિપ્રેમથી પણ... યાદ છે છોકરીની માફક રિસાઈને બેસતો તે... મમ્મી તેને મનાવતી.

''મેં ખૂબ પ્રયત્ન કર્યો શ્રીને સુધારવાનો, ખૂબ ઝઘડી... જિંદગી ધક્કા મારીને ખેંચી... પણ નહિ. તમે તેને ઓળખતાં હશો. ડિપ્રેસન એટલે એવી બીમારી જેમાં ભાવ-લાગણી કંટ્રોલમાં ન રહે અને પોતાની આસપાસ પંપાળનાર લોકો જોઈએ. તમે કેટલી વાર અહીં આવશો ? અને તમે શા માટે આવો ?'' તે મારા ચહેરા સામે જોતી રહી. મારે શું બોલવું તે સમજાતું નહોતું.

''હું ડૉક્ટર સાથે વાત કરીશ....'' મેં એટલું જ કહ્યું.

''જુઓ ! જેને-તેને જાતે જ ઊભા રહેવું પડે. જીવનમાં પ્રૅક્ટિકલ બનવું પડે. સૂઝાનને પણ હું તે જ કહું છું. તેને તારી ટેવ પાડીશ નહિ, તેથી તે પંગુ બનશે. મને આવાં માણસો ખમાતાં નથી. આય હેટ ધેમ !''

તેણે એક બાજુ બિલ ચૂકવ્યું. પર્સમાંથી કાંસકો કાઢી પોતાના સોનેરી વાળ પર ફેરવ્યો. મને શેકહૅન્ડ કરતાં બોલી,

''તમે જ નક્કી કરો. મને જે લાગતું હતું તે મેં કહ્યું પણ તમને મળી આનંદ

થયો. મને માણસો ગમતા નથી એવું નથી. શ્રીનાં મમ્મી-પપ્પાને એક જ વાર હું મળી, ફરી મળવાનું ગમ્યું હોત, પણ તે શક્ય ન બન્યું. ઘણો વખત અમારો ઝઘડવામાં ગયો. છેવટે હું એકલી જ પડી ને ? મેં બીજાં લગ્ન કર્યાં પણ આય કુડન્ટ ઇનૂવૉલ્ડ.... માણસોને સમજવા મુશ્કેલ હોય છે. આય નો ઘેટ; પણ શ્રી જેવો માણસ મને કદી સમજાયો નહિ. સમજવો જોઈએ તેવું લાગતું નથી. આફ્ટર ઑલ, આય હેટ ઇમોશન્સ, આય કાન્ટ... રિયલી ! ઇટ્સ ઓ. કે. સી. યુ. ગુડ બાય...''

તેને મારી પ્રતિક્રિયા જોઈતી નહોતી. તેને આ કહેવું હતું મને એટલું જ. તે ઊઠીને ઝડપથી ચાલી નીકળી. હું તેમ જ બેઠો હતો. પણ હું સાવધ થતો ગયો એ નક્કી. મૅરીએ મને જાગ્રત કર્યો હતો. જે હું છું તે ભૂલી ગયો હતો. મૅરીએ તેની જ યાદ દેવડાવી. મારે હવે જવું જોઈએ – તેના શબ્દો કાનમાં ઘૂમતા હતા. તેના બોલ પારદર્શક હતા. તેમાં શ્રીદાદાની એક બાજુ હશે; તોપણ, તેણે પોતાની જાતને મારી સામે મૂકી હતી જ... શ્રીદાદાની સાથે સાથે, સરખામણી કરવા...

હું ઊઠ્યો અને ઉપર જતી લિફ્ટ પાસે આવ્યો. વિચાર્યું હમણાં જ શ્રીદાદાના ડૉક્ટરને મળીને નક્કી કરું ભારત જવાની તારીખ. નસીબજોગે ડૉક્ટર હતા અને તેમણે મને ટાઇમ આપ્યો.

''હું જઈ શકું, હવે ? મારાં ઘણાં કામ અટકી પડ્યાં છે. કેવી તબિયત છે મારા ભાઈની ?''

ડૉક્ટરે કહ્યું, ''યુ કૅન ગો ડેફિનેટલી... તમારો ભાઈ સંપૂર્ણ સાજો થયો છે, એવું હું કહેતો નથી. વચ્ચે તેણે આત્મહત્યા કરવાનો વિચાર પણ બોલી બતાવ્યો હતો. એટલે તેને અહીં લાવ્યા. હવે ડિપ્રેસન કંટ્રોલમાં છે પણ પૂરેપૂરું નહિ. તેની એકલતાની ભાવના ઓછી થઈ છે માત્ર. વી મસ્ટ થૅન્કફૂલ ટુ યુ ! તમે મને ક્યારે પણ ફોન કરી શકો છો.''

મેં ડૉક્ટરની કૅબિનમાંથી બહાર આવતાં જ સૂઝાનને ફોન લગાવ્યો. ''ટિકિટ બુક કર'' કહ્યું. ''કાલ, પરમ દિવસની હશે તોપણ ચાલશે.'' તે મને હજી અઠવાડિયું રોકાઈ જવાનું કહેતી હતી. પણ મેં ના પાડી. દસ મિનિટમાં જ તેનો ફોન આવ્યો. ટિકિટ બુક થઈ હતી. બીજા દિવસનું મોડી રાતનું વિમાન હતું. મને શાંતિ થઈ.

ઘેર ગયા પછી રાત્રે સૂઝાન અસ્વસ્થ થઈને બોલી, ''મને તમારા સાથની ટેવ પડી ગઈ હતી, અંકલ ! મહિનો થવા આવ્યો ને ! તમારે જવું જોઈએ એવું મને પણ લાગે છે. એવરીબડી હૅઝ હિઝ લાઇફ !''

તે ઘણી લાગણીશીલ બની, સ્વાભાવિક હતું તે. મને પણ તેની ટેવ પડી હતી, મને એ ગમી હતી. કાલે હું જતો રહીશ. રોજ જેવી મારી એકલતાની જિંદગી પાછી

શરૂ થશે. અને તેની અહીં... અમારો સંબંધ શું ? પછી કોઈ સંબંધ રહેશે કે નહિ ? નક્કી ન કહી શકાય.

‘‘આપણે એકબીજાને ઈ-મેલ કરતાં રહીશું.’’ તે બોલી, ‘‘ગપ્પાં મારીશું રોજ; પ્રૉમિસ ? તમે મને ઈ-મેલ કરશો ?’’ સૂઝાનના બોલવામાં ઉત્કટતા હતી. તે ખરા દિલથી બોલતી હતી, પણ ઈ-મેલના સંપર્કની વાત છોડો. તેણે આપેલું પ્રૉમિસ કેટલા કલાક ટકશે તેની મને ખાતરી હતી. મારા તરફથી તેની સાથે કેટલો સંપર્ક રાખી શકાશે ? મારી મને જ ખાતરી હતી. મહિના માટે આ બધું હતું પછી ક્યાં ટકી રહેવાનું હતું ?

‘‘અંકલ’’... સૂઝાન બોલી, ‘‘હવે હું ભારત આવવાનો નક્કી પ્રયત્ન કરીશ. ડૅડીને લઈને આવીશ એટલે તેમને સારું લાગશે ? આવું ને ?’’

‘‘આવ ને ! જરૂર આવ,’’ હું હસતાં બોલ્યો.

તમે મને ડૅડીના બાલપણના, દાદા-દાદીના અને તમારા ફોટો બતાવજો. તેમના ડૅડનું ઘર પણ ભૂલી ગઈ છું. તે હું પાછું જોઈશ.’’

‘‘તે બંગલો ? નથી; તે મેં વેચી નાંખ્યો. શું કરવાનો મારે એકલાએ એવડો મોટો બંગલો ?’’

સૂઝાન જરા તોફાની હસીને બોલી, ‘‘અંકલ, પણ તમે હવે એકલા રહેશો નહિ. લગ્ન કરો...’’

‘‘સારું, સારું; વિચાર કરું છું હાં !’’ હું પણ મશ્કરીમાં બોલ્યો. જોયું તો સૂઝાનની આંખમાં પાણી હતું.

‘‘તમે પાછા અહીં આવશો ને ?’’ તેણે પૂછ્યું.

‘‘ના, હવે નહિ. એમ કહેવાનો હતો,’’ પણ તેની આંખો જોઈ હું જરા ઢીલો પડ્યો.

‘‘આવીશ કે નહિ આવું - ખબર નથી !’’ મેં જવાબ આપ્યો અને વિષય બદલીને બોલ્યો, ‘‘ચાલ, બહાર જઈને આઇસક્રીમ ખાઈએ...’’

સૂઝાન એકદમ ખુશ થઈ, ‘‘ગ્રેટ આઇડિયા !’’

પાછાં આવ્યાં ત્યારે અગિયાર વાગી ગયા હતા. આંખો ઉપર ઊંઘ સવાર હતી. સૂતો, પણ ઊંઘ ન આવી... હીટરની હૂંફાળી રૂમનાં છત તરફ હું જોતો હતો. બારીમાંથી બરફનો વરસાદ દેખાતો હતો. આ ઘેર ફરી હું આવવાનો નહોતો. સૂઝાન મને ફરીથી મળશે કે નહિ ? મોટા ભાગે નહિ જ. તે ભારત આવે તો જ મળે. શ્રીદાદાનું અટકી ગયેલું જીવન ફરી શરૂ થશે ? સૂઝાન છે તેની સાથે. મૅરી કહેતી હતી તે યાદ આવ્યું. જેને-તેને જાતે જ ઊભા રહેવું પડે. હા, હું તેવો નથી. મૅરીના અને મારા વિચાર સરખા લાગે છે મને.

રાતે ક્યારે આંખ મળી...

સવારે નાસ્તો કર્યો. ભેગો કરેલો સામાન ઊંચકીને નીચે આવ્યો. સૂઝાન મને શ્રીદાદાની હૉસ્પિટલમાં મૂકી આવવાની હતી. આખો દિવસ ત્યાં રોકાઈને સાંજના ત્યાંથી જ નીકળી એરપૉર્ટ પર જવાનો હતો.

મેં ટિકિટની રકમની કૅશ સૂઝાન સામે ધરી. ક્ષણભર તે મૂંઝાઈ.

''આ શા માટે ?''

''ટિકિટના પૈસા.''

''ના, ના,'' તે હાથ પાછળ કરીને થોડું ખસી, ''મેં તમને અહીં બોલાવ્યા ડૅડી માટે.''

''હા, પણ ટિકિટ તો મેં કાઢી.''

તે લઈશ.

મેં કહ્યું, ''લુક સૂઝાન, આય ઍમ યૉર અંકલ. યુ નો ધિસ ઇઝ માય ઑર્ડર !'' તે હસી પડી, અને એકદમ મને ભેટી પડી. હું થોડો ગભરાયો, પણ અકળ રીતે મારો હાથ તેની પીઠ પર વહાલથી ફરવા માંડ્યો. કેટલા વર્ષે આવા અંદરના ઉમળકાથી કોઈ મારી આટલી નજીક આવ્યું. એ પણ હકથી. મારી આંખો ભરાઈ આવી. તે દૂર થઈ, આંખો લૂછતાં બોલી.

''ડૅડ... ડૅડની ચિંતા થાય છે મને. અંકલ, તે સાજા થશે ને ? તે પોતાની જાતને કંઈ કરી નહિ બેસે ને ?''

''જરા પણ નહિ, ડોન્ટ વરી સૂઝાન; તે સારો થાય છે. ડૉક્ટર કહેતા હતા ઘણો સુધારો છે. રિયલી... ટ્રસ્ટ મી.''

''આય લવ હિમ અંકલ, હી ઇઝ વેરી લોન્લી, વૅરી લોન્‌લી ચૅપ...''

મેં તેના માથા પર વહાલથી ટપલી મારીને કહ્યું, ''અને તું છે એની ચિંતા કરવા માટે, તે સારો થશે જ. તેના માટે નાની એવી નોકરી શોધ. શું ?''

''થૅંક્સ અંકલ, થૅંક્સ અગેન ફૉર –''

''નો, સૂઝાન.'' તે શું કહેશે તેની મને ખબર પડી હતી. મેં તેને અટકાવીને કહ્યું, ''નો ફોર્માલિટીઝ... પ્લીઝ... ચાલ હવે.''

અમે નીકળ્યા. સૂઝાન ગાડીમાં ચૂપ હતી. હૉસ્પિટલ નજીક આવી રહી હતી. પછી તે એકદમ બોલી,

''તમે આવ્યા... આપણે કેટલાં ગપ્પાં માર્યાં, ટમ્પલમાં ગયાં... ફર્યાં. આ યાદ કાયમ મનમાં રહેશે. ભુલાશે નહિ. આય ઍમ સ્યૉર. તેનો મને આધાર રહેશે...'' તે સામે જોઈને ડ્રાઇવિંગ કરતી હતી. તેણે મારી સામે જોઈને સ્મિત કર્યું. વ્હીલ પરનો

હાથ ખસેડીને, ચશ્માં ઊંચાં કરી આંખમાંનું પાણી ઝડપથી લૂછ્યું.

"યુ નો અંકલ, બ્લડ રિલેશન્સ... તે પણ રૂટ્સ જેવું જ હોય છે... તે રિલેશન્સ કૉલ યુ. અને યાદ પણ. તમને મારી યાદ આવશે." તે હસી.

મને તેનું બોલવું, હસવું એકદમ નિષ્પાપ લાગ્યું. આ નાનકડી છોકરી જાતઅનુભવથી ખૂબ કાંઈ શીખી છે. ગૌરવથી ભલું-ભોળું-નિર્મળ કહી શકાય તેવું. હું ખુશ થઈને હસ્યો.

"હું જ કહું છું. તમને મારી યાદ આવશે. તમે ના પાડી હતી..." તેણે હૉસ્પિટલ નજીક ગાડી પાર્ક કરી અને અદાથી બોલી, "તમને લાગશે તો યાદ આવશે જ." છતાં મેં ના પાડી અને વિદાય લેતાં કહ્યું, "ધેન બાય ! મૅકને કહે, ઑલ ધ બેસ્ટ ફૉર યુ, યૉર ફ્યુચર... ઍન્ડ બેબી ટુ !" અને તેનાં ચશ્માંની તપખીરી આંખો જોઈ. હૉસ્પિટલનાં પગથિયાં ચડવા લાગ્યો.

શ્રીદાદાની રૂમમાં ગયો. તે ઊંઘતો હતો. માસિક વાંચતો હું બેસી રહ્યો. થોડી વારે નર્સ રીડિંગ લેવા આવી.

"સ્લીપિંગ ? યા યા... કાલે તમે ઊંઘવાની ગોળી આપી હતી. રાત્રે તેને જરા ઝટકો આવ્યો હતો ડિપ્રેશનનો. થોડો વાયોલન્ટ પણ થયો હતો.." તે બોલી.

મેં ફક્ત ડોકું ધુણાવ્યું. વધારે કંઈ પૂછ્યું નહિ. હું હમણાં નીકળવાનો છું ભારત જવા એ શ્રીદાદાને કહેવું એટલે... ફરીથી તે... પણ મારે હવે રોકાવું નહોતું. અને મને રોકાવું ફાવે તેમ નહોતું.

બેસી બેસીને કંટાળો આવ્યો એટલે મેં નજીક ચક્કર મારી આવવાનું નક્કી કર્યું. હૉસ્પિટલનો રસ્તો ઓળંગ્યા પછી કેટલીક દુકાનો દેખાઈ ત્યાં ચક્કર માર્યું. થોડી ખરીદી કરી. પાછો આવ્યો ત્યારે શ્રીદાદા ઊઠીને બેઠો હતો. ફ્રેશ લાગતો હતો. કૉફી પીતો હતો. મારી સામે જોઈને તે એકદમ ખુશીથી હસ્યો.

"ખૂબ ઊંઘ્યો. સારું લાગે છે. હમણાં જ આવે છે ને ?"

હું જવાનો છું તે તેને કેવું કેવી રીતે ? પરંતુ કહેવું જ પડશે. ઘડિયાળના કાંટા સરકતા હતા. મેં પછી સીધું કહી નાખ્યું.

"ક્યારે ? અત્યારે જવાનો ? તેણે પૂછ્યું, એમાં આશ્ચર્ય નહોતું. અનઅપેક્ષિતપણાનો આંચકો નહોતો, જાણે કે હું જવાનો છું તેની કલ્પના તેને હતી. તેણે તે સહજ સ્વીકાર્યું એટલે મારી બીક ગઈ. મને એવું લાગતું કે તે કહેશે, "હજી તું વધારે રોકાઈ ન શકે કેદુ ?" તે મારી અપેક્ષા હતી ? અને તે કરતો હતો શા માટે ?

એટલે હું તેનામાં વધારે ગૂંથાયો હતો ? હું કદી પણ કોઈમાં પણ આવો જોડાઉં

નહિ એવી મને ખાતરી હતી... આવો હું કેમ થયો ? અને કોના માટે ? શા માટે ? શ્રીદાદા માટે ? મારી ભૂમિકા પૂરી નહોતી થઈ ? શ્રીદાદા મારા ઉપચાર માટે તું રોકાઈ જા હજી ! તે શ્રીદાદા નહોતા શું ?

''કેદાર, તારો આભાર.'' શ્રીદાદા બોલ્યો, ''તું છે... તું આવ્યો મારા માટે, કદાચ આ ભાવથી જ હું...'' તેને અશક્તિ જેવું લાગ્યું. તે થોડું અટક્યો પછી શાંતિથી બોલ્યો.

''હું ઇંડિયા આવતો રહીશ, ફાવશે ત્યારે. ભૂતકાળની યાદમાત્રથી મને ઘણું સારું લાગ્યું. આપણા ઘરમાં હોઈએ તેવું. કેદુ ! આપણે સંપર્કમાં રહીશું.''

''આપણા ઘરમાં ? બંગલો વેચ્યો ત્યારે જણાવ્યું ત્યારે આ જ શ્રીદાદા કહેતા હતા, ''જે હોય તે તું જ કરી નાંખ. કેદુ મારે તેમાં કંઈ લાગેવળગે નહિ.''

''શા માટે ?'' મારાથી એકદમ બોલાઈ જાત. પણ શબ્દો બહાર ન નીકળ્યા. હું સાવચેત થયો, પૂર્વવત્ થયો એનું મને સમાધાન થયું.

મેં ઘડિયાળ જોઈ. નીકળવું જોઈએ. બૅગ પાસે ગયો ત્યારે શ્રીદાદાએ બૂમ પાડી, 'આવ' કહી પાસે બોલાવ્યો. એક હાથ ઊંચો કરીને મારું માથું છાતીસરસું ચાંપ્યું, ''કેદુ ! મારો કેદુ... આવ પાછો કદી આમ જ. મારા માટે.'' તેનો અવાજ થોડો ભારે થયો હોય એવું મને લાગ્યું, પણ હું સ્થિર હતો. થોડી વાર ઊભો રહ્યો અને દૂર જતાં કહ્યું,

''ચાલ જાઉં છું. જલદી સારો થઈ જા !''

મેં બૅગ ઊંચકી અને ઝડપથી દરવાજો ખોલી બહાર નીકળ્યો.

''આવજે, પાછો, આમ જ. મારા માટે'' – શ્રીદાદા માટે... લાગ્યું તેના માટે તો બધાં જ હતાં, કાયમ. મમ્મી-પપ્પા.. તેની સૂઝાન અને મૅરી પણ... તે નહોતી પણ હતી જ. તેનો કેદાર પણ હતો અને તેણે ઉખેડી નાંખેલાં તેનાં રૂટ્સ-મૂળિયાં પણ. એકાદા માટે બધાં જ હોય છે અને એકાદા માટે કોઈ પણ નહિ... તેનાં રૂટ્સ પણ હોતાં નથી તેના માટે એવું કેમ ? મારાં રૂટ્સ મારા માટે નથી.

હું લૉબી ઓળંગી હૉસ્પિટલની બહાર આવ્યો. લાઇટની રોશનીથી ઝગમગતું શહેર... સામે એક નાનો પગદંડી જેવો સ્વચ્છ, શાંત રસ્તો દેખાતો હતો. વૃક્ષોની કમાનમાંથી સરકતો... બાજુમાં ગાર્ડન... લૉનની લૅન્ડસ્કેપ... લાઇટના પ્રકાશમાં પણ આપણા નૈસર્ગિક સુંદર રંગોથી આકર્ષનારાં ફૂલોના ગુચ્છ... તેમાં પણ એક નાજુક, ફીકા લવંડર રંગનો ફૂલોનો ગુચ્છ મન મોહી લેતો હતો. હું પેલી બાજુ ગયો. વૃક્ષોનો સળવળાટ હતો. વેગીલો પવન પણ આહ્‌લાદક... સમય પણ તેવો જ હતો. લાગ્યું કે ચાલું. તે પગદંડીનો સ્વચ્છ નાનો રસ્તો પસંદ કર્યો અને ચાલતો રહ્યો. એકલો...

18

## ૧. બે કાવ્યો | કે. સચ્ચિદાનંદન,
## અનુ. હસમુખ કે. રાવલ

(મલ્ટિપલ સ્ક્લેરોસિસ[૧]થી પીડાતી સવિતા માટે)

### ૧. દીકરી

મેં મારી ત્રીસ વર્ષની દીકરીને
ફરી છ માસ જેવી જોઈ.
હું તેને નવડાવું છું.
અને ત્રીસ વર્ષના મેલ
ધોઉં છું.

હવે એ સ્વર્ગની પ્રવાહી આભામાં
આમિચાઈની[૨] ટચૂકડી કવિતાની જેમ ચમકે છે.
નાનો ટુવાલ
સમય સાથે ભીનો થઈ ગયો છે.

બીથોવન તેના
આજાનબાહુ ઊંચા કરી
બારીના સળિયાને
પિયાનોની ચાકીઓમાં ફેરવી નાખે છે.

મારી દીકરી
સિમ્ફનીની બહાર આવી
ગુલાબ જેવા કોમળ હાથ વડે મને ભેટે છે.

બહાર, વરસાદનો બિહાગ :
કિશોરી આમોનકર.

---

૧. મલ્ટિપલ સ્ક્લેરોસિસ : જ્ઞાનતંત્રનો એક રોગ, જેનાથી સમય જતાં હલનચલન અને વાણી પરનું નિયંત્રણ જતું રહે છે; મગજ અને કરોડરજ્જુની પેશીઓનું વધુ ને વધુ કઠણ થતા જવું તે.

૨. યેહુદા આમિચાઈ : યહૂદી કવિ. તેના વિશે અને તેની ટચૂકડી કવિતાઓ poem hunter.com અને અન્યત્ર વાંચી-માણી શકાય.

## ૨. શાકુંતલમ્

વિસ્મૃતિની નદી
તેનો પ્રેમ તાણી જાય ત્યારે
દરેક પ્રેમી
એની સ્ત્રીને
થોડી પળો માટે પણ
ભૂલી જવા શાપિત છે.

સ્મૃતિની જાળમાં
પ્રિયાનું રહસ્ય
ન પકડાય ત્યાં સુધી
દરેક પ્રિયતમા
ભુલાઈ જવા માટે શાપિત છે.

પિતા વિહોણું
દરેક સંતાન
સિંહના જડબામાં હાથ ઘાલી
ઊછરવા માટે શાપિત છે.

18

---

## સાભાર સ્વીકાર

### કવિતા

(૩૪) લખું છું : પીયૂષ ઠક્કર, ૨૦૧૫, સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી, પૃ. ૧૩+૯૦, રૂ. ૧૦૦ (૩૫) પીડાની ટપાલ (દલિત કવિતા) : નીલેશ કાથડ, ૨૦૧૫, ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન, અમદાવાદ, પૃ. ૧૩૩, રૂ. ૨૦૦ (૩૬) ઊર્ધ્વગમન (અનુ. કવિતા) : ભાવાનુવાદ : રતિદેવ વી. ત્રિવેદી, ૨૦૧૫, નિસર્ગ - આર્જવ પ્રકાશન, અમદાવાદ-૭, પૃ. ૧૦+૧૬૬, રૂ. ૧૫૦ (૩૭) તો આપણું મળવું બને ! (મુક્તકસંચય) : નવીન કા. મોદી, ૨૦૧૫, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮૦, રૂ. ૧૭૫ (૩૮) કશિશ : સૂચિતા કપૂર, ૨૦૧૪, પ્રણવ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨+૧૩૨, રૂ. ૧૦૦

નાટક

# ચહેરાનાં ચિતરામણ

## ■ મૂળ લેખક : પર્સિવલ વાઇલ્ડ, રૂપાંતર : રમેશ શાહ ■

પાત્રો : રામલાલ શર્મા – સિટી બૅંકનો એકાઉન્ટન્ટ

શર્મિષ્ઠા – રામલાલની પત્ની

વિનય – રામલાલનો પુત્ર

ઉર્વશી – રામલાલની પુત્રી

દલપત – ઘરનો નોકર

મિ. કપૂર – નૅશનલ બૅંકના ચૅરમૅન - માલિક

સૂચિત : વિનયકાન્ત – સિટી બૅંકના મૅનેજર

[શ્રાવણની બપોર પછીનો સમય. બારીમાંથી આકાશમાં ઘેરાયેલાં વાદળો દેખાય છે. મધ્યમવર્ગનું સામાન્ય ઘર - રામલાલના પરિવારના સભ્યો રામલાલના આવવાની આતુરતાથી રાહ જોતા દેખાય છે.]

શર્મિષ્ઠા : હવે તારા પપ્પા આવવા જોઈએ...

ઉર્વશી : હા મમ્મી....

શર્મિષ્ઠા : હું ધારું છું કે આજે એ એમની છત્રી ભૂલીને નહિ આવે...! જોકે એમને ભૂલવાની ટેવ છે !

ઉર્વશી : (હસીને) હા મમ્મી... કદાચ વરસાદ –

શર્મિષ્ઠા : વરસાદ પડે પણ ખરો. ઉર્વશી, તને શું લાગે છે ? (ઊભી થઈ બારી પાસે જાય) આકાશ કેવું ઘનઘોર થઈ ગયું છે ! વીજળીઓ પણ કેવી ભયાનક થાય છે ! વિનય ! (વિનય મા નજીક જાય) જો તો... તારા પપ્પાના રૂમની બારીઓ બંધ કરી આવ તો દીકરા...

વિનય : જી મમ્મી... (જાય છે.)

ઉર્વશી : મમ્મી, બૅંકના મૅનેજરને પપ્પાનું શું કામ પડ્યું હશે ? એમણે કંઈ ખોટું કર્યું હશે ?

શર્મિષ્ઠા : તારા પપ્પાએ ? ના ઉરુ... ના...

ઉર્વશી : તો પછી મૅનેજરે એમને કેમ બોલાવ્યા ?

શર્મિષ્ઠા : કદાચ કશી અગત્યની વાત કરવી હશે !

ઉર્વશી : શેના વિશે ? મૅનેજર વિનયકાન્તને તો પકડવામાં આવ્યા છે. આવતી કાલે તો એમનો કેસ ચાલવાનો છે... એ પપ્પા પાસે શું કરાવવા માગે છે ?

શર્મિષ્ઠા : આવતી કાલે તારા પપ્પાએ જુબાની આપવાની છે.

ઉર્વશી : તો શું પપ્પા વિનયકાન્તની વિરુદ્ધ જુબાની આપશે. પણ વિનયકાન્ત શા માટે બોલાવે ?

શર્મિષ્ઠા : મને ખબર નથી. તું જાણે છે કે તારા પપ્પા એમની નોકરી વિશે મને કોઈ વાત કહેતા નથી. પેપરમાં વાંચ્યું નહિ, ત્યાં સુધી બૅંકના ગોટાળા વિશે ક્યાં ખબર પડી ? તારા પપ્પાએ મારી ડિપોઝિટો ઉપાડી લેવાનું પણ નથી કહ્યું ! એવું કરવું એ મિ. વિનયકાન્તનો અવિશ્વાસ કરવા બરાબર હતું ! પણ મને સ્હેજ ગંધ આવી, એટલે એમની ઇચ્છા વિરુદ્ધ મેં ડિપોઝિટો ઉપાડી લીધી !

ઉર્વશી : (અટકીને) પણ પપ્પાને એની સાથે શી લેવાદેવા ?

શર્મિષ્ઠા : બૅંકના ગોટાળા વિશે તું પૂછે છે ને ? પણ એ વિશે તો તું વધારે જાણે છે...

ઉર્વશી : પણ શું થઈ રહ્યું છે એની પપ્પાને જાણ ન હતી ? પેપરમાં આ બધું તો આવી ગયું !

શર્મિષ્ઠા : ઉરુ, આ બધું ઠીક ન થયું !

ઉર્વશી : એમણે વિનયકાન્તને આવું બધું કરતાં અટકાવવા જોઈએ... આ તો પપ્પાને પણ સહન કરવું પડશે...

શર્મિષ્ઠા : એમણે તો મૅનેજરના હુકમ પ્રમાણે જ કરવાનું હોય ને !

ઉર્વશી : મૅનેજરનો હુકમ ! શું મૅનેજરે એમનું માન્યું હોત !

શર્મિષ્ઠા : (થોડી વાર પછી) ઉર્વશી, તારા પિતા એટલા પ્રમાણિક છે કે એમણે ક્યારેય જિંદગીમાં કશું ખોટું કર્યું નથી. આ તો અચાનક એમને ખબર પડી કે મૅનેજર વિનયકાન્તે બૅંકમાં ગોટાળા કર્યા છે !

ઉર્વશી : એવી તને કેવી રીતે ખબર પડી ?

શર્મિષ્ઠા : મને કોઈએ કહ્યું નથી, પણ આ મારી ધારણા છે. આ તો એમની જાણ બહાર જ બધું બની ગયું !

ઉર્વશી : બૅંકના માલિકને મૅનેજરની વિરુદ્ધ કોઈની જુબાની જોઈએ છે. અને એટલે પપ્પા માટે સારું છે. (વિનય આવે છે.)

શર્મિષ્ઠા : દીકરા, બારીઓ ખુલ્લી હતી ને ?

વિનય : હા મમ્મી, મેં બધી જ બંધ કરી દીધી. જો મમ્મી હવે આ મૅનેજરને પપ્પા પાસેથી શું જોઈએ છે ?

ઉર્વશી : હા, હુંય એ જ પૂછતી હતી !

શર્મિષ્ઠા : વિનય, હું કંઈ જાણતી નથી.

વિનય : પણ તેં પપ્પાને પૂછ્યું નહિ ? (જવાબ આપતી નથી) ઓ. કે.શર્મિષ્ઠા : મેં પૂછ્યું હતું, પણ એમણે કશો જવાબ ન આપ્યો. દીકરા, કદાચ એમને પણ ખબર નહિ હોય !

વિનય : મમ્મી, ગઈ કાલે મેં એમની બૅંકના એક ક્લાર્ક સાથે વાત કરી હતી.

ઉર્વશી : પેલો પાઠક ?

વિનય : હા, અચાનક મને બાગમાં મળી ગયો. એ કહેતો હતો કે બૅંક આટલી હદે નાદારી નોંધાવશે, એની તો કોઈને કલ્પના ન હતી. એ પાઠક છેલ્લા આઠ વર્ષથી ત્યાં નોકરી કરે છે. એના સહારાથી એ પરણી શક્યો ! અને સવારે તાળું વાગી ગયું... જાણે આકાશમાં અચાનક જ અંધકાર !

ઉર્વશી : અને પિતાજી વિશે....

વિનય : એ કહેતો હતો કે પિતાજી કદાચ જાણતા હોય... બાકી બૅંકના અન્ય કર્મચારીઓ કશું જ જાણતા ન હતા. પપ્પા જ મૅનેજરની સૌથી નજીક હતા.

શર્મિષ્ઠા : તારો કહેવાનો શો અર્થ છે ?

વિનય : માત્ર પપ્પા જ વિનયકાન્ત મૅનેજરના સાક્ષી છે, પછી મારું નામ અર્થાત્ વિનયકાન્ત !

શર્મિષ્ઠા : તારા પિતાજી એમની નેક ફરજ બજાવશે જ, પછી ભલે ગમે તે થાય !

વિનય : હા, હું પણ જાણું છું. વીસ વર્ષમાં મૅનેજર ખૂબ પૈસાદાર થઈ ગયો અને એકાઉન્ટન્ટ અર્થાત્ પિતાજી ત્યાં ને ત્યાં જ રહ્યા ! માસિક ૪૩૨ રૂપિયાના પગારદાર !

શર્મિષ્ઠા : ને એમણે પગાર વિશે ક્યારેય ફરિયાદ કરી નથી.

વિનય : એ જ દયાપાત્ર છે ! પણ હવે એમને જરૂર તક મળશે. અને મૅનેજરને એવા સ્થાને મોકલશે કે જ્યાંથી એ કોઈ તેમના આસિસ્ટંટને કે ડિપોઝિટર્સને નુકસાન કરી શકશે નહિ ! યોગ્ય સજા થશે...

શર્મિષ્ઠા : દીકરા, તું જે બોલે છે, એવું તારા પપ્પાને ગમશે નહિ...

વિનય : (ખભા ચડાવીને) હં...

શર્મિષ્ઠા : તારા પિતાને મૅનેજર સાથે દુશ્મની નથી. પણ જુબાનીમાં એ સાચું જ કહેશે. સત્ય સિવાય કંઈ જ નહિ !

ઉર્વશી : પપ્પા આવતા લાગે છે... (ઉર્વશી બહાર તરફ જઈ બારણું ખોલે છે.)

શર્મિષ્ઠા : તમે અહીં જ રહેજો. પહેલાં મને વાત કરવા દો. (એ બહાર જાય છે. ઉર્વશી અને વિનય એકબીજા તરફ જોઈ રહે છે.)

વિનય : મૅનેજરે શું કહ્યું હશે ? (ઉર્વશી નકારમાં માથું હલાવે. એ બારી તરફ જાય છે.) વરસાદ શરૂ થયો લાગે છે...

ઉર્વશી : હા... બરાબર જામ્યો છે. (શર્મિષ્ઠા અને રામલાલ પ્રવેશે છે.)

વિનય : હલો પપ્પા...

રામલાલ : કેમ છે દીકરા, અને ઉર્વશી તું...? (બરડે ધીમી ટપલી મારે છે.)

શર્મિષ્ઠા : તમારા બૂટ પલળ્યા નથી...!

રામલાલ : હું રિક્ષામાં ગયો હતો (શર્ટ પર હાથ ફેરવે પછી ખુરશીમાં બેસે છે. થોડી વાર ચૂપકીદી)

વિનય : પપ્પા, તમે કહ્યું હતું એવો સમય આવી ગયો છે !

રામલાલ : મેં શું કહ્યું હતું ? મને સમજાયું નહિ, દીકરા !

વિનય : તમારા વિશે લોકો જાતજાતની વાતો કરે છે...

રામલાલ : શી વાતો કરે છે ?

વિનય : તમે જ કલ્પના કરોને કે શી વાતો કરતા હશે ! અને મારાથી વિરોધ પણ થતો નથી !

રામલાલ : તારે વિરોધ કરવો જોઈએ.

વિનય : પણ હકીકત જાણતો નથી, પછી વિરોધ કેવી રીતે કરું ?

રામલાલ : હકીકત જાણવી જરૂરી છે ? તું તારા પિતાને બરાબર ઓળખે છે એ પૂરતું નથી ?

વિનય : પપ્પા, આઈ ઍમ સૉરી !

રામલાલ : બૅંક ફડચામાં ગઈ એના એક દિવસ પહેલાં જ મને ખબર પડી કે મૅનેજર શું કરી રહ્યા છે ! મેં તેમને કહ્યું કે આપણે આ બધું સુધારી લેવું જોઈએ.... પણ એમણે કહ્યું કે હવે શક્ય નથી !

ઉર્વશી : પછી શું થયું ?

રામલાલ : મેં આગ્રહપૂર્વક કહ્યું અશક્યને શક્ય બનાવો. પહેલાં તો બૅંકનું કામકાજ અટકાવી દો, પણ એ પણ એમની ઇચ્છા ન હતી !

શર્મિષ્ઠા : પણ એમણે તો તેમ કર્યું જ !

રામલાલ : મેં જ ફરજ પાડી. એ ગુસ્સે પણ થયા, પણ મારે તો મારા હાથ ચોખ્ખા રાખવા'તા...

ઉર્વશી : પણ પેપરમાં તો એવું કશું જ નથી.

રામલાલ : એ લોકોને જણાવવું જરૂરી પણ નથી.

શર્મિષ્ઠા : પણ જ્યાં સુધી આ પરિસ્થિતિ હશે, ત્યાં સુધી તમારું નામ પણ સંડોવાયેલું રહેવાનું !

રામલાલ : આવતી કાલે બધું સ્પષ્ટ થઈ જશે, ખરું ને ? આજે વિનયકાન્તે મને બોલાવ્યો હતો. ચોવીસ કલાક પછી કોર્ટમાં કેસ ચાલવાનો છે. હું જ એમની વિરુદ્ધનો એકમાત્ર સાક્ષી છું. એમને મને પૂછ્યું કે – શું પૂછ્યું હશે ?

વિનય : એમણે તમને જૂઠું બોલી એમને બચાવી લેવા કહ્યું હશે, એટલે તમારે ખોટી જુબાની આપવાની !

રામલાલ : ના, એવું નહિ, મારે મારી યાદશક્તિ નબળી છે એવું કહેવાનું... હું સાચું કહું તો વિનયકાન્ત જેલમાં જાય. હવે તેમને કોઈ પણ બચાવી શકે તેમ નથી ! એમની ઇચ્છા છે કે મને જ્યારે પૂછે ત્યારે મારે કહેવાનું કે 'મને કશું યાદ નથી' મતલબ કે હું જાણું છું એવું કોર્ટ પુરવાર કરી શકે તેમ નથી !

વિનય : પપ્પા, 'મને કશું યાદ નથી' એવું કહેવું એ પણ જૂઠું તો ખરું ને ?

રામલાલ : હાસ્તો. ને એવું તો રોજ બને જ છે. અને કોર્ટ કશું કરી શકે તેમ નથી. અને તેમના પર બધા આરોપો પુરવાર થાય તેમ પણ નથી !

શર્મિષ્ઠા : પણ મૅનેજરે તમને આવું બોલવાની હિંમત જ કેમ કરી ? તમે તો સત્યનિષ્ઠ છો એવું એ બરાબર જાણે છે...

ઉર્વશી : પપ્પા, તમે એમને શો જવાબ આપ્યો ?

રામલાલ : (સ્મિત કરતાં) દીકરી, મારી જગ્યાએ તું હોય તો તું શો જવાબ આપે ?

વિનય : મેં કહ્યું હોત કે તારું કરેલું તું ભોગવ...

રામલાલ : (માથું ધુણાવતાં) એમ નહિ...

વિનય : તમારે માટે તો ધમકી જ ગણાય !

શર્મિષ્ઠા : મને ખબર છે કે તમે એમ જ કરશો.

રામલાલ : વિનય, તું જે શબ્દો બોલ્યો એવા શબ્દ મેં ન વાપર્યા ! એ મારા બહુ જૂના મિત્ર છે, પણ આ બાબતમાં હું સમાધાન ન કરું... એ મારી વાત બરાબર સમજ્યા....

ઉર્વશી : તો પછી એમણે શું કહ્યું ?

રામલાલ : આમ તો કશું કહેવાનું ન રહ્યું અને મારી વાતની નવાઈ પણ ન લાગી. એ મને પાંત્રીસ વર્ષથી ઓળખે છે. અને જે મને ઓળખતો હોય, એને આશ્ચર્ય પણ ન થાય ! એની જગ્યાએ બીજો કોઈ હોત તો મેં એના ગાલ પર લાફો માર્યો હોત ! પણ વિનયકાન્ત અને હું નાનપણથી સાથે ઊછર્યા છીએ,

અને સાથે સાથે કામ પણ કર્યું છે. બૅંક શરૂ થઈ ત્યારથી એના આસિસ્ટંટ તરીકે મેં કામ કર્યું છે. એ આક્રમક છે અને એ શું કરી રહ્યા છે, એનો એમને ખ્યાલ નથી. અને એટલે એમણે મને પૈસા આપવાની વાત કરી !

વિનય : શું એમણે તમને પૈસા આપવાની વાત કરી ?

રામલાલ : આવી કટોકટી માટે કામ આવે, એટલા રૂપિયા એમણે જુદા કાઢી રાખ્યા છે, મને આપે તો એ ગુનેગાર ઠરી શકે નહિ. અને કાયદો પણ એમને એમ કરતાં રોકી શકે નહિ ! ભગવાન જાણે છે કે હું એમની સજાનો જરાય ભાગીદાર નથી. (ખુરશીમાં બેસી પડે... ઉર્વશી એમનો હાથ થપથપાવે) એક જુવાન અને એક વૃદ્ધ માણસ ! હું સદાય તેને વફાદાર રહ્યો છું. પણ એ પ્રમાણિક હતો ત્યાં સુધી જ, હું તેના કાર્યનો ભાગીદાર છું !

ઉર્વશી : બરાબર છે.

રામલાલ : એટલે જ આવતી કાલ આપણી ઉજ્જ્વળ હશે !

વિનય : પપ્પા...

રામલાલ : હં, બોલ...

વિનય : વિનયકાન્તે તમને શી ઑફર કરી હતી ?

રામલાલ : દસ લાખ રૂપિયા !

ઊર્વશી : કેટલા... કેટલા પપ્પા ?

શર્મિષ્ઠા : રામ !

રામલાલ : કોઈ જાણે નહિ એમ મને આપવા જુદા જ મૂકી રાખ્યા છે. એ રકમ એમની ખાનગી છે. એ પૈસા કોઈ ડિપોઝિટર્સના પણ નથી...

ઉર્વશી : પપ્પા, એમણે તમને દસ લાખ રૂપિયા આપવાની ઑફર કરી ?

રામલાલ : (સ્મિત સાથે) હા. મારે માત્ર 'હા' કહેવાનું અથવા માથું હલાવવાનું, અથવા મૂંગા થઈ જોઈ રહેવાનું !

વિનય : મૅનેજરના શબ્દનો વિશ્વાસ કેટલો ?

રામલાલ : મને એમના શબ્દમાં સંપૂર્ણ વિશ્વાસ છે.

વિનય : આ પરિસ્થિતિમાં પણ...?

રામલાલ : એમણે મને ક્યારેય જૂઠું કહ્યું નથી. મારી આંખોમાં કશું એવું દેખાયું હોય... એટલે જ ડ્રોઅર ખોલીને એ રકમ બતાવી પણ ખરી !

વિનય : દસ લાખ... કૅશ ?

રામલાલ : મેં ખાતરી પણ કરી હતી...

ઉર્વશી : (ધીમેથી) અને એમની ઇચ્છા પ્રમાણે તમારે એટલું જ કહેવાનું કે 'મને કશું યાદ નથી !'

રામલાલ : હા, ફક્ત એ ચાર શબ્દો જ !

વિનય : અને તમે તેમ ન કર્યું ?

રામલાલ : કૉર્ટમાં એ ચાર શબ્દો બોલું તો હું ખતમ થઈ જાઉં ! એ ચાર શબ્દો બીજા માટે સરળ હશે, પણ મારા માટે...? આખો ભૂતકાળ નાશ પામે અને હું સદાય જૂઠો જ રહ્યો છું એવું જગતને લાગે ! હું વિશ્વસનીય નથી, માનનીય નથી, એવો ડંખ મને સતત વાગ્યા કરે ! વિનયકાન્તે મને ઑફર કરી, ત્યારે હું ગુસ્સે થયો અને મેં તેનો અસ્વીકાર કર્યો. એમને એથી આશ્ચર્ય પણ ન થયું. પણ એમણે તો ખુશી વ્યક્ત કરી ! બસ, મારા માટે આ જ અભિનંદન ! તમને સમજાય છે ને ?

વિનય : હા, ખૂબ મોંઘા અભિનંદન !

રામલાલ : શું ?

વિનય : અભિનંદન ! જેની કિંમત દસ લાખ રૂપિયા !

રામલાલ : અરે, લાખો રૂપિયા ખર્ચતાં પણ એવા અભિનંદન આખી જિંદગીમાં ન મળે ! અને એટલા રૂપિયા મારી પાસે હોય તો એને ખર્ચવા જેવો ઉત્તમ માર્ગ ન મળે !

વિનય : હા, હું પણ તેમ માનું છું !

શર્મિષ્ઠા : શું ડિપોઝિટર્સ ખૂબ પૈસા ગુમાવશે ?

રામલાલ : ના, ડિપોઝિટર્સ એક રાતી પાઈ પણ નહિ ગુમાવે.

ઉર્વશી : પણ પેપરો તો જુદું કહે છે !

રામલાલ : પેપરોને તો છાપવા મૅટર જોઈએ છે... એટલે તેઓ ધારણા કરીને છાપતાં હોય છે !

શર્મિષ્ઠા : પણ આ પહેલાં તો કશું કહ્યું નો'તું...

રામલાલ : મેં મૅનેજર પર બધું છોડી દીધું હતું, હવે આવતી કાલે બધું જાહેર થઈ જશે...

વિનય : કાલે જ શા માટે ? તમે પહેલાં કેમ ન કહ્યું ? પત્રકારોએ તમને વારંવાર પૂછ્યું હતું !

રામલાલ : વિનય, મને કોઈ પણ ફરજ ન પાડી શકે.

વિનય : એ સાચું કારણ નથી પિતાજી ! તમને ખબર છે કે પેપરો તમારું નામ પણ સંડોવશે. (રામલાલ ચૂપ રહે છે. અચાનક વિનયના ચહેરા પર ચમક આવે છે.) મૅનેજર જાતે જ જાહેર કરે, એમ તમે માનો છો ? કારણ એ એની તરફેણમાં જાય, હેં ને ?

રામલાલ : બરાબર, તેથી આપણે આ કૌભાંડમાંથી બચી શકીએ. એ ધારણા કરતાં

વધારે છે. અને એ વિનયકાન્ત માટે પૂરતું છે.

ઉર્વશી : દસ લાખ ખર્ચ્યા વિના ? (રામલાલ ચૂપ રહે છે.)

વિનય : (ભારપૂર્વક-કટાક્ષમય) વિનયકાન્ત તમને જે પૈસા આપવાનો છે, તે વિના...!

રામલાલ : પણ હવે તો એ રૂપિયા એની પાસે રહ્યા હોવાનો સંભવ નથી.

ઉર્વશી : ઓહ !

વિનય : અને તમે બધું સમાધાન કરી લીધું ?!

રામલાલ : બહુ જ સરળતાથી. નૅશનલ બૅંકનો માલિક આ બૅંકની પુનઃસ્થાપના કરી આપવા માગે છે. આમ આ બધું સારું થઈ જશે, એવી કલ્પના જ નો'તી !

વિનય : પણ મૅનેજરને શિક્ષા તો થશે ને ?

રામલાલ : શિક્ષા તો થશે જ.

વિનય : કયા કારણસર ?

રામલાલ : લોકોના પૈસાની ગેરવ્યવસ્થા બદલ....

વિનય : એ બરાબર, પણ કયા કારણથી એ ગુનેગાર ઠરે ?

રામલાલ : વિનય, એ ગુનો જ ગણાય.

ઉર્વશી : કોઈનું કંઈ પણ જાય ના તોપણ ?

રામલાલ : હા, તોપણ ગુનો જ છે.

વિનય : એટલે કૉર્ટ એમને શિક્ષા કરશે, એમ જ ને ?

રામલાલ : હા, કૉર્ટ તેમને છોડી ન જ મૂકે. એવું એ પણ જાણે છે !

વિનય : પિતાજી, તમે શું માનો છો ?

રામલાલ : મારો અભિપ્રાય એમાં ક્યાંથી ચાલે ?

વિનય : તોય તમને શું લાગે છે ?

રામલાલ : વિનયકાન્ત માટે હું લાચાર છું !

વિનય : ટેક્નિકલી એ ગુનો ગણાય, છતાં કોઈ કશું ગુમાવતું નથી ! એટલે મૅનેજર તરફનું વલણ કઠોર ગણાય !

રામલાલ : એ ખરું....

ઉર્વશી : પિતાજી, તમે એમને છોડાવશો તો એ ઉપકાર ગણાશે.

રામલાલ : હું પણ એમ ઇચ્છું, પણ હું ન્યાયાધીશ નથી !

ઉર્વશી : તમે જ એમના મુખ્ય સાક્ષી છો... એટલે તમારા જ હાથની વાત છે...

રામલાલ : ઉરુ, તું પણ...?

વિનય : પિતાશ્રી, એ સાચું કહે છે...

રામલાલ : વિનય, તું પણ એની તરફેણ કરે છે ?

રામલાલ : તમારા બૉસ અને મિત્રને જેલ થશે, તો એ ઘણું જ ખરાબ થશે ! અને તમારા દીકરાનું નામ એમના નામે નામ છે... વિનયકાન્ત રામલાલ !

શર્મિષ્ઠા : (વિરામ બાદ) રામ, પહેલાં તમે શું કહ્યું એ મારા ધ્યાન બહાર ગયું છે... મૅનેજરે તમને શું કરવા કહ્યું ?

રામલાલ : આવતી કાલે મારે એમને છોડાવવા...!

શર્મિષ્ઠા : તમે તેમ કરી શકો છો ?

રામલાલ : હા, કરી તો શકું...

શર્મિષ્ઠા : કેવી રીતે ?

રામલાલ : જ્યારે કૉર્ટ મને અનેક પ્રશ્નો પૂછે, ત્યારે મારે માત્ર કહેવાનું 'મને કશું યાદ નથી !'

શર્મિષ્ઠા : શું ખરેખર તમને યાદ છે ખરું ?

રામલાલ : હા, બધું જ... પૂરેપૂરું...

વિનય : એટલે એ શું પૂછે એ અગત્યનું નથી, બરાબર ?

રામલાલ : હું મારી યાદશક્તિ હંમેશાં તાજી રાખું છું, અને તે માટે મારી પાસે નોંધપોથી છે !

વિનય : એટલે કે તમારી પાસે નોંધપોથી ન હોય તો તમને યાદ ન રહે, રાઇટ ?

રામલાલ : બધા મારી જેમ જ કરતા હોય છે.

વિનય : કૉર્ટમાં તમે 'મને કશું યાદ નથી' એમ કહો ને એ સત્યથી દૂર નથી !

શર્મિષ્ઠા : અને મૅનેજર કંઈ બધું તમને પૂછીપૂછીને તો નહિ કરતા હોય...

રામલાલ : શર્મિષ્ઠા.... તું પણ...?

શર્મિષ્ઠા : રામ, આ ઘરમાં હું પણ તમારા જેટલી જ માનનીય છું !

રામલાલ : તું ન કહે તોપણ હું સમજું છું.

શર્મિષ્ઠા : તમારા જૂના મિત્રને જેલમાં ધકેલવો, એ મારી દૃષ્ટિએ બરાબર નથી. (અદબ વાળીને) મને સાંભળો, જ્યારે આપણે જોશી મહારાજ પાસે વિનયના નામકરણ માટે ગયાં હતાં, ત્યારે તમે શું કહ્યું હતું, રામ ?

રામલાલ : શું કહ્યું હતું ?

શર્મિષ્ઠા : તમે કહ્યું કે ''આ આપણો દીકરો આપણા આપેલા નામ સાથે આખી જિંદગી જીવશે.'' યાદ છે ને ?

રામલાલ : હા, આછું સ્મરણ છે !

વિનય : હવે 'આછું સ્મરણ' !!

રામલાલ : વિનય, તું શું કહેવા માગે છે ?

શર્મિષ્ઠા : (તરત જ) ખૂબ દુઃખદ... ખૂબ જ દુઃખદ... મૅનેજરને કારણે આપણા

દીકરાનું નામ પણ વગોવાશે, રામ !

રામલાલ : શર્મી, મૅનેજર મને લાંચનાં નાણાં આપે તે મારે સ્વીકારવાં એમ તું કહે છે ?

ઉર્વશી : પપ્પા, એને તમે લાંચનાં નાણાં કેમ કહો છો ?

રામલાલ : (આક્રોશથી) એ લાંચ નથી તો શું છે ? જોકે એણે મને વર્ષો સુધી માત્ર માસિક ૪૩૨ રૂપિયા જ પગાર આપ્યો છે અને અત્યારે પણ એ જ પગાર છે !

વિનય : બરાબર... બરાબર !

રામલાલ : મને જેટલો પગાર આપ્યો, અને જેટલો પગાર મળવો જોઈતો હતો એ બંનેના તફાવત રૂપે મને રૂ. દસ લાખ આપવા માગે છે !

શર્મિષ્ઠા : હા, એ જ સાચું છે. તમે એમના માટે ખૂબ વફાદારીથી કામ કર્યું છે !

રામલાલ : અરે, મને યોગ્ય પગાર આપ્યો હોત, તો એ દસ લાખથી પણ વધારે થયો હોત !

વિનય : બિલકુલ સાચું છે નહિ, પિતાજી ?

રામલાલ : ભગવાન જાણે ! મેં કદીય મારો પગાર વધારવા કહ્યું નથી. અને જે કંઈ વધ્યો હશે, એ એમ જ વધ્યો હશે ! (આસપાસ જોઈને) ઉરુ, તું શું ધારે છે ?

ઉર્વશી : તમે કાલે જ્યારે કઠેડામાં ઊભા રહી જુબાની આપશો અને પછી મૅનેજર જેલમાં જશે, ત્યારે લોકો શું કહેશે ?

રામલાલ : લોકો કહેશે કે મેં મારી ફરજ બજાવી છે - જરાય વધારે નહિ કે ઓછું પણ નહિ !

ઉર્વશી : શું ખરેખર લોકો એવું કહેશે ?

રામલાલ : હાસ્તો, શા માટે નહિ ? તો શું કહેશે ?

ઉર્વશી : લોકો કહેશે કે તમે તમારા ખાસ મિત્ર સાથે દગો કર્યો છે....

રામલાલ : ઉરુ, આવું તું તો નહિ જ માનતી હોય !

ઉર્વશી : લોકો સમજે છે કે તેઓની એક પાઈ પણ જતી નથી, અને મૅનેજર એકેએક પાઈ ચૂકવી દેવા માગે છે, એટલે તેઓ જેલમાં મોકલશે નહિ. અને કદાચ દિલગીરી પણ અનુભવે !

રામલાલ : હા, હું પણ એમ માનું છું અને એવી આશા રાખું છું.

વિનય : અને તેઓ જે માણસે જેલમાં મોકલતાં બચાવ્યા નહિ તેના તરફ ઉદારતા નહિ બતાવે !

શર્મિષ્ઠા : તેઓ કહેશે કે તમે તમારા ખાસ મિત્રને મદદ કરવાથી દૂર રહ્યા.

વિનય : જે એમને જેલમાં ધકેલે, એવી તમારી નોંધપોથી બહાર કાઢશો ત્યારે....

ઉર્વશી : અને મૅનેજરે કશું ખોટું કર્યું જ ન હોય ત્યારે...

વિનય : જે છે તે માત્ર ટેક્નિકલી છે. કોઈ પાઈ ગુમાવતું નથી. કોઈ તેમને શિક્ષા કરવા ઇચ્છતું નથી ત્યારે...

ઉર્વશી : ત્યારે પિતાજી, તમે જ ફક્ત...

વિનય : તમારા પુત્રને જેણે નામ આપ્યું એને જ તમે જેલમાં ધકેલવા માગો છો ?

શર્મિષ્ઠા : હું માનું છું રામ, આપણે દયાળુ બનવું જોઈએ !

રામલાલ : દયાળુ ?

શર્મિષ્ઠા : હા રામ, વિનયકાન્ત હંમેશાં તમારી સાથે સદ્ભાવથી વર્ત્યા છે...
(લાંબો વિરામ. કોઈ કોઈની સામે જોતું નથી.)
હં તો રામ, હવે તમે શું કરવા માગો છો ?

રામલાલ : એટલે તમે બધાં શું કહેવા માગો છો ?

શર્મિષ્ઠા : બૅંક બંધ થઈ જશે તો તમે તમારી નોકરી ગુમાવશો...

રામલાલ : (ખભા હલાવતાં) અરે, હું બીજી સારી નોકરી શોધી લઈશ.

શર્મિષ્ઠા : (માથું હલાવી) એમ ? તમારી આ ઉંમરે ?

રામલાલ : હું માણસ છું એ જ અગત્યનું છે.

શર્મિષ્ઠા : હા, એવું તમે મહિના પહેલાં પણ કહ્યું હતું !

વિનય : મેં મિ. પાઠક પાસેથી પણ સાંભળ્યું હતું !

રામલાલ : શું સાંભળ્યું હતું ?

વિનય : એ હવે નૅશનલ બૅંકમાં જોડાવાનો છે.

રામલાલ : હા, એ ત્યાં પુનઃસ્થાપનાના કામમાં મદદ કરે છે.

વિનય : એ તમને પણ ત્યાં ન લઈ લે ?

રામલાલ : ત્યાં સ્ટાફ પૂરતો છે, એટલે મને ત્યાં ક્લાર્ક તરીકે પણ ન રાખે !

વિનય : તમને એવું જ કહ્યું છે...

રામલાલ : શું એ સાચું નથી ?

વિનય : નૅશનલ બૅંકના ચૅરમૅન કહેતા હતા કે વિનયકાન્ત જેવા ગુનેગાર જેટલા જ ત્યાંના બીજા કર્મચારીઓ ગુનેગાર છે !

રામલાલ : પણ હું તેમાંનો નથી...

વિનય : પણ એવું કોણ માને ?

રામલાલ : કાલે બધાએ માનવું પડશે...

વિનય : તમે કેવી રીતે બધાને મનાવડાવશો ? તમે જ્યાં જશો ત્યાં વિનયકાન્ત મૅનેજરનો ગુનો તમારી સાથે રહેશે ! પણ જો વિનયકાન્ત જેલમાં નહિ જાય, તો એ નવો ધંધો શરૂ કરશે અને એમાં તમને ભાગીદાર બનાવશે.

રામલાલ : ભાગીદાર ?

વિનય : તમે દસ લાખ રૂપિયા ભાગીદારીમાં જોડી શકશો, પિતાજી !

રામલાલ : વિનય...!

વિનય : હા પિતાજી, એકલી મૂડી જ નહિ, પણ એ તમારા કાયમના ઋણી બની રહેશે ! (વિરામ)

શર્મિષ્ઠા : આ દસ લાખ રૂપિયા ખૂબ ઉપયોગી છે. અને જો તમને સારી નોકરી નહિ મળે, તો વિનય પણ તમને મદદ કરશે...

વિનય : અત્યારે તમે કેવળ ૪૩૨ રૂપિયાના પગારદાર છો !

ઉર્વશી : હવે એ દિવસો પૂરા થયા, પપ્પા...

શર્મિષ્ઠા : હું ફરીથી વિનંતી કરું છું કે વિનય કહે છે એમ કરો.

વિનય : (ગુસ્સાથી) મમ્મી, આ બાબતમાં મને એકલાને ન સંડોવ ! (ઉર્વશી રડી રહે છે.)

પિતાજી, પેપરવાળાઓને તમે હજી સુધી કંઈ કહ્યું નથી. અને કાલે બીજું કંઈ કહેશો નહિ. જો મિત્રને વળગી રહેશો તો એનું બહુ મોટું મૂલ્ય છે. એમણે તમારા માટે ઘણું કર્યું છે !

રામલાલ : (સ્તબ્ધ બની સૌ તરફ જોઈ રહે છે. પછી આજીજીના સૂરમાં) એટલે તમે – તમે બધાં મને એ પૈસા – મને એ પૈસા લઈ લેવાનું કહો છો ? (સૌ ચૂપ છે.) બોલો, એકાદ જણ 'હા' કે 'ના' કહો... (ચૂપકીદી) સાંભળી લો, હું વિનયકાન્ત સાથે ભાગીદારી કરવાનો નથી.

શર્મિષ્ઠા : શું કામ નહિ ?

રામલાલ : લોકો એમના પર વિશ્વાસ મૂકશે નહિ...

વિનય : તો પછી તમારે બીજા કોઈની સાથે ભાગીદારી કરવી જોઈએ. દસ લાખ એ બહુ મોટી રકમ છે !

રામલાલ : (બારી તરફ જાય. બહાર જુએ) હે ભગવાન, આવો દિવસ આવશે એની મને કલ્પના જ નો'તી ! તમે બધાં મને કેવાં કેવાં બહાનાં બતાવો છો ! હું આ પૈસા લઉં તો અનીતિ ગણાય અને તમે - તમે - તમે બધાં પણ એ વાત સારી રીતે સમજો છો..! બોલો કબૂલ કરો..

વિનય : કોઈને કંઈ સાંભળવું નથી.

રામલાલ : વિનય, આપણે સૌ દુનિયા માટે જે હોઈએ તે... પણ આપણે ચારે જણે પરસ્પર તો પ્રમાણિક રહેવું જોઈએ. ખરું ને ? (બધાં તરફ વારાફરતી જુએ. સૌનાં શિર ઝૂકેલાં છે. શર્મિષ્ઠા કશુંક ગૂંથ્યા કરે છે. રામલાલ શર્મિષ્ઠાનું માથું ઊંચકી તેની સામે નજર માંડે છે.) જૂઠાં, દંભી દગાબાજ... અને હું

પણ તમારા જેવો જ છું ! આપણે આપણાં હૃદયો ખુલ્લાં કર્યાં છે અને ઈશ્વર પણ જોઈ રહ્યો છે... બોલો... શા માટે મને જવાબ આપતાં નથી ?

શર્મિષ્ઠા : રામ, હજી કહું છું કે એ કશું ખોટું નથી !

રામલાલ : શર્મી, એ સાચું પણ નથી...

વિનય : પિતાજી, (ભારપૂર્વક) દસ લાખ રૂપિયા એ સામાન્ય રકમ નથી !

રામલાલ : વિનય દીકરા, મારી આંખોમાં જો જરા, કંઈ દેખાય છે ?

વિનય : (ત્યાં જ) તો પછી તમે ના કેમ પાડી ? ખરેખર, તમને અમારો ડર હતો ?

રામલાલ : (લાંબા સમય બાદ) હા દીકરા...

વિનય : પણ હવે તો કોઈ જાણવાનું નથી !

રામલાલ : આપણા ચાર સિવાય...!

વિનય : હા, પિતાજી...

(બધાં એકદમ છૂટાં પડી દૂર ઊભાં રહે છે. શર્મિષ્ઠા ગૂંચવાતી ગૂંથવાનાં ફાંફાં મારે છે. ઉર્વશી રડમસ ચહેરો હાથથી ઢાંકે છે. રામલાલ બેસી પડે છે. વિનય બારી બહાર જોઈ રહે છે. આકાશમાં ભયંકર કડાકો થાય છે...)

વિનય : આપણા ઘર તરફ કોઈ આવતું લાગે છે...

શર્મિષ્ઠા : કોણ હશે ?

વિનય : અહીંથી બરાબર જોઈ શકાતું નથી, પણ મિ. કપૂર હોય એવું લાગે છે !

નોકર દલપત : (પ્રવેશીને) કોઈ સજ્જન તમને મળવા આવ્યા છે.

રામલાલ : કોને – મને ?

દલપત : (કાર્ડ આપતા) હા, એમણે આ કાર્ડ આપ્યું છે.

રામલાલ : (વાંચીને) હા, મિ. કપૂર જ આવ્યા છે.

શર્મિષ્ઠા : કોણ, નૅશનલ બૅંકના ચૅરમેન ?

રામલાલ : હા, એ જ આવ્યા છે. એમને મારું શું કામ પડ્યું ?

દલપત : હું એમને અહીં મોકલું ?

રામલાલ : હા, હા એમને અહીં જ લઈ આવ. (દલપત જાય છે.)

શર્મિષ્ઠા : રામ, તમે જે કંઈ કહો તે સાચવીને કહેજો. કાલે તમારે જુબાની માટે કઠેડામાં ઊભા રહેવાનું છે !

રામલાલ : હા, હું એનું બરાબર ધ્યાન રાખીશ...

મિ. કપૂર : (પ્રવેશીને) હલો રામલાલ... (હાથ મિલાવે) અને તમે મિસિસ રામલાલ, (હાથ જોડી નમસ્કાર) હલો.. હલો... તમે બધાં સાથે મળીને બપોર પસાર કરી રહ્યાં છો...!

શર્મિષ્ઠા : અમે હમણાં બહાર જવાની તૈયારી કરતાં હતાં, ઉર્વશી, ચાલ જઈએ...

મિ. કપૂર : મારે કારણે જતાં ન રહેતાં... અમારે કંઈ ખાનગી નથી. તમે અમારી વાતચીત સાંભળી શકો છો. (રામલાલને) રામલાલ, તમારે નૅશનલ બૅંક તરફ આવવાનું થાય ત્યારે મને મળજો. ત્યાં તમારા માટે બૅંકના મૅનેજરની જગાની હું ઑફર કરું છું...

રામલાલ : એમ ? તમે સાચું કહો છો ?

મિ. કપૂર : (હસીને) બિલકુલ સાચું... એ જગા ન હોત, તો કહેત જ નહિ. આજે બપોરે હું મિ. વિનયકાન્તને મળ્યો હતો. એમણે તમને જે ઑફર કરી હતી અને તમે જરા પણ ખોટું કરવા તૈયાર ન થયા, તેથી એ પણ ખૂબ પ્રભાવિત થયા છે અને તમને અભિનંદન પાઠવ્યા છે અને એમણે બધો ગુનો કબૂલી લીધો છે.

રામલાલ : (ખુરશીમાં ફસડાઈ પડતાં) શું એમણે બધું કબૂલી લીધું ?

મિ. કપૂર : એમણે મને પૂરેપૂરું જે બન્યું હતું તે બધું જ કહ્યું. (શર્મિષ્ઠાને) આવતી કાલે બધું જાહેર થશે ત્યારે દરેક જણ કહેશે કે તમારો પતિ કેવા ઊંચા મૂલ્યવાળો નીતિનિષ્ઠ છે ! કેવી ઉમદા વફાદારી ! વાહ, તમારા પતિને મારા હાર્દિક ધન્યવાદ છે..

શર્મિષ્ઠા : (રામલાલ નજીક જઈ) અરે... અરે... તમે કેમ રડી રહ્યા છો ?

18

---

## સાભાર સ્વીકાર

### હાસ્ય

(૭૦) હસો નહીં તો મારા સમ : સાંઈરામ દવે, ૨૦૧૫, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૭૫, રૂ. ૧૪૦ (૭૧) સ્માઇલનું સુનામી : સાંઈરામ દવે, ૨૦૧૫, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૭૬ રૂ. ૧૪૦ (૭૨) ધીરજનાં ફળ કડવાં ? : સંકેત પારેખ, ૨૦૧૫, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૫૬, રૂ. ૬૫ (૭૪) આઈ સું કરીયું બાવાજી : હરીશ નાયક, ૨૦૧૫, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨+૨૫૨, ૪૬૦

**અભ્યાસ**

# ચિનુ મોદીનું ''અશ્વમેધ'' – સમીક્ષાત્મક અભ્યાસ

■ ડૉ. ઋષિકેશ રાવલ ■

આપણે એ બાબતથી સુપરિચિત છીએ જ કે, આપણા સાહિત્યમાં (Myth) પુરાકથાને આધાર બનાવીને એના પાતળા તંતુ ઉપર ઉત્કૃષ્ટ સાહિત્યકૃતિઓની રચના થઈ છે અને પ્રશંસા પણ પામી છે. મુનશીનાં પૌરાણિક નાટકો જેમ કે 'પુરંદર-પરાજય એનું ઉદાહરણ છે પરંતુ પુરાકથાનાં પાત્રોને કે વસ્તુને સ્વીકારી નવું અને સમસામયિક અર્થઘટન આપવાની ઘટના કરતાં પણ અલગ રીતે, કે જેમાં માનવના અંતર્મનમાં સુષુપ્તભાવે રહેલી વૃત્તિઓને પ્રગટાવવાનું કૌશલ કવિશ્રી ચિનુ મોદીએ 'અશ્વમેધ' નાટકમાં દાખવ્યું છે, મેં અહીં બહુ જ સભાનતાપૂર્વક 'કવિશ્રી' શબ્દ પ્રયોજ્યો છે કારણ કે અહીં એમનો કવિજીવ સતત ક્રિયાશીલ દેખાય છે. **'कवयः क्रान्तदर्शिनः** – ઉક્તિ અનુસારનું કાન્તદર્શન પણ.

'અશ્વમેધ' નામનો યજ્ઞ રાજાના ચક્રવર્તિત્વ માટે પ્રયોજાતો, જે રામ-લવ-કુશની કથાને આધારે આપણને વિદિત છે. 'અશ્વ' – પૂર્ણ પૌરુષનું પ્રતીક પણ ક્વચિત્ નિર્દેશિત છે. આ બંનેને કલાત્મક રીતે ચિનુભાઈએ આ નાટ્યકૃતિમાં વણી લીધાં છે. એમની પ્રસ્તાવના મુજબ યજ્ઞીય અશ્વ પ્રશાસિત કે પ્રશાસ્ય પ્રદેશોમાં પરિભ્રમણ કરી પાછો આવે અને રાજાની રાણી સાથે મૈથુનમાં પ્રયોજાય – અપ્રાકૃતિક અને અસંભવ લાગતી આ લોકાધ્કૃત વસ્તુતઃ મહારાજ્ઞીનીની પૂર્ણ પૌરુષપ્રાપ્ત પતિ માટેની એષણાનું પ્રતીક બની રહે, એ બાબતને ઉઘાડ આપવાનો અહીં પ્રયત્ન દેખાય છે. અલબત્ત, આવી લોકવાયકાઓને આધારે સૃષ્ટિક્રમથી વિરુદ્ધ જાતીયવૃત્તિ પ્રબળ બને, સ્વાભાવિક બને તોપણ એનો અંત તો કરુણ જ આવે એ સંઘર્ષ અને કરુણતાને પણ નાટ્યકારે સુંદર રીતે પ્રગટ કરી છે.

ચિનુ મોદીનું 'અશ્વમેધ' ત્રણ-ત્રણ દશ્યોના ત્રણ અંકોમાં વિસ્તૃત છે. પ્રથમ અંકનું પ્રથમ દશ્ય કથાગાનથી આરંભાય છે.

**'મન માણસનું એવું, જેનો કોઈ ન સમજે ભેદ,**
**ચક્રવર્તી રાજાની રાણી બનવા મનમાં હામ,**
**સુંદરતાના સાર સમાણી રાણી મોહિની નામ,'**

ગીતની પંક્તિઓમાં જ સર્જક નાટકની નાયિકા 'મોહિની'નો આછો પરિચય કરાવી દે છે. દાસી મંચ ઉપર પ્રવેશીને પીઠ ફેરવીને ઊભેલી નાયિકા રાણી મોહિનીને જણાવે છે કે – "રાણી મા દ્વાર ખોલો, સ્વયં મહારાજા પધાર્યા છે. દાસી અને રાજા વિચિત્રસેન બે-ત્રણ વાર જણાવે છે છતાં રાણી મોહિની દ્વાર ખોલતી નથી કેમ કે રાણી, રાજાનું મુખ નહીં જોવાની પ્રતિજ્ઞા કરીને આ કોપભવનમાં આવી છે. રાણી મોહિની પોતાની ઇચ્છા પૂર્ણ કરશો તો જ તમારી સન્મુખ થઈશ એવી શરત મૂકે છે. વિચિત્રસેને તે શરત તુરત જ સ્વીકારી લેતાં મોહિની રાજાની સમક્ષ સન્મુખ થઈને પોતાના પ્રાણવલ્લભને ચક્રવર્તી તરીકે જોવાની ઇચ્છા વ્યક્ત કરે છે. રાજા જવાબમાં જણાવે છે કે – "ચક્રવર્તી થવાની મહેચ્છા તો અમને પણ છે પરંતુ અકારણ યુદ્ધે ચડી રક્ત વહેવડાવવું એ કેટલે અંશે યોગ્ય છે" ત્યારે મોહિની કહે છે કે – "સિંહને માટે પશુ-હિંસા એ પાપ ન લેખાય... ક્ષત્રિયની તલવાર તો મ્યાનમાં ન શોભે, આપે અશ્વમેધ યજ્ઞ કરવો જ રહ્યો." અંતે રાજા સંમત થતાં પ્રસન્ન થયેલી રાણી યજ્ઞ માટે અશ્વની પસંદગી પણ પોતે જ કરશે એવી ઇચ્છા પ્રગટ કરે છે. પોતાનો પતિ અશ્વમેઘ યજ્ઞ કરીને ચક્રવર્તી બને એના મૂળમાં રાણીની અશ્વ સાથેના મૈથુનની અદમ્ય એષણા જ છે. અંતે રાજા-રાણી બંને પ્રસન્ન થઈને શયનખંડમાં જાય છે અને દૃશ્યાંતે "મન માણસનું એવું" – એ કથાગાન થાય છે.

અશ્વોની હેષા અને દાખલાઓના અવાજની સાથે બીજું દૃશ્ય આરંભાય છે. મંચ ઉપર સાત ઘોડા દોડતા દેખાય એની સાથે નેપથ્યમાંથી "સૂરજને રથ જોડાતા જે અશ્વો સાતે સાત, એ અશ્વો ધરતી પર આવ્યા એવા આ રળિયાત' – એવું કથાગાન પૂર્ણ થતાં, રાણી મોહિની યજ્ઞના અશ્વની પસંદગી માટે અશ્વશાળામાં જઈને જેનું માર્દવ પૂર્ણપૌરુષથી વિશેષ હોય અને પીઠ પર શ્યામ રંગની ઝાંયથી ઉશ્કેરી મૂકતો હોય તેવો અશ્વ બતાવવા અશ્વપાળને આદેશ કરે છે. અશ્વપાલ યજ્ઞ માટે પાણીપન્થા, વાયુવેગી, ગગન ગજાવતી હેષાવાળો, ગૌરવર્ણો, કાળા રંગનો એમ પાંચ અશ્વો બતાવે છે પરંતુ રાણી નિરાશ થાય છે, આથી અશ્વપાલ દ્વારા લાવવામાં આવેલો છેલ્લો અશ્વ 'બીજક' રાણીને આકર્ષે છે. તે જ ક્ષણે રાણી ફાલ્ગુન માસના શુક્લ પક્ષની અષ્ટમીએ અશ્વમેધ યજ્ઞનો આરંભ થશે એવી જાહેરાત કરી અશ્વનું ચિત્ર બનાવવાનો આદેશ આપીને, તેની વિશેષ કાળજી રાખવાનાં સૂચનો આપે છે અને ત્યાં જ 'મને માણસનું એવું' એ કથાગાન સાથે દૃશ્ય પૂર્ણ થાય છે.

ત્રીજા દૃશ્યમાં એ કુમાર અને કન્યા અનામિકા ઢોલની દાંડી પીટતાં-પીટતાં મંચ ઉપર પ્રવેશે છે અને નગરમાં જુદાં-જુદાં સ્થળોએ ફરીને'અવધપુરીમાં અશ્વમેધ યજ્ઞનો આરંભ થઈ રહ્યો છે. અને ફાલ્ગુન માસ શુક્લ પક્ષ આઠમની પ્રભાતે સરોવર કિનારે

એની વિધિનો આરંભ થશે અને રાણી એકવસ્ત્રે સજ્જ થઈને અશ્વને સ્નાન કરાવશે.' એવી જાહેરાત કરે છે. આ ઢંઢેરો પીટવાની ઘટના વચ્ચે કુમાર અને કન્યા અનામિકા વચ્ચે પ્રણયના અંકુર ફૂટે છે, જે ઘટના મૂળ ઘટનાને ઉપકારક બને છે.

બીજી પરોઢે સરોવરને કાંઠે માનવમેદની એકત્ર થવા લાગે છે, થોડીક જ ક્ષણોમાં રાજા-રાણી અને બ્રાહ્મણો એક અશ્વ 'બીજક' સાથે ત્યાં પ્રવેશે છે. યજ્ઞવિધિના આરંભ માટે મુખ્ય બ્રાહ્મણ રાજાને પ્રજાની વચ્ચે ઊભા રહેવાનો અને રાણીને એકવસ્ત્રા બનીને અશ્વને સરોવરમાં સ્નાન કરાવવાનો આદેશ કરે છે. સ્નાનક્રિયા વખતે પૌરુષથી છલકાતા અશ્વને જોઈને રાણીની અશ્વકામના ઉત્કટ બનતાં અશ્વને ચુંબનો કરીને પોતાનાં સ્તનમંડળોનો સ્પર્શ કરાવે છે. આત્મરતિ અનુભવતી રાણી બોલી ઊઠે છે કે ''અમારું અંગે અંગ એક વર્ષ સુધી તને ઝંખશે... બીજક'' – અને તરત મોહિની અંતરપટ ભેદીને રાજાને અભિનંદન આપતાં કહે છે કે – 'પ્રાણવલ્લભ, આપને ચક્રવર્તી થવાનો શુભ યોગ શરૂ થઈ ગયો છે.' વિચિત્રસેન જણાવે છે કે - ''પ્રિય.. અશ્વના શરીરને આપે સ્નાન કરાવવું પડ્યું, અમારે કારણે...' મોહિની એના પ્રત્યુત્તર રૂપે જણાવે છે કે – ''આપ ચક્રવર્તી થતા હોવ તો આપને માટે આ મસ્તક પણ ઉતારી દઉં અને 'મન માણસનું એવું' કથાગાન સાથે પ્રથમ અંક પૂર્ણ થાય છે.

બીજા અંકના પ્રથમ દશ્યમાં અશ્વમેધ યજ્ઞ અંતર્ગત વિજેતા બનવા નીકળેલા અશ્વની સાથે સૈનિકો દોડે છે ત્યારે નાટ્યકારે – ''આગળ આગળ અશ્વ દોડતો, પાછળ-પાછળ સૈન્ય'' એવું ગીત મૂકીને દશ્યને ખૂબ પ્રભાવક બનાવી દીધું છે. અશ્વની પાછળ દોડીને સાંજ પડતાં સૈનિકો થાકીને એકબીજાનાં ભોજન, વિરામ, ઊંઘ અને સુખ-દુઃખના હાલચાલ પૂછે છે, એમાંના બે સૈનિકો કુમાર અને ચંદ્રસેનના વાર્તાલાપમાંથી એ સ્પષ્ટ થાય છે કે ચંદ્રસેનનાં લગ્ન ગોરાંદે નામની યુવતી સાથે હાલમાં જ થયેલા છે તો કુમાર, અનામિકા નામની યુવતીના પ્રેમમાં છે અને જેઓ અશ્વમેધ યજ્ઞ પછી લગ્નગ્રંથિથી બંધાવાના છે. આ અનામિકા રાણી મોહિનીની દાસી નહીં પણ સખી છે. કુમારને રોજ પોતાનાં લગ્ન-સ્વપ્નો આવે છે તો ચંદ્રસેનને રોજ એકનું એક અશ્વ 'બીજક'નું ભયાનક સ્વપ્ન આવે છે. કુમાર, ચંદ્રસેન પાસે એ ભયંકર સ્વપ્ન જાણવા માટે જીદ કરે છે ત્યારે ચંદ્રસેન આ સ્વપ્ન બાબતે કોઈને કશું જ ન કહેવાની શરતે તૈયાર થાય છે. આ સ્વપ્નનું દશ્ય સર્જકે અત્યંત નાટકીય ઊભું કર્યું છે.

મંચ ઉપર અંધકાર પછી પ્રકાશ છવાય છે અને એક મુખ ઢાંકેલી યુવતી પોતાની પાયલના છમછમ અવાજ સાથે અશ્વની પાસે જઈને હાંફતા અશ્વને વિવિધ કામુક નૃત્ય-મુદ્રાઓથી આકર્ષે છે, તે કામાવેગથી અશ્વને પસવારે છે, ચુંબન કરે છે અને

પોતાના વક્ષઃસ્થળનો સ્પર્શ કરાવે છે. અશ્વની આવેગભરી હેષાની સાથે તે યુવતી બીજકની પાછળ જાય છે અને મુખ ઉપરનું આવરણ દૂર કરતાં તે મોહિની નીકળે છે. મોહિની મોહક હાસ્ય કરીને બીજક ઉપર ગીધની જેમ તૂટી પડે છે. પીંખાયેલો અશ્વ મૃતક અવસ્થામાં ફેંકી દેવાયો છે અને મંચ ઉપર અંધકાર છવાય છે. ''અશ્વ, અરે રે બિચારો ગીધડાંથી ટોચાય, શક્તિનો અવતાર હતો એ ભોંય ઉપર ફસડાય'' – એ ગીત સાથે દૃશ્ય પૂર્ણ થાય છે.

પ્રાતઃ કાળે સૂર્યની આરાધનાથી બીજા દૃશ્યનો આરંભ થાય છે. અશ્વમેધની વિધિવિધાન મુજબ રાણી મોહિની સૂર્યદેવને ભાવભરી અંજલિ આપતાં પ્રાર્થના કરે છે કે – ''હે સૂર્યદેવ ! તમારા એક ચક્રવાળા રથમાં તો સાત-સાત અશ્વો છે, મારા મનોરથને એક જ અશ્વનું આકર્ષણ છે, એક જ અને એ બીજક, હે દેવ ! એની રક્ષા કરજો, મારી કામેચ્છા...'' મોહિની દ્વારા અશ્વની સલામતી માટે કરવામાં આવતી આ પ્રાર્થનાના મૂળમાં એની અશ્વકામના જ છે, આ પૂજા દરમિયાન જ વિચિત્રસેન ત્યાં પ્રવેશી જતાં મોહિનીનો મનોભાવ તરત જ બદલાઈ જતા બોલી ઊઠે છે કે – ''હે રશ્મિરથિ ! અમારા બીજકની યાત્રા નિર્વિઘ્ન બનાવી, અમારા મહારાજાને ચક્રવર્તી બનાવજો'' આ સાંભળી રાજા એવું અનુભવે છે કે પોતાને ચક્રવર્તી બનાવવા રાણી કેટલું બધું કષ્ટ ઉઠાવી રહી છે ! રાજા પાસેથી અશ્વ રોજના પચાસ કોશ દોડીને પોતાની યાત્રા કરતો હોવાનું જાણીને મોહિની બીજકને મળવા-પામવા અધીરી બને છે. એક તરફ સતીત્વ - એક પતિવ્રત ધારિણી હોવાની પરંપરાગત ભાવના અને અ-તૃપ્ત જાતીય વૃત્તિનો સંઘર્ષ અહીં સર્જકે પ્રગટ કર્યો છે.

રાજા વિચિત્રસેન સ્નાન કરવા જાય છે ત્યારે રાણી મોહિની જણાવે છે કે, આજે પેલો ચિતારો બીજકનું ચિત્ર લઈને આવવાનો છે ત્યારે રાજા આજે અનુકૂળ નહીં હોવાથી કાલે જોઈશું એમ કહીને ત્યાંથી જતા રહે છે પરંતુ મોહિની એમ માને છે કે રાજાના મનમાં બીજક પ્રત્યે ઈર્ષ્યાભાવ જાગ્રત થયો હશે. એટલામાં જ પોતાની સ્મરણશક્તિના સહારે બીજકનું દોરેલું ચિત્ર લઈને ચિતારો ત્યાં પ્રવેશે છે, ચિત્ર ઉપરનું આવરણ દૂર થતાં જ મોહિની અતિ પ્રસન્ન થઈ ઊઠે છે અને કલાકારની કલાની કદર રૂપે તેને પોતાના ગળામાંનો હીરાજડિત હાર ભેટમાં આપી દે છે પરંતુ વિવેકી કલાકાર તેનો અસ્વીકાર કરતાં જણાવે છે કે – ''આપના સૌંદર્યને ખંડિત કરવાનું પાપ હું ન કરી શકું !'' અંતે મોહિનીના આગ્રહને વશ થઈને ચિતારો રાણીનું ચિત્ર દોરવાની અનુમતિ માંગી લે છે ત્યારે ''કદી ન જાણે પુષ્પ, સુગંધ કેવી છલકાવે એ, કેવું એનું રૂપ...'' એવા કથાગાન સાથે દૃશ્ય પૂર્ણ થાય છે.

બીજા અંકના તૃતીય અને અંતિમ દૃશ્યના આરંભમાં બીજકના ચિત્રની સામે

દાસી અનામિકા પોતાના પ્રિયતમ કુમારને પોતાની સાથે દોડવીને થકવી ન નાખવા અને પોતાની વિરહાવસ્થાનો સંદેશો પહોંચાડવા વિનંતી કરે છે. રાણી મોહિની આ સાંભળી જતાં તેને કુમાર-અનામિકાના પ્રણસંબંધની ખબર પડી જાય છે, તેથી અનામિકા શરમાઈ જાય છે. બંનેની વાતચીતમાં રાણી પણ પોતાની વ્યાકુળતા વિશે જણાવે છે કે – ''મારા તનમાં કામજ્વર પ્રગટ થયો છે અને એ કામજ્વર પ્રગટ કરનાર કદાચ કોઈ પુરુષ ન પણ હોઈ શકે'' એમ જણાવી પોતાની વાત અધૂરી છોડી દે છે ત્યારે અધૂરી વાતથી અનામિકા રિસાઈ જાય છે, તેને મનાવવા મોહિની, અનામિકાને પોતાના ભૂતકાળની એક ઘટના જણાવે છે અને એ ઘટના વડે નાટ્યકાર મોહિનીની અશ્વકામનાનું અનુસંધાન કથા સાથે સુંદર રીતે વણી લે છે. કથાગાનથી મોહિનીના ભૂતકાળની કથાનો આરંભ થાય છે – ''સોળ વરસની ઉંમર એ તે કેવી ઉંમર ? નહીં અંદર, નહીં બહાર, પગને જકડે ઉંબર'' કથાગાન દરમિયાન મંચ ઉપર એક કળી દેખાય અને સાથે ભમરાનો ગુંજારવ સંભળાય ત્યાં મોહિની એક પૂર્ણ પુષ્પ સાથે પ્રવેશીને કળીને પૂછે છે કે – ''ક્યાં સુધી તું કળી રહીશ ? અને ત્યાં જ મોહિનીની યુવાવસ્થામાં તેને પ્રથમ વાર મળવા આવેલા કૈશલદેશના રાજકુમાર મકરધ્વજ સાથેની સાહજિક વાતોમાં 'તેજસ' અશ્વ અને તેનું સુંદર વર્ણન કરતાં કરતાં તેની ઉપરની પ્રથમ વખતની સવારી વખતે વિચિત્ર આનંદ પ્રાપ્ત થયો હતો એમ જણાવે છે. મકરધ્વજ પૂછે છે કે 'કેવો વિચિત્ર આનંદ ?' ત્યારે મોહિની કહે છે કે – 'એની પીઠ સાથેના સતત ગતિયુક્ત સંયોગને કારણે કે શાથી, પણ અમે રતિસુખનો અનુભવ... એ ક્ષણથી... એ ક્ષણથી તેજસ ઉપર બેસતાં દરેક દિવસ આવો જ અનુભવ થાય છે. આથી ક્રોધિત બનેલો મકરધ્વજ દોડતો જઈને પોતાની તલવારથી 'તેજસ' અશ્વને એક જ ઝાટકે મારી નાખે છે એની અંતિમ હેષાની સાથે જ મકરધ્વજની પણ અંતિમ ચીસ સંભળાય છે. મોહિની મકરધ્વજને હણી નાંખે છે અને ઉન્મત્ત બનેલી મોહિની અટ્ટહાસ્ય કરતી – ''સોળ વરસની ઉંમર કેવી...'' ગીત ગાવા લાગે છે અને દશ્યાંત થાય છે.

ત્રીજા અંકના પ્રથમ દશ્યમાં રાણીના વર્તનથી શક્તિ અને અસ્વસ્થ બનેલા રાજા શિથિલગાત્રે બેઠા છે ત્યારે દાસી ત્યાં પ્રવેશીને રાજાની તબિયતના સમાચાર પૂછે છે અને રાજા મોહિની વિશે પૂછતાં, દાસી જણાવે છે કે – ''રાણી બા અશ્વમેધ યજ્ઞની તૈયારી અને વ્યવસ્થામાં વ્યસ્ત છે. રાજા, મોહિની પ્રત્યે ફરીથી શંકિત બને છે એવામાં જ દાસી અનામિકા દૂતના આગમનની જાણ કરે છે. અસ્વસ્થ વિચિત્રસેન એને અમાત્યને મળાવી દેવા જણાવે છે. વિચિત્રસેન આરામ માટે જાય છે એવામાં જ મોહિની દૂતને મળે છે અને એની પાસેથી જાણે છે કે સિંહલદ્વીપની રાજકુમારીએ બીજકને

પામવા જીદ પકડી પણ સિંહલ નરેશે અશ્વમેધ યજ્ઞનો અશ્વ હોવાથી તે મેળવી આપવાની ના પાડતાં રાજકુમારીએ આત્મહત્યા કરી લીધી. અશ્વસૌષ્ઠવના આ સમાચારથી પ્રસન્ન થયેલી મોહિનીએ દૂતને સો સુવર્ણમુદ્રા આપવાનો આદેશ કર્યો, અને પોતે પણ અશ્વકામનાના વિચારોમાં મગ્ન બની જાય છે, પરંતુ તેવામાં જ રાણી દાસી પાસેથી રાજાની અસ્વસ્થતાના સમાચાર મેળવી ત્યાં દોડી જાય છે અને રાજાને જણાવે છે કે – ''પ્રાણવલ્લભ આમ, આપ શરીર નહીં સાચવો તો કેમ ચાલશે ? હવે તો આપ ચક્રવર્તી થશો.'' રાજા પ્રત્યુત્તરમાં જણાવે છે કે – ''તમારું નૈકટ્ય ખૂંચવી લેવાનું હોય તો ચક્રવર્તીપણું અમને ન ખપે''. રાજા મોહિની સાથે શયન માટે ઉત્સુક બની તેને શયનખંડમાં ખેંચવા પ્રયત્ન કરે છે ત્યારે મોહિની અશ્વમેધ યજ્ઞની વિધિ અંતર્ગત રાજાની સ્તુતિ કરવા હમણાં જ બ્રાહ્મણો આવશે એમ કહીને શયનસુખની વાત ટાળી દે છે. એવામાં જ બ્રાહ્મણો આવીને સ્તુતિગાન શરૂ કરે છે તેથી શરીરસુખ માટે વ્યાકુળ બનેલા રાજા અધવચ્ચેથી જ બ્રાહ્મણોને અટકાવી સુવર્ણમુદ્રા આપીને રવાના કરી દે છે. મોહિની આમ કરવાનું કારણ પૂછતાં રાજા જણાવે છે કે – ''સમ્યક્ શૃંગાર વખતે કોઈનીયે સ્તુતિ સાંભળવા અમે ટેવાયેલા નથી, સિવાય કે તમારી, મધુમુખી ચાલો હવે શયનખંડમાં.'' શયનખંડમાં પ્રવેશતાં જ રાજાના હૃદયમાં શૂળ પેદા થાય છે. આમ છતાં રાજા મોહિની પાસે સહશયન માટે આગ્રહ કરતાં મોહિની કહે છે કે – ''નહીં મહારાજ વિચિત્રસેન આ ક્ષણ શૃંગારની નથી, અમે રાજવૈદને કહેણ મોકલાવીએ છીએ, અશ્વમેધ યજ્ઞ પૂર્ણ કર્યા પછી આપને ચક્રવર્તી જોવાની અમારી કામના છે.'' વિચિત્રસેન જણાવે છે કે – ''કામના નહીં... વાસના...'' એમ પ્રથમ દૃશ્ય પૂર્ણ થાય છે.

બીજા દૃશ્યના આરંભમાં સતત એક વરસની યાંત્રિક દોડથી થાકેલા, હારેલા, લાચાર અને દુર્બળ બનેલા અશ્વ બીજક, કુમાર, ચંદ્રસેન અને સાથે કેટલાક સૈનિકો મંચ ઉપર ઊભા છે, જાણે કે અશ્વ અને સૈનિકોના માથે મૃત્યુનો ભય ઘૂમી રહ્યો હોય એના પ્રતીકરૂપે તેમની ઉપર ગીધ પક્ષીની પાંખોના પડછાયાવાળું નૃત્ય ભજવાય છે, એની સાથે જ આ ભાવને વધુ ઘેરું બનાવતું કથાગાન આરંભાય છે :

**''તેજ વગરનો અશ્વ અને નહીં યોદ્ધામાં ઉત્સાહ,**
**એક વરસની અવધિ વચ્ચે શેષ હવે સપ્તાહ.''**

મંચ ઉપર બીજક-મોહિની, કુમાર-અનામિકા, ચંદ્રસેન અને વિચિત્રસેન આ ત્રણેય જોડીઓમાં ગોઠવાય છે. દરેકના મનમાં અનેક પ્રકારની ભ્રાંતિઓ છે અને આ મનોભ્રાંતિને પ્રગટ કરવા નાટ્યકારે પડછાયાની નાટ્યપ્રયુક્તિનો ઉત્તમ રીતે પ્રયોગ કર્યો છે, વિચિત્રસેનનો પડછાયો ચંદ્રસેન સાથે વાતો કરીને અશ્વમેધ યજ્ઞ વડે

વિશ્વવિજેતા બનવા માટે આ છેલ્લું સપ્તાહ દોડી લેવા એને પ્રોત્સાહિત કરે છે, પરંતુ હંમેશની આ યાંત્રિક દોડથી હવે એક ડગલુંય ભરવા માટે અશક્તિમાન બનેલો, હારેલો ચંદ્રસેન એને જણાવે છે કે ''ક્ષમા કરો... ક્ષમા કરો... દરેક સત્તાધીશની આવી વીરત્વ જગાડનારી વાણીની મદિરાથી હવે મત્ત થનારા સૈનિકોમાં હું નથી રહ્યો. અમારે ક્યાં સુધી આપ જેવા સત્તાધીશોની સત્તા વધારવા, ટકાવવા, આયુષ્યની એક-એક ક્ષણને બિનઅંગત બનાવી દેવાની ?'' ત્યારે વિચિત્રસેનનો પડછાયો કહે છે કે – ''અવધપુરીના ગૌરવની આકાંક્ષાથી આરંભ્યો છે અશ્વમેધ !'' ચંદ્રસેન જણાવે છે કે – ''એ સત્ય નથી મહારાજ, સત્યને પચાવવું ઘણું અઘરું હોય છે.'' મહારાજે સત્યને જણાવવા ચંદ્રસેનને અભયવચન આપ્યું ત્યારે ચંદ્રસેન કહે છે કે સમગ્ર યાત્રા દરમિયાન મને અને દરેક સૈનિકોને એક ભયંકર સ્વપ્ન આવતું હતું. રાજાનો પડછાયો એ સ્વપ્ન જાણવા ઉત્સુક બને ત્યાં જ મંચ ઉપર અંધકાર છવાઈ જાય છે, અને હવે મંચ ઉપર કેવળ અનામિકા અને હતપ્રભ બનેલો કુમાર છે. થાકીને લોથપોથ થઈ ગયેલો કુમાર જણાવે છે કે, ચંદ્રસેનને જે દુઃસ્વપ્ન આવતું તેવું સ્વપ્ન મને અને અન્ય સૈનિકોને પણ આવતું. ઘણાં તો એ દુઃસ્વપ્નથી ધ્રૂજી ઊઠતા હતા. અનામિકા એક સપ્તાહ પછીના મિલન માટે ઉત્સુક છે પણ હવે કુમારને મિલન માટે કોઈ જ ઉત્સાહ નથી અને અનામિકાને જણાવે છે કે ''અશ્વમેધના અશ્વ પાછળ તું એકસરખું દોડી હોત તો તને પણ સમજાત કે કાળને કોઈ આંબી શકતું નથી.'' પુનઃ અનામિકા કુમારને મિલન માટે પ્રોત્સાહિત કરે છે ત્યાં જ મંચ ઉપર અંધકાર થાય છે.

મંચ ઉપર પુનઃ પ્રકાશ ફેલાતાં મોહિની બીજકની ડોકે વળગેલી છે અને સોળમા વર્ષે અશ્વકામનાના અપૂર્ણ રહેલા સ્વપ્નને પૂર્ણ કરવા માંગે છે. અશ્વને પામી પોતાના ગર્ભ દ્વારા એને પુનઃ જન્માવવા ઇચ્છે છે. એટલામાં જ ત્યાંથી ગીધોના ટોળાનો ધસારો થતાં અશ્વ બીજક હતપ્રભ થઈ પારોઠનાં પગલાં ભરીને સ્થિર ઊભો થાય છે, પાછળ પગલાં ભરતાં બીજકની સામે જોઈને મોહિની એને 'પ્રેમની ભાષા કેમ સમજાતી નથી ?' એમ એની સાથે વાત કરવા માંગે છે, ત્યાં જ કથાગાન શરૂ થાય છે : ''ભલે ભ્રમર એ કીટ હોય, પણ જાણે ફૂલની ભાષા.'' ફરીથી મોહિની બીજકને બોલાવવામાં નિષ્ફળ જતાં ઉશ્કેરાટથી ગાવા લાગે છે. ''લોહીઝાળ લાગણીઓ મારી, બીજક પડઘો પાડ.'' અંતે માદક હાસ્ય સાથે બીજકને પૂછે છે કે – ''હું તારી વાટ જોઈશ. બીજક, તું આવી પહોંચીશ ને ? મેં તારામાં રાખેલી શ્રદ્ધાનો પડઘો પાડીશ ને ?'' અને તરત જ મંચ પર બે વાર અંધકાર તથા પ્રકાશ છવાય છે, અને બંને વખતે નાટ્યકારે અનામિકા દ્વારા કુમારને અને વિચિત્રસેન દ્વારા ચંદ્રસેનને કહેવડાવ્યું છે કે – ''તારામાં રાખેલી શ્રદ્ધાનો પડઘો પાડીશ ને ?'' અંધકારમાં આ શબ્દો વારંવાર પડઘાય છે અને

પ્રકાશ થતાં મંચ ઉપર બીજક અને યોદ્ધાઓ હાંફતા, લથડતા આવે છે એની સાથે જ થતું કથાગાન ''તેજ વગરનો અશ્વ અને નહીં યોદ્ધામાં ઉત્સાહ'' દશ્યને વધુ કરુણ બનાવે છે.

નાટકના અંતિમ દશ્યમાં અવધપુરીમાં અશ્વની પધરામણી રૂપે ભવ્ય ઉત્સવ ઊજવાય છે. પ્રજામાં નાચ-ગાન તથા અનેરો ઉત્સાહ છલકાય છે. જ્યારે બીજી બાજુ યાત્રા પૂર્ણ કરીને આવેલા અશ્વ અને યોદ્ધાઓ હતાશ, નિરાશ અને નિર્બળ છે. બીજકના આવવાથી પોતાની અશ્વકામનાની સંતૃપ્તિમાં જ ખોવાઈ ગયેલી મોહિનીને હવે રામની યજ્ઞ દીક્ષા વિધિ માટે રાજા પાસે કે પ્રજાના ટોળામાં જવું ગમતું નથી એટલું જ નહીં, હવે મોહિનીને બ્રાહ્મણો વડે થતાં વિધિ-વિધાનોમાં પણ જરાય રસ નથી. યજ્ઞની પૂર્ણાહુતિ રૂપે અશ્વ સાથે રાણીનો સહવાસ થયા પછી અશ્વને વિષ આપીને મારી નાંખવાનો હોય છે. બ્રાહ્મણો, અશ્વ માટે વિષ તૈયાર કરે છે તે દશ્ય થોડું નિરસ બને છે. સહવાસ વિધિ માટે બીજકને બ્રાહ્મણો દ્વારા અંતરપટમાં રખાયેલી મોહિની પાસે લાવવામાં આવે છે. રાજાને આ જાણ થતાં જ સમસમી ઊઠે છે, અહીં રાજા વિચિત્રસેનનો આંતરસંઘર્ષ નાટ્યકાર ખૂબ જ સુંદર રીતે પ્રગટ કરી શક્યા છે. વિચિત્રસેન મનોમન બોલી ઊઠે છે, અહીં રાજા વિચિત્રસેનનો આંતરસંઘર્ષ નાટ્યકાર ખૂબ જ સુંદર રીતે પ્રગટ કરી શક્યા છે. વિચિત્રસેન મનોમન બોલી ઊઠે છે કે – ''આવ્યો, અમારા પ્રિયનો ચિત્તપ્રદેશ જીતી લેનાર, અશ્વ આવ્યો, ક્ષણ માટે થાય છે કે હણી નાખું આ અશ્વને, ના, વિચિત્રસેન, ના, તું મોહિનીનો પતિ જ નથી, અવધપુરીનો રાજવી પણ છે... અશ્વમેધ તારે કરવો પડશે... રાજવી થનારને રહેતું નથી વ્યક્તિગત સુખ...'' અને મંચ ઉપર અંધકાર છવાય છે.

મંચ ઉપર પ્રકાશ છવાતાં અંતરપટમાં વેદી ઉપર મોહિની સૂતેલી છે, ત્યાં શિથિલ ગાત્રવાળો અશ્વ લાવવામાં આવે છે અને આ અંતરપટવિધિ અંતર્ગત વિપ્રવર્યો દ્વારા ગાલીપ્રદાન વિધિ થાય છે, જ્યારે અશ્વ આગળથી આંતરપટ ખસેડતાં એકદમ લાચાર, હતાશ, વિવિશ અશ્વને જોઈને મોહિની હતપ્રભ-નિરુત્સાહ બની જાય છે અને અશ્વ સંસર્ગની કામનામાં અંધ બનેલી મોહિની બોલી ઊઠે છે કે – ''જર્જર થઈ ગયેલો કોઈ શ્રમિક અશ્વ લાગે છે – જાણે વિચિત્રસેન અશ્વ થઈને અવતર્યા ન હોય – તું બીજક છે ? તું ? ક્યાં છે એ તરવરાટ તારા અંગમાં, જેની સાથે આટ-આટલા કાળથી પ્રતીક્ષા કરેલી હતી ? ક્યાં છે એ માર્દવભરી ચાલ ?'' મોહિની બીજકના તરવરાટ માટે કુમાર અને ચંદ્રસેનને પૂછે છે ત્યારે ચંદ્રસેન જણાવે છે કે ''એક વર્ષની અવધિમાં સતત દોડીને ક્ષીણ થઈ ગયા છીએ, અમે સહુ તનથી નહીં મનથી પણ...'' નિરાશ બનેલી મોહિની અશ્વકામનામાં અંધ બની આવેગમાં આવી જઈને વિચિત્રસેનની તલવાર

ખેંચી લેતાં જ મંચ ઉપર અંધકારની સાથે મોહિનીની મૃત્યુચીસ સંભળાય છે. પુનઃ પ્રકાશ થતાં જ મંચ પર અશ્વ અને વિચિત્રસેનની વચ્ચે મોહિની છાતીમાં તલવાર ભોંકાયેલી શબવત્ સ્થિતિમાં પડી છે, અંતે ''મન માણસનું એવું'' કથાગાન સાથે નાટક પૂર્ણ થાય છે.

આમ, સમગ્ર રીતે જોઈએ તો નાટકમાં નાયિકા મોહિનીની અશ્વકામના જ મુખ્યપણે નિરૂપાઈ છે, નાયિકાની ઉન્મત્ત કામવૃત્તિ વાચિક અને આંગિક બંને રીતે અહીં સુંદર રીતે પ્રગટે છે. અલબત્ત, સૃષ્ટિક્રમ વિરુદ્ધનો રતિભાવ એ અપરસ પેદા કરનાર બની રહે પરન્તુ આ વાસ્તવિકતાને ટાળી શકાય એવી નથી તે બાબતે પણ નાટ્યકારે ધ્યાન ખેંચ્યું છે, વળી સ્ત્રી સાથે જેટલો અસૂયાભાવ જોડાયો છે એવો ને એવો જ અસૂયાભાવ પુરુષ સાથે પણ જોડાયેલ છે, સ્ત્રીની અન્યને પામવાની-ભોગવવાની કામનાને પુરુષે વ્યક્તિગત અભિમાનનો પ્રશ્ન બનાવી દીધો છે. વિચિત્રસેન ચક્રવર્તી થવાનું માંડી વાળવા સુધી અસૂયાવશ થાય એ એનું દૌર્બલ્ય નાટ્યકારે અંતમાં બાખૂબી પ્રસ્તુત કર્યું છે. નાયિકાના મનમાં પેદા થતી કામના અને એની સંતૃપ્તિના પ્રયાસોમાંથી નિપજતી સંઘર્ષમય પરિસ્થિતિ અને અંતે જ્યારે એની અશ્વકામના ન સંતોષાતાં તેની કરુણતાને સર્જકે સુંદર પ્રગટ કરી છે. નાયિકાનો રાજા અને અશ્વ સાથેનો વ્યવહાર ક્યારેક વિરોધાભાસી લાગે આમ છતાંય, તેના આંતરમનને ખોલવામાં સર્જક સફળ રહ્યા છે. અકળ આંતરમનની એષણાઓ અહીં અકળ રહી નથી, અશ્વ જાતીયતાનું પ્રતીક બની ગયો છે તો રાણી અતૃપ્ત સંભોગપીડિતાનું પ્રતીક બની ગઈ છે જ્યારે રાજા કર્તવ્યપરાયણતા અને વૃત્તિવિવશતાનું પ્રતીક બન્યો છે. સૂક્ષ્મ મનોઘટના આટલી સ્થૂળ ન બની હોત તો કદાચ વધુ સ્પર્શક્ષમ બની હોત, અહીં મન અને આંતરમનનો સંઘર્ષ, સંઘર્ષ જ ન રહેતાં વાર્તારસમાં વહી જતો જણાય છે. સોળ વરસની કુમારિકાનાં અંગોએ અનુભવેલી ઉત્તેજના હજુ રાણીના મનમાં જ નહીં, દેહમાં પણ ઉપસ્થિત છે જે એને પૂર્ણપુરુષને પામવાની ઘેલછા સુધી ખેંચી જાય છે અને સદા સ્વાધીન બનવા તત્પર પતિના મનોપ્રદેશમાં અસૂયા જન્માવી પછીથી દૈન્ય તરફ દોરી જાય છે.

નાટકના સંવાદો પણ પાત્ર, પ્રસંગને અનુરૂપ સરળ, સચોટ, આકર્ષક અને કલાત્મક રીતે નિરૂપાયા છે. વળી વિધિવિધાનો માટે આવતા બ્રાહ્મણોની મનોવૃત્તિ પણ સરસ રીતે પ્રગટ થઈ જાય છે. આમ છતાં, સર્જકે અશ્વમેધ યજ્ઞની સાથે સંકળાયેલી સમગ્ર વિધિઓની ખૂબ જ સુંદર રીતે સંકલના કરીને સમાજમાં જોવા મળતા વિકૃત જાતીય સંબંધો અને સત્તાલાલચુ રાજનેતાઓ પાછળ ભોળા ભાવે સતત દોડતા નિર્દોષ નાગરિકોની કરુણ-દયનીય સ્થિતિને વાસ્તવિકતાથી પ્રસ્તુત કરી છે. લેખક નારીના

મનને આટલા ઊંડાણ સુધી કેવી રીતે પામ્યા હશે, એ પ્રશ્નન તો થાય જ, છતાં એને અભદ્રતાના સંસ્પર્શ સિવાય નિરૂપવાનું કલાત્મક સાહસ જાણે દાદ તો માગી જ લે છે (અપવાદરૂપ ગાલીપ્રદાન વિધિ).

વળી ચંદ્રસેનને આવતા સ્વપ્નની ઘટના, નાયિકાના મકરધ્વજની સાથેના મેળાપ માટે દર્શાવાયેલી ભૂતકાળની ઘટના, ગીધોના ટોળાનાં દૃશ્યો, પડછાયાનું દૃશ્ય, સૈન્યનું દૈન્ય દર્શાવવાની ઘટના વગેરે દૃશ્યો નાટ્યાત્મકતા અને અભિનયની ક્ષમતાઓથી ભરપૂર છે. નૃત્ય, સંગીત અને અભિનયના સુભગ સમન્વયરૂપ દૃશ્યો સતત Total Theatreનો અનુભવ કરાવે છે. સમગ્ર નાટકના વિવિધ પ્રસંગોની કલાત્મક ગૂંથણી માટે સર્જકે કથાગાનની પ્રયુક્તિનો પ્રયોગ કર્યો છે. નાટકનાં ગીતો જોતાં ગઝલકાર ચિનુ મોદી નાટ્યકાર ચિનુ મોદીને સતત ઉપકારક થતા હોય તેવું અનુભવાય છે. નાટ્યાત્મકતા તો ચિનુભાઈને વરેલી જ છે તે આ નાટક વધુ એક વાર પુરવાર કરે છે. દૃશ્ય-આયોજનોમાં વળી આધુનિક દૃશ્યશ્રાવ્ય ઉપકરણો પ્રત્યેક શબ્દને અર્થઘટન આપી શકે તે રીતે પ્રયોજાયાં છે, છતાં ક્યાંક મંચનની સમસ્યાઓ પણ દેખાય છે જે કુશળ દિગ્દર્શકની કસોટી કરે એવી છે, અલબત્ત, કુશળ પ્રકાશ, આયોજક અને સંગીત-આયોજકની અપેક્ષા પણ રહે છે. છતાં સબળ નાટ્યતત્ત્વથી ભરપૂર છે એમ કહેવામાં જરાય અત્યુક્તિ નથી.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૮) Test ni Best : જેનીશ પરમાર, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૮+૧૨૧, રૂ. ૨૭૫ (૯) વિવિધા : સંધ્યા ભટ્ટ, ૨૦૧૫, લેખક પોતે, સ્નેહલ પ્રજાપતિ વાડી, ગાંધી રોડ, બારડોલી, પૃ. ૬+૧૧૦, રૂ. ૧૨૫ (૧૦) વ્યક્તિત્વમાં બંધન તોડીફોડી : ભૂપેન્દ્ર શાંતિલાલ વ્યાસ, ૨૦૧૫, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૮૦, રૂ. ૯૦ (૧૧) મલ્ટિપ્લેક્સ : શિશિર રામાવત, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૨+૧૬૮, રૂ. ૨૦૦ (૧૨) પલક : હિતેન આનંદપરા, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૪૩, રૂ. ૧૫૦ (૧૩) રોમાંચક વિજ્ઞાનકથાઓ : રવીન્દ્ર અંધારિયા, ૨૦૧૫, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. રાજકોટ, પૃ. ૧૪૪, રૂ. ૧૪૦ (૧૪) આપણા સારસ્વતો પ્રત્યક્ષ અને પરોક્ષ : ૨૦૧૫, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ ૮+૨૬૪, રૂ. ૨૭૫

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## સ્મરણ : ભૂલેશ્વરની ભવાનીનું | દધીચિ એ. ઠાકર

**[સમયની સાથે સાથે** : લેખિકા : જયવંતી મહેતા, પ્રકાશક ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. મુંબઈ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૬૫, કિંમત રૂ. ૩૫૦/-]

સુશ્રી જયવંતીબહેન મહેતા એક મહિલા અગ્રણી છે. ભારતીય રાજકારણ – જાહેર જીવનની મહત્ત્વની મહિલા પ્રતિભાઓની યાદી તૈયાર કરવામાં આવે તો જયંતીબહેનનું નામ ખૂબ જ માનભેર સ્મરણપટ પર તરી આવે છે. ગુજરાતી સાહિત્યમાં આત્મકથા ક્ષેત્રે ઘણું કામ થયું છે. જીવનકથા કે આત્મકથા કેન્દ્રસ્થ વ્યક્તિના ચારિત્ર્યને વિચારવાણી અને વર્તનના સમ્યક રૂપને પ્રગટ કરતું સાહિત્યસ્વરૂપ છે. પોતાના અનુભવોને, પ્રસંગોને ખૂબ જ સાતત્યપૂર્વક અક્ષરદેહ આપવાનું બહેન જયવંતી વિચારે છે અને આબેહૂબ આત્મકથા 'સમયની સાથે સાથે' તેમની પાસેથી મળે છે. આવો, આ નારીચેતનાના શબ્દસાગરમાં ડૂબકી મારીએ.

આકર્ષક મુખપૃષ્ઠ અને ગ્રંથની માવજત જોતાં જ પુસ્તક હાથમાંથી મૂકવાનું મન ના થાય. પ્રસ્તાવનામાં ડૉ. સુરેશ દલાલ નોંધે છે કે 'જયવંતીબહેન રાજકારણમાં પડ્યાં છતાંયે એ જેટલાં હૃદયકારણનાં લાગે છે એટલા રાજકારણનાં લાગતાં નથી. તેઓ કર્મનિષ્ઠ સેવિકાની પ્રતીતિ કરાવે છે. બહેન ઉત્તમ વક્તા છે કારણ કે એ ઉત્તમ શ્રોતા છે. અનેક વાર શ્રોતા તરીકે મેં તેમને જોયાં છે. શ્રોતા તરીકેની એમની ખૂબી એ છે કે એ કોઈનું પ્રવચન શરૂ થાય અને એમને રસ પડે તો ધીરેથી પર્સમાંથી એમની ડાયરી કાઢે અને લખવા જેવા મુદ્દાઓ એ લખી લે કે જેથી એ પોતે એના વિશે મનન-ચિંતન કરી શકે. અને અંતે લખે છે કે એ પલાંઠી વાળીને બેઠાં તો આપણને આ પુસ્તક મળ્યું. આ પુસ્તક એવું છે કે વાંચી નાખવાનું નથી પણ આપણે પણ પલાંઠી વાળીને બેસીને વાંચવાનું છે'. (પૃ.૫-૬)

તા. ૨૦ મી ડિસેમ્બર ૧૯૩૮ના રોજ મરાઠાવાડાની રાજધાની ઔરંગાબાદમાં માતા વિજ્યાબહેનની કૂખે જન્મ થયો અને પિતા દ્વારકાદાસ મહેતા. બાળપણ ઔરંગાબાદમાં જ વીત્યું

પોતાનું 'મનોગત' પણ ખૂબ જ સહજ અને હૃદયસ્પર્શી લખ્યું છે – 'જીવનની ઢળતી સાંજે હવે મન પર ગેરુઓ રંગ ચઢ્યો છે. મોહ, માયા, મમતાનાં બંધનો શિથિલ થઈ ગયાં છે. ભૂતકાળ સ્મૃતિઓમાં લીલોછમ સચવાયો છે અને વર્તમાન જીવન

સાફલ્યની સાક્ષી પૂરે છે. (પૃ.૮)

ખરેખર ! તેમનું મનોગત વાંચો અને હૈયું ના ભરાય તો જ નવાઈ !! પુસ્તકનાં બે પાસાં છે (૧) પારિવારિક જીવન તથા (૨) રાજકીય જીવન. બાળપણમાં જ માતાની છત્રછાયા ગુમાવી અને ફોઈના સાંનિધ્યે આ દીકરીનો ઉછેર થયો. ઘરમાં પુષ્ટિમાર્ગીય સેવા એટલે પરંપરાગત ઉત્સવો આનંદથી ઊજવાય. કુદરતના ક્રમ મુજબ દીકરી યૌવનના ઉંબરે પગ મૂકે છે. મુંબઈનિવાસી નવીનભાઈ મહેતા સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. પિયરમાં રૂઢિચુસ્ત વાતાવરણને લીધે તેમની આગળ ભણવાની ઇચ્છા અધૂરી રહી હતી તે લગ્ન બાદ પૂર્ણ કરે છે. સાસરામાંથી હિન્દી સાહિત્યમાં વિશારદ થવાનો નિર્ણય લીધો અને પ્રયાગ અલાહાબાદ વિશ્વવિદ્યાલયની હિન્દી સાહિત્ય વિશારદની પદવી મેળવી.

'એક દિવસ નવીન મને જનસંઘના વરિષ્ઠ નેતા ડૉ. વસંતકુમાર પંડિતને મળવા લઈ ગયા. ડૉ. વસંતકુમાર પંડિતને જ્યોતિષનું ઊંડું જ્ઞાન હતું. તેઓ ગણેશજીના પરમ ભક્ત હતા.' ત્યારે નવીનને સંબોધીને તેમણે કહ્યું કે –

''તમારી પત્ની રાજકારણમાં ખૂબ જ આગળ આવશે. એમનું નામ થશે.'' (પૃ.૧૫)

તે સમયે તેમની ભવિષ્યવાણી સાચી ઠરે તેવાં કોઈ એંધાણ ન હતાં પણ તેમની નિમિત્તે તેમના દોરેલા માર્ગે લઈ જાય છે. ડૉ. વસંતકુમારની આંતરદષ્ટિએ જયવંતીબહેનનો માર્ગ જોઈ લીધેલો અને આખરે તેમની ભવિષ્યવાણી સાચી જ ઠરી. સમય વીતતો ગયો. તેમના ઘરે પુત્ર સુનિલનો જન્મ થયો. કુલ સત્તર માણસોનો સંયુક્ત પરિવાર.

સ્ત્રીનો અવતાર બહુ રૂડો, બહુ કપરો. પિયરની પરિચિત માટીમાંથી મૂળસોતા ઊખડીને એણે સાસરાની સાવ અજાણી માટીમાં પોતાનાં મૂળિયાં ફરી રોપવાં પડે છે. પારકાંને પોતીકાં કરવા પડે છે. સંસારની ધુરાને ખભે લઈને ચાલવું પડે છે. પણ ઈશ્વરે સ્ત્રીનું ઘડતર જ એવી રીતે કર્યું છે કે એ બહુ કપરું કામ કરી શકે છે.' (પૃ.૨૨)

માનવજીવનની આ નિયતિ છે કે બધું અકબંધ હોવાથી ક્ષણોમાં જ અસૂરા વાવડ મળે છે. ૧૯૮૪ ની લોકસભાની ચૂંટણી પછી તેમના પતિની તબિયત નરમગરમ રહેવા લાગી. ૨૬ ઑગસ્ટ ૧૯૮૫ શ્રાવણ સુદ અગિયારસના રોજ તેમના પતિ નવીનભાઈ મહેતા અનંતયાત્રાએ નીકળી પડ્યા. ત્રણ મહિના સુધી ઘરનો ઉંબરો ન ઓળંગ્યો. એક દિવસ કાલિન્દીબહેન રાંદેરી અને કુમુદબહેન પટવા જયવંતીબહેનને મળ્યાં. કુન્દનિકા કાપડિયાનું 'પરમ સમીપે' પુસ્તક આપ્યું અને વાંચવાની ખાસ ભલામણ કરી. એ પુસ્તકે તો જયવંતીબહેનની વિચારધારા બદલી નાખી. એ પુસ્તક

તેમના જીવનમાં ટર્નિંગ પૉઇન્ટ સાબિત થયું. તેમના મનમાં સત્ ચિત્ત આનંદનો પ્રાદુર્ભાવ થયો. મક્કમ મનોબળથી શ્રીમદ્‌ભગવદ્ ગીતાનો શ્લોક બહેને મનોમન ઘૂંટ્યો -

**जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।**
**तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥**

(જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. અને જે મૃત્યુ પામે છે તેનો જન્મ નિશ્ચિત છે. તેથી જે અપરિહાર્ય છે તેનો શોક કરવો યોગ્ય નથી.)

બહેનની આધ્યાત્મિક યાત્રા પણ ઘણી લાંબી છે. અનેક વખતે કુંભના મેળામાં દર્શનાર્થે ગયાં હશે; તો વળી, રમણરેતીના પૂ. ગુરુશરણાનંદજી મહારાજના આશ્રમમાં અવારનવાર જવાનું બન્યું તો સવિશેષ તેમની સાથે વિદેશ પ્રવાસે પણ ગયા છે. પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીએ જયવંતીબહેનના પિતાને કહ્યું, 'ભાઈ, તમારી આ દીકરીને કઈ ચક્કીનો આટો ખવડાવ્યો છે ? એ તો થાકતાં જ નથી !'

વળી, રમેશભાઈ ઓઝાએ તેમના પ્રવચનમાં એક વાર કહ્યું હતું કે 'જયવંતીબહેન આટલાં મોટાં રાજકીય નેતા હોવા છતાં ઘરમાં જાતે રસોઈ કરે છે; તેઓ ખરેખર અન્નપૂર્ણા છે.'

'મેં મારા જીવનનાં કપરાં ચઢાણો આત્મબળ, પતિની પ્રેમાળ સ્મૃતિઓ અને ઈશ્વરના આશીર્વાદથી પાર કર્યાં છે. મેં જેમ મારી શક્તિઓ પિછાણી છે તેમ મારી મર્યાદાઓથી પણ હું સભાન છું. માણસમાત્ર અપૂર્ણ છે. મેં કોઈની પાસેથી કદી કોઈ અપેક્ષા નથી રાખી તેથી અપેક્ષાભંગનું દુઃખ પણ મારે ભોગવવું નથી પડ્યું. હું માણસ છું અને માણસ બની રહેવાનો જ મેં પ્રયત્ન કર્યો છે. સુન્દરમ્ કહે છે તેમ - હું માનવી માનવ થાઉં તો ઘણું.' (પૃ.૪૭)

જયવંતીબહેનનું પારિવારિક જીવન તથા રાજકીય જીવન બંને સમતાથી વિકસિત થયાં છે. સજ્જતા, સાતત્ય, શિસ્ત અને સંસ્કારોને ઉજાળી એક નારીપ્રતિભા કઈ રીતે જીવન જીવી શકે તેનો નમૂનો તેમણે તેમના જીવનવ્યવહારથી પૂરો પાડ્યો છે. તેમની જાહેર જીવનની યાત્રા પણ જાણવા-માણવા જેવી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પ્રભાવ અને વિચારસરણી સ્પષ્ટ રીતે જયવંતીબહેનની કાર્યપ્રણાલી ઉપર દેખાય જ...

'એક દિવસ ભારતીય જનસંઘ તરફથી મને ચૂંટણીપ્રચાર માટે ભાષણ કરવાનું આમંત્રણ મળ્યું. આ પહેલાં મેં કદી કોઈ ભાષણ કરેલું નહિ. એ વખતે મારી ઉંમર માત્ર ૨૪ વર્ષની અને અનુભવ શૂન્ય. પણ મારો આત્મવિશ્વાસ જબરો, મેં ઝંપલાવ્યું. કૉંગ્રેસપક્ષના કાર્યકર્તાઓએ અમારી સભાને નિષ્ફળ કરવા લાઇટનું જોડાણ કાપી નાખેલું. સૌ મૂંઝાયાં, પણ મેં માઇક વગર જ બોલવાનું શરૂ કર્યું. આશરે અડધો કલાક

હું બોલી... તાલીઓનો ગડગડાટ થયો. મારું અસ્ખલિત ભાષણ સૌએ મંત્રમુગ્ધ બની સાંભળ્યું. મારા પર અભિનંદનનો વરસાદ થયો. પ્રથમ પ્રયત્ને જ મને અદ્ભુત સફળતા મળી.' (પૃ.૫૮) પછી તો આ નારીચેતનાની યાત્રા વધુ વિસ્તરી ૧૯૬૮થી ૧૯૭૮ સુધી અર્થાત્ બે ટર્મ સુધી મુંબઈ મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે સેવાઓ આપી. ૧૯૭૮ થી ૧૯૮૫ બે ટર્મ સુધી ધારાસભ્ય તરીકે સેવાઓ આપી. ૧૯૮૯ અને ૧૯૯૯ બે ટર્મ લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું અને ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી તેરમી લોકસભામાં ઊર્જા મંત્રાલયમાં રાજ્યમંત્રી તરીકે સેવાઓ આપી છે. ભારતીય જનતા પાર્ટી ઑલ ઇન્ડિયાનાં સેક્રેટરી અને ઉપાધ્યક્ષ તરીકે, તો વળી, મહિલા મોરચાના ભા.જ.પા.નાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તેમની સેવાઓ પણ નોંધનીય છે. ૧૯૯૯ની ચૂંટણીમાં દક્ષિણ મુંબઈથી વિજયી બની અટલ બિહારી બાજપાઈજીની સરકારમાં રાજ્યકક્ષાનાં મંત્રી બન્યાં. જોકે આમ તો તેમને તા ૧૯૬૫ થી બાજપાઈજી સાથે પરિચય રહ્યો છે .

'હું દિલ્હીમાં હતી એ દરમ્યાન રક્ષાબંધનનો તહેવાર આવ્યો. લગભગ સવારે ૧૧ વાગે મને અટલજીનો ફોન આવ્યો - ''તુમ કહાં હો ? આજ રાખી હૈ. મુઝે રાખી બાંધને નહીં આઓગી ?'' મારા આનંદનો પાર ન રહ્યો. હું માર્કેટમાંથી રાખડી લઈ પહોંચી. અટલજી ખૂબ રાજી થયા. દેશના પ્રધાનમંત્રી મારા હાથે રાખડી બંધાવે એ મારા માટે બહુ મોટી ઘટના છે.' (પૃ.૧૦૭)

એક અલગ વિભાગ 'શ્રી અટલજી સાથેનાં સંસ્મરણો' કરી આલેખ્યો છે તેમાં ભારતરત્ન અટલજીના વ્યક્તિત્વની નિખાલસતાનાં ઉચ્ચતમ મૂલ્યોના વાહક તરીકેની છાપ દૃષ્ટિગોચર થાય છે.

જયવંતીબહેનને જે ખાતું ફાળવવામાં આવ્યું હતું એના વિશે એમને ખાસ માહિતી નહોતી. પણ બધું શીખવા, સમજવા માટે કમર કસી. રાતના દોઢ વાગ્યા સુધી તો સવારે વહેલા ઊઠી અભ્યાસ કરતાં. ૧૮ થી ૧૯ કલાક કામ કર્યું છે. સાચે જ એક પુરુષ સમોવડી બનીને તેમણે પાંચ વર્ષમાં ઊડીને આંખે વળગે તેવું કામ કર્યું છે. થાક અને કંટાળો એ બે શબ્દોને તેમણે તેમના શબ્દકોશમાંથી ભૂંસી નાખ્યા છે.

તેમની મોરપીંછ સમી બાબત એ છે કે એ મોટામાં મોટા નેતા કે અધિકારી સાથે જે રીતે વર્તણૂક કરે તેવી જ વર્તણૂક નાનામાં નાના કારકુનથી લઈને પટાવાળા સુધી કરે. 'ઇન્ડિયન એક્સપ્રેસ' દૈનિક અખબારે એક દિવસ પોતાના છાપાનું ટાઇટલ બદલ્યું અને ઉપર જયવંતીબહેન તથા તેમના પી. એસ. પાણિગ્રહીજીનો ફોટો છાપ્યો.

પછી લખ્યું કે ઇન્ડિયન એક્સપ્રેસ આજે પહેલી વાર પોતાનું ટાઇટલ બદલે છે, કારણ કે કોઈ મંત્રી બીમાર પડે તો એમના પી.એસ. એમની સેવા કરે એ સામાન્ય બાબત છે પણ કોઈ મંત્રી પોતાના પી.એસ.ની આવી સેવા કરે એ એક વિરલ

ઘટના છે.

તેમના પતિની સ્મૃતિમાં કૉલેજનું નિર્માણ પણ કર્યું છે. ત્યારબાદ વિવિધ મહાનુભાવો સાથેના પ્રસંગો અને વિશિષ્ટ વાતો પોતાની આગવી શૈલીમાં ટાંક્યાં છે.

પુસ્તકના અંતિમ પડાવમાં ઉપસંહારમાં તો અદ્ભુત લખ્યું છે...

'મારી લેખિની મારા આયુષ્યની પરકમ્મા કરી આવી અને મને તૃપ્તિનો ઓડકાર આવ્યો. સત્તાનો તોર મેં કદી રાખ્યો નથી. કાર્યાલયમાંથી સંસદભવનમાં જતી વખતે મારી ફાઈલો મેં જાતે ઊંચકીને લઈ જવાનો આગ્રહ રાખ્યો છે. હું મંત્રી હતી ત્યારે પણ મેં કદી સિક્યોરિટીની મદદ લીધી નથી. હું માનું છું કે લોકપ્રતિનિધિ નિર્ભય હોવો જોઈએ.' (પૃ.૧૬૧)

આ જીવનના રંગમંચ ઉપર વિવિધ ભૂમિકાઓ તેમણે નિષ્ઠાપૂર્વક નિભાવી છે.

સંસદભવનમાં સાંસદ બનીને, મંત્રીપદે અનેક કાર્યક્રમોમાં રાષ્ટ્રીય સ્તરે તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય નારીને તેમણે રજૂ કરી છે. તેમનો પોશાક હંમેશાં ભારતીય નારીનો જ રહ્યો છે. આ તબક્કે પહોંચ્યા પછી પણ નમ્રતા, વિવેક ટકાવી રાખવાં તે મહાન માણસોની નિશાની છે.

'મારી આત્મકથા પ્રકાશિત કરવાનો મારો હેતુ એ પણ છે કે સ્ત્રીઓને રાજકારણમાં આવવા પ્રેરણા આપી શકું. આયુષ્યના સાત દાયકા પાર કરી ચૂકી છું. મારા આયુષ્યની ઝોળી અનેકરંગી અનુભવોથી સમૃદ્ધ છે. આ પુસ્તકમાં મેં અનુભવોની રસલ્હાણ કરી છે. કવિ મકરંદે એ ગાયું છે ને –

**''ગમતું મળે તો અલ્યા ગુંજે ના ભરીએ,**

**ને ગમતાંનો કરીએ ગુલાલ......''**

મેં ગમતાંનો ગુલાલ કર્યો છે.' (પૃ.૧૬૨)

કેવી સહજતાથી વાત સમેટી. જરીક પણ દંભ કે આડંબર નથી. શબ્દે શબ્દમાં પોતીકાપણું વર્તાય છે. બધી જ બાબતો સ્પર્શે તેવી છે. સામાન્ય રીતે આત્મકથાના પુસ્તકો વાંચવાનું ભાવક માટે કંટાળાજનક જ હોય છે. પણ આ કંઈક જુદું જ છે.

આખુંય પુસ્તક ખૂબ જ રસાળ શૈલીમાં આલેખાયું છે. સમાજના દરેક વર્ગના લોકોએ આ પુસ્તક વાંચવું જોઈએ આમાંની સેંકડો બાબતો ઉપર ચિંતન કરવા જેવું છે. આત્મકથાનક શૈલીમાં લખાયું છે પણ આત્મશ્લાઘા કે 'હું-પણું' જણાતું નથી. કંઈક કર્યાનો સંતોષ અને ગૌરવ દશ્યમાન થાય છે.

સાચે જ આવી ચેતનાના ચરિત્રદર્શનથી જ નવી પ્રતિભાઓ પાંગરતી હોય છે. એક મહિલાને છાજે તેવી રીતે તેઓ જીવ્યા છે.

સામાન્ય રીતે દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે. પણ અહીં વાત ઊંધી છે. અહીં સફળ સ્ત્રી પાછળ એક પુરુષનો ફાળો છે (તેમના પતિનો). ધન્ય

છે આવા પતિને જેણે આવી નારીપ્રતિભાને ઘડી અને સમાજને કંઈક નક્કર આપવા માટે પ્રયત્નશીલ બનાવ્યા.

તો આ પુસ્તક જયવંતીબહેન તેમને, સામાન્ય ગૃહિણીમાંથી વિશિષ્ટ વ્યક્તિ બનાવનાર તેમના પ્રેરણામૂર્તિ, તેમના પતિ સદ્‌ગત નવીનચંદ્ર મહેતાને જ અર્પણ કરે છે... ખરેખર ! આખાય પુસ્તકના વિવિધ વિભાગોની પદ્ધતિસરની રજૂઆત અને તેમની વિવિધ તસવીરો બહેનની કર્મતા અને સેવા-સાધનાની શાખ પૂરે છે. સાચે જ ભાવકોને આ પુસ્તક ગમશે જ. સામાજિક જીવનમાં, જાહેર જીવનમાં, પારિવારિક જીવનમાં પા...પા-પગલી માંડતી દીકરીઓને આ પુસ્તક વધુ ઉપયોગી નીવડશે. તેમણે તો આ પુસ્તક હાથવગું અને હૈયાવગું રાખવા જેવું છે.

આદરણીયા જયવંતીબહેનની સાડાસાત દાયકાની સફર હૈયે શમણું બનીને કંડારવા જેવી છે. બીજું શું લખું ?

આખું પુસ્તક વાંચ્યા પછી શીર્ષક યથાર્થ લાગે છે, ‘સમયની સાથે સાથે....’ બહેન પ્રસંગોપાત્ત તેવાં બની ગયાં છે.

આપણને તો આવી સરળ ગુજરાતી નારીપ્રતિભાને આપણે જાણી શક્યા – માણી શક્યા તેની ધન્યતા જ હોય !!

**॥ शतं जीवम शरदः ॥**

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૮) Test ni Best : જેનીશ પરમાર, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૮+૧૨૧, રૂ. ૨૭૫ (૯) વિવિધા : સંધ્યા ભટ્ટ, ૨૦૧૫, લેખક પોતે, સ્નેહલ પ્રજાપતિ વાડી, ગાંધી રોડ, બારડોલી, પૃ. ૬+૧૧૦, રૂ. ૧૨૫ (૧૦) વ્યક્તિત્વમાં બંધન તોડીફોડી : ભૂપેન્દ્ર શાંતિલાલ વ્યાસ, ૨૦૧૫, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૮૦, રૂ. ૯૦ (૧૧) મલ્ટિપ્લેક્સ : શિશિર રામાવત, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૨+૧૬૮, રૂ. ૨૦૦ (૧૨) પલક : હિતેન આનંદપરા, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૪૩, રૂ. ૧૫૦ (૧૩) રોમાંચક વિજ્ઞાનકથાઓ : રવીન્દ્ર અંધારિયા, ૨૦૧૫, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. રાજકોટ, પૃ. ૧૪૪, રૂ. ૧૪૦ (૧૪) આપણા સારસ્વતો પ્રત્યક્ષ અને પરોક્ષ : ૨૦૧૫, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ ૮+૨૬૪, રૂ. ૨૭૫

## પ્રકીર્ણ

# રોબો-કવિ

## (ભાષા અને ટેકનોલૉજી)

■ રૂપલ મહેતા ■

શું કમ્પ્યૂટર કવિતા આપી શકે ? શું એક રૉબોટ નવલકથા લખી શકે ? હવે આજના જમાનામાં જ્યારે રૉબોટિક-સર્જરી (ડૉક્ટરને સહાય કરતા રૉબોટ્સ દ્વારા થતી સર્જરી) શક્ય બની રહી છે, તો સાહિત્યક્ષેત્રે પણ પ્રયોગો ચાલુ છે. AI - આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ આપણે આંખો બંધ કરીને ખોલીએ ત્યાં સુધીમાં તો મોટા ભાગના ક્ષેત્રોમાં છવાઈ રહી છે. કમ્પ્યૂટર અને રૉબોટ્સ - હાલ સાહિત્યિક ક્ષેત્રે પોએટ્રી-જનરેટર, ફિક્શન-જનરેટર, ટાઇટલ-જનરેટર, કેપ્શન-જનરેટર તરીકે સેવક બનીને સહાયરૂપ બની રહ્યા છે. ટ્રાન્સલેટર - કમ્પ્યૂટર-અનુવાદોનો તો સૌને પરિચય હશે જ. જોકે હજી ગુજરાતી માટે એટલી સફળતા નથી મળતી, પરંતુ તે વિષયે કાર્ય ચાલી રહ્યાં છે.

શું કમ્પ્યૂટર ખરેખર કવિ બની શકે ? હા અને ના.

આપણે ઉદાહરણ લઈએ. ધારો કે એક કવિ અમદાવાદથી વડોદરા જતી બસમાં બેસે છે. વડોદરા પહોંચતા સુધીમાં કંઈ-કેટલાંય દૃશ્યો તેની આંખ આગળથી પસાર થાય છે. તેને કોઈ કેટલાક અનુભવો થાય છે. કેટલીક કલ્પનાઓ દોડે છે. આ બધાંનું પૃથક્કરણ થાય છે અને તેમાંથી કંઈ સ્ફુરે છે. પહેલાંનું કંઈ વાંચેલું-વિચારેલું પણ તેમાં ભળે છે અને આ બધું કવિતા સ્વરૂપે બહાર આવે છે - જે નિયમબદ્ધ રીતે ઘડાય છે - શું છે, સૉનેટ છે, હાઇકુ છે ?

આ જ વાત કમ્પ્યૂટરમાં સૉફ્ટવેર દ્વારા ‘સેટ’ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, તેને દસ લાખ શબ્દો દસ લાખ વખત આપવામાં આવે છે. આ તેનું ઇનપુટ છે. તેમાં પહેલેથી કેટલોક લખાણનો જથ્થો મૂકેલો હોઈ શકે. આ બધાનું ઍલ્ગરિધમ દ્વારા એટલે કે ગણતરી અને નિયમો માટે બનાવેલા ‘કોડ’ દ્વારા પૃથક્કરણ થાય છે અને તેને કવિતાના જે નિયમો સોંપવામાં આવ્યા હોય, તે પ્રમાણે શબ્દો કવિતા રૂપે આઉટપુટ રૂપે બહાર આવે છે. આપણે તેને કવિતા કહીએ છીએ, પરંતુ કમ્પ્યૂટર-કવિને માટે તો તે માત્ર ડેટા જ હોય છે !

રૉબો-કવિને અપાતું ઇનપુટ મહત્ત્વનું છે, એટલે કે કમ્પ્યૂટરને આપવામાં

આવતા સાહિત્યિક લખાણના જથ્થાનો પ્રકાર અને તે જથ્થો ઘણો હોય તે જરૂરી છે. આઉટપુટ તરીકે મળતી રૉબો-કવિતાને કદાચ સાહિત્ય અને ગણિતનો સમન્વય કહી શકાય, પરંતુ આ નવું સર્જન જ્યારે સાહિત્યિક રૂપે બહાર આવે છે, ત્યારે ક્યારેક રમૂજી, કે નિરર્થક હોય છે, તો ક્યારેક આપણને ચોંકાવી પણ દે છે. હજી તો શરૂઆત છે. આ ક્ષેત્રે ઘણા સફળ પ્રયોગો ચાલી રહ્યા છે. ટેક્નૉલોજી સાથે સંકળાયેલા ઘણા મોટા કવિઓ, લેખકો, વિદ્યાર્થીઓ અને પ્રોફેસર્સ આ વિષય ઉપર કામ કરી રહ્યા છે.

કેટલાંક ઉદાહરણો જોઈએ.

આ અહેવાલ કોઈ પત્રકારે લખ્યો છે કે કમ્પ્યૂટરે ?

*"A shallow magnitude 4.7 earthquake was reported Monday morning five miles from Westwood, California, according to the U.S. Geological Survey. The temblor occurred at 6:25 a.m. pacific time at a depth of 5.0 miles."*

(માર્ચ ૨૦૧૪માં થયેલા ભૂકંપનો આ અહેવાલ કમ્પ્યૂટર દ્વારા 'લખાયો' છે !)

અહેવાલો લખવામાં, લેખોનાં શીર્ષકો બાંધવામાં, ફોટાનાં કૅપ્શન સૂચવવામાં આ સેવાઓનો લાભ 'ન્યૂયૉર્ક-ટાઇમ્સ' અને 'વૉશિંગ્ટન-પોસ્ટ' જેવાં અનેક અખબારપત્રો લઈ રહ્યા છે. તો, કેટલીક કવિતાઓ ઘણાં સામયિકોમાં પ્રકાશિત પણ થઈ રહી છે. ૨૦૦૮માં પ્રકાશિત થયેલી ૩૨૦ પાનાંની એક નવલકથા માત્ર ગણતરીની મિનિટોમાં કમ્પ્યૂટર દ્વારા 'લખાઈ' હતી, જેના શબ્દો લિઓ ટૉલ્સટૉયના હતા અને લખવાની ઢબ જાપાનીઝ લેખક હારુકિ મુરકમિની હતી. તે પછી ઉત્તરોત્તર લગભગ દસેક નવલકથાઓ પ્રકાશિત થઈ ચૂકી છે.

અમે કમ્પ્યૂટર-કવિને કેટલાક ટ્વિટર સંદેશા આપ્યા, તો મળ્યું –

I'm at the movies,
I'm halfway through the previews,
Drink - gone, popcorn - gone.

------

First warm spring day
I take my shadow for a walk.

------

By changing Nothing, Nothing changes. # Right ?

----

કોણે લખ્યું ? આ કવિતાઓ તો 'સામૂહિક લખાણ'ના જથ્થામાંથી ઉભરી આવી ! ઉમાશંકર જોષીએ તો વર્ષો પહેલાં કહી દીધું હતું કે 'મારું કામ ? મારું નામ ? નામ મારું ભાષામાં ઓગળી ગયું છે...'

પ્રયોગ ખાતર વળી અમે કેટલાક ગુજરાતી વર્તમાનપત્રો કમ્પ્યૂટર-કવિને સોંપ્યા અને 'કવિતા બનાવો'નું બટન દબાવ્યું - સેકન્ડમાત્રમાં અમને (શીર્ષક સાથે) કવિતા મળી :

**નિહાળી ફિલ્મ**
**રાષ્ટ્રની કલરફુલ LIFE**
**કાર બૉમ્બથી ઉડાવ્યા**
**વ્યવસ્થા કરવી પડશે**
**પણ માર્કેટમાં દબદબો**

આ અને આવી કેટલીય કવિતાઓ મળી - કેટલીય સાવ નિરર્થક, કેટલીક રમૂજી, તો કેટલીક અર્થસભર. હવે અમે અમુક પસંદ કરેલા શબ્દો આપ્યા -અને કમ્પ્યૂટરને એક ઍલ્ગરિધમ (ગણતરીની પ્રક્રિયા અને નિયમો) આપ્યા, તે દ્વારા કેટલીક કવિતાઓ મળી :

**શા માટે કરે ચંદ્ર મુસાફરી ?**
**વાદળ ન પછડાય !**
**--**
**વિશ્વાસ અને ઘોંઘાટભરી નોકરી**
**ચાલો તમે સ્વસ્થતાથી**
**જેમ કોઈ અંધારે ખૂણે.**
**આહ, વિશ્વાસ !**
**ઊહ, થાક !**
**--**
**અવાજ, ગુસ્સો, અને અવાજ.**
**કદીક મળે છે અહીં વરસાદ.**
**--**
**દરિયાની મુસાફરી !**
**હિંમત, પ્રેમ, અને હિંમત.**

---

પ્રશ્ન થાય કે આ બધું શાને માટે - શું આવા પ્રયોગોથી મનુષ્યને દૂર કરવાની વાત છે ? ના જ વળી. વાત સર્જન અહીં અને સહાયની છે. જરા વિચાર તો કરો,

કે જો શેક્સપિયર, અથવા રવીન્દ્રનાથ અથવા ગોવર્ધનરામના શબ્દોને, અથવા તો આ ત્રણેના સમૂહના તમામ શબ્દોને ઇનપુટ તરીકે આપવામાં આવે, તો આપણને ખરેખર કંઈ અદ્ભુત સર્જન મળી શકે ! હાલ તો, આપણે આશા રાખીએ કે આવા આંબામાંથી કેરી મળે અથવા તો પછી આપણે જ આંબા વાવવાના પ્રયત્નો કરવા લાગીએ...

18

---

## સાભાર સ્વીકાર

### નાટક

(૧૯) મારો પિયુ ગયો રંગુન : મિહિર ભુતા, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૭૨, રૂ. ૧૦૦ (૨૦) 'ક' કાનજીનો 'ક' : સ્નેહા દેસાઈ, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૦૭, રૂ. ૧૨૦ (૨૧) થોડું લોજિક થોડું મેજિક : સ્નેહા દેસાઈ, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૯૬, રૂ. ૧૨૦ (૨૨) ચાણક્ય : મિહિર ભુતા, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૯૬, રૂ. ૧૦૦ (૨૩) મીરાં : સ્નેહા દેસાઈ, હેમા દેસાઈ, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૪૮, રૂ. ૬૦ (૨૪) જો અમે બધા સાથે તો દુનિયા લઈ લે માથે : સૌમ્ય જોશી, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૮૪, રૂ. ૧૦૦ (૨૫) સરદાર : મિહિર ભુતા, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ પૃ. ૯૫, રૂ. ૧૨૦ (૨૬) આજ જાને કી જીદ ના કરો : સૌમ્ય જોશી, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૭૨, રૂ. ૮૦ (૨૭) કમાલ કરે છે, આ પટેલ કેવી ધમાલ કરે છે : સ્નેહા દેસાઈ, ૨૦૧૫, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ/અમદાવાદ, પૃ. ૭૨, રૂ. ૧૦૦

### નવલકથા

(૨૮) વક્ષ : મહેન્દ્ર આચાર્ય, ૨૦૧૧, નવરત્ન એન્ટરપ્રાઇઝ, અમદાવાદ, પૃ. ૮+૧૨૭, રૂ. ૮૫ (૨૮A) આજની ઘડી તે : કંદર્પ દેસાઈ, ૨૦૧૫, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૮૨, રૂ. ૧૬૦

### શોધનિબંધ

(૩૯) આંતરકૃતિત્વ અને ગુજરાતી કવિતામાં તેનો વિનિયોગ : સેજલ શાહ, ૨૦૧૫, લેખક પોતે : ૧૦/બી, ૭૦૨, અલીકાનગર, લોખંડવાળા કોમ્પ્લેક્સ, આકુંલી રોડ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦૧૦૧, પૃ. ૧૬+૧૯૨, રૂ. ૨૦૦

## અહેવાલ

# અસ્મિતાપર્વ-૧૯

■ અજય પાઠક ■

ભાવનગર જિલ્લાના મહુવા ગામમાં માલણ નદીને કાંઠે આવેલા શ્રી કૈલાસ ગુરુકુળના રમણીય પરિસરમાં તા. ૧૯થી ૨૨ એપ્રિલ, ૨૦૧૬ના રોજ પૂ. મોરારિબાપુના સાંનિધ્યમાં અને હરિશ્ચંદ્ર જોશીના સંચાલન તળે અસ્મિતાપર્વ-૧૯નું આયોજન થયું. સાહિત્ય સંગોષ્ઠિ, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત/નૃત્યમહોત્સવના નવોન્મેષશાલીન કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યના દિગ્ગજ કવિઓ, લેખકો, સંગીતના, નૃત્યના, ચિત્રના નામી કલાકારોની ઉપસ્થિતિમાં ચાર દિવસ મનહર અને મનભર અનુભૂતિ કરાવતું વાતાવરણ રચાયું. પાંચ સાહિત્ય સંગોષ્ઠિ, એક કાવ્યાયનની એમ છ બેઠકો દિવસ દરમિયાન તથા ત્રણ દિવસના શાસ્ત્રીય વાદ્યસંગીત, કંઠ્યસંગીત તથા નૃત્યનાટિકાના ત્રણ રાત્રિ કાર્યક્રમો અને અંતિમ દિવસે સવારના સુંદરકાંડનો સંગીતમય પાઠ, એવૉર્ડ અર્પણવિધિ તથા પૂ. બાપુનું શ્રી હનુમાન જયંતી નિમિત્તે પ્રાસંગિક પ્રવચન એમ સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ની આરાધનાનું એક અનુષ્ઠાન થયું. પૂ. બાપુના સત્ય, પ્રેમ, કરુણાના સંદેશને સૂક્ષ્મ રીતે વણી લઈને સમગ્ર સૃષ્ટિ એટલે કે પશુ, પક્ષી, વનસ્પતિ વગેરે સમગ્ર પર્યાવરણમાં પ્રેમનું ગાન થતું રહે તેવી ઉચ્ચ ભાવના પ્રસરી રહી. પ્રતિદિન બેઠકના આરંભે થતું વેદના શાંતિમંત્રોનું ગાન અને અંતિમ દિવસે અંતિમ પળોમાં પ્રસિદ્ધ ગઝલ ગાયક ગુલામઅલીએ રજૂ કરેલ ગુંજનમાં એક જ સંદેશ હતો કે લોકો આપસમાં પરસ્પર સૂર/લયમાં રહે તે વિશ્વશાંતિ માટે અનિવાર્ય છે.

ચિત્રકાર શ્રી કનુ પટેલ તથા શ્રી અશોક ખાંટનું ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. સંગોષ્ઠિ-૧માં તા. ૧૯-૪-૧૬, મંગળવારના રોજ સવારે ૯-૦૦ કલાકે 'કવિકર્મ-પ્રતિષ્ઠા અને કાવ્ય પાઠ'ની બેઠકમાં સંયોજન શ્રી અજયસિંહ ચૌહાણે સંભાળ્યું હતું. આ બેઠકમાં શ્રી રમેશ મહેતાએ કરસનદાસ લુહારની કવિતા વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી કરસનદાસ લુહારે પોતાનાં કાવ્યોનું પઠન કર્યું હતું. બીજા ક્રમે શ્રી રઈશ મનીઆરે મુકુલ ચોક્સીની કવિતા વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી મુકુલ ચોક્સીએ પોતાનાં કાવ્યોનું પઠન કર્યું હતું. બેઠક રસપ્રદ બની હતી. સંગોષ્ઠિ-૨માં સાંજે ૩.૩૦ કલાકે 'મારી સર્જનયાત્રા'ની બેઠકમાં શ્રી દીપક દોશીએ સંયોજન કર્યું હતું. સર્વશ્રી

ગૌરાંગ વ્યાસ (સંગીત), રઘુવીર ચૌધરી (સાહિત્ય) અને ધરમશીભાઈ શાહ (નૃત્ય) ત્રણેને ક્રમશઃ વારાફરતી પ્રશ્નો પૂછીને કલાકારના સર્જનયાત્રાના અગત્યના મુકામોને પ્રકાશમાં લાવવાનો ઉપક્રમ રચાયો હતો. સમગ્ર બેઠક વૈવિધ્યપૂર્ણ, રસપ્રદ અને યાદગાર બની રહે તેમ સ્મરણાંકિત થઈ હતી. ચારેય વક્તાઓની સામેલગીરી તથા સંવેદનપટુતા કસોટીએ ચડે તેવી ક્ષણો સર્જાઈ હતી. અંતમાં શ્રી ગૌરાંગ વ્યાસની જાણીતી રચના 'હુતુતુતુ....તુતુતુતુ'ની પ્રસ્તુતિ પ્રેક્ષકો/શ્રોતાઓના અનુરોધથી કરવામાં આવી ત્યારે રસિક શ્રોતાજનો પણ સમૂહગાનમાં સામેલ થયાં હતાં. આ ક્ષણે રઘુવીર ચૌધરીના બીડેલા હોઠ સાથેનું મરકમરક સ્મિત અને આંખોમાં પ્રસન્નતાનું હાસ્ય નોંધપાત્ર હતા. તેમણે બંને કલાકારોને (સંગીત તથા નૃત્ય) વધુ ખૂલવા માટે અવકાશ સર્જ્યો હતો. બેઠકમાં એક ધન્ય ક્ષણ એ પણ સર્જાઈ હતી કે ધરમશીભાઈ (ઉ. વ. ૯૫) નૃત્ય નિદર્શન કરી રહ્યા હતા ને ગાન-સંગતની જરૂર જણાતી હતી તે ક્ષણે શ્રોતાસમૂહમાં પ્રથમ હરોળમાં ગોઠવાયેલાં તેમનાં પત્ની ઝવેરબહેન સ્વયંસૂઝથી ઊભાં થયાં અને ગાન-સંગત કરી. વૃદ્ધ દંપતીનું – બે કલાનું આ સાયુજ્ય જોઈ તમામ ઉપસ્થિત પ્રેક્ષકો પ્રસન્ન પ્રસન્ન બની રહ્યા.

તા. ૨૦-૪-૧૬, બુધવાર સવારે ૯.૩૦ કલાકે 'કાવ્યાયન'ની બેઠક યોજાઈ હતી. સંયોજન શ્રી મુકુલ ચોક્સીએ કર્યું હતું. કવિઓમાં સર્વક્ષી ચિનુ મોદી, ખલિલ ધનતેજવી, યાવર કાદરી, હર્ષ બ્રહ્મભટ્ટ, શકીલ કાદરી તથા યુવા કવયિત્રી મેગી અસનાની ઉપસ્થિત હતા. આ કવિઓ એવા હતાં જેઓ ગુજરાતી તેમજ ઉર્દૂ બંને ભાષામાં સમાન સ્ફૂર્તિથી સર્જન કરી રહ્યા છે. સમર્થ સંચાલન તળે પહેલાં ગુજરાતી રચનાઓ તથા બીજા દોરમાં ઉર્દૂ રચનાઓની પ્રસ્તુતિ થઈ. શ્રોતાઓમાં એવા જ પ્રતિભાશાળી કવિઓની ઉપસ્થિતિ હતી. શ્રોતાઓ હૃદયમાં એક નવી શબ્દ-છબિ સંઘરીને ગયા. ત્યાર બાદ બપોરે ૩.૩૦ કલાકે સંગોષ્ઠિ-૩માં 'વાચિક-આંગિક' અભિનયની બેઠકમાં સંયોજન શ્રી હરિશ્ચંદ્ર જોશીએ કર્યું હતું. વાચિક અભિનય અંતર્ગત ચિંતન પંડ્યા અને વૃંદ દ્વારા ગુણવંતરાય આચાર્યકૃત 'દરિયાલાલ' નવલકથા-અંશનું પઠન થયું હતું. વાચનરસ આજના સંદર્ભમાં ક્ષીણ થઈ રહ્યો છે ત્યારે નવી પેઢીને સારું સાહિત્ય નવીન રીતે પીરસવાના ઉપક્રમમાં આ પ્રસ્તુતિની ઉપયુક્તતા હતી. શ્રી અર્ચન ત્રિવેદી અને વૃંદ દ્વારા રજૂ થયેલ જ્યોતીન્દ્ર દવેના નિબંધોના આધારે 'આનંદ ભૂંગ' નાટક રચી તેની આંગિક અભિનયથી પ્રસ્તુતિ કરીને એક હાસ્યચમત્કાર સર્જ્યો. કેટલાક શ્રોતાઓની આંખોમાં હસીહસીને પાણી આવી ગયાં. ૧૫૨ પ્રયોગ કરીને શ્રી અર્ચન ત્રિવેદી હજુ ઘણા વધુ પ્રયોગો થાય તેવી રીતે સફળતાથી આગળ વધી રહ્યા છે તે અંગે મતભેદ થઈ શકે તેમ નથી. વિભિન્ન સ્વરૂપે પ્રવર્તતો સર્જકશબ્દ કેવી ભાવનયાત્રાઓ કરાવી શકે છે તેની પ્રતીતિ આ બેઠકોમાં થઈ.

તા. ૨૧-૪૧૬, ગુરુવાર, સંગોષ્ઠિ-૪નો આરંભ સવારે ૯-૦૦ કલાકે થયો હતો. 'પ્રતિભાવિશેષ'ની આ બેઠકનું સંયોજન શ્રી વિનોદ જોશીએ કર્યું હતું. જલાલુદ્દીન રૂમીની કવિપ્રતિભા વિશે સુભાષ ભટ્ટે વક્તવ્ય આપ્યું હતું. અમીર ખુસરોની પ્રતિભાનો પરિચય મુઝફ્ફર અલીએ આપ્યો હતો. માઇકલ જૅક્સનની વિરોધાભાસથી ભરપૂર પ્રતિભાનો મૂલગામી પરિચય જય વસાવડાએ કરાવ્યો હતો. ઇશ્ક, પ્રેમની સૂફી ફિલસૂફીનો સંદેશ અને એક જુદી જ નિષ્ઠાથી સમાજસેવામાં પ્રવૃત્ત એવી નોખી શૈલીનો આ બેઠકમાં મહિમા થયો હતો. સંગોષ્ઠિ-૫ બપોરે ૩-૩૦ વાગે આરંભાઈ હતી. આ બેઠકનું સંયોજન શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું હતું. 'ભારતીય સાહિત્ય : મારી દૃષ્ટિએ' વિષય પર સર્વશ્રી કૃથીવેન્તિ શ્રીનિવાસ રાવ, વિશ્વનાથ પ્રસાદ તિવારી, વર્ષા દાસે એ વ્યક્તવ્યો આપ્યાં હતાં. પ્રથમ બે વક્તાઓએ હિન્દીમાં રજૂઆત કરી હતી, વર્ષા દાસે ગુજરાતીમાં બોલવું પસંદ કર્યું હતું, જોકે તેઓ હિન્દી ઉપરાંત કેટલીક ભાષાઓનાં જ્ઞાતા છે. રઘુવીરભાઈએ હિન્દીમાં વાત કરી હતી. બેઠકના આરંભમાં ભારતીય જ્ઞાનપીઠ એવૉર્ડ પુરસ્કૃત શ્રી રઘુવીર ચૌધરીનું પૂ. બાપુના હસ્તે સૂત્રમાલા તથા શાલ અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી વિનોદ જોશીએ સર્જકછબિનું શબ્દરેખાંકન કર્યું હતું.

એ નોંધવું જોઈએ કે અનિવાર્ય સંજોગોના કારણે સર્વશ્રી હિમલ પંડ્યા, ધીરુબહેન પટેલ સંગોષ્ઠિઓમાં ઉપસ્થિત રહી શક્યાં ન હતાં. ત્રણે દિવસ રાત્રે ૮.૩૦ કલાકે શાસ્ત્રીય સંગીત તથા નૃત્યનાટિકાના કાર્યક્રમો રજૂ થયા હતા. અલબત્ત ગઝલગાન માટે ઉ. ગુલામઅલી ઉપસ્થિત રહી શક્યા ન હતા; પણ છેલ્લા દિવસે પૂ. બાપુના પ્રવચનમાં ઉપસ્થિત રહ્યા હતા. પૂ. મોરારિબાપુએ ૨૨-૪-૧૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શ્રી હનુમાનજી મહારાજની વંદના તથા પ્રાસંગિક અભિવ્યક્તિ કરી હતી. આજીવન સેવાના ઉપલક્ષ્યમાં અપાતા એવૉર્ડમાં સર્વશ્રી નાગજી પટેલ (કૈલાસ લલિતકલા એવૉર્ડ), પં. શ્રી ઉલ્હાસ કશાલકર (હનુમંત એવૉર્ડ - શાસ્ત્રીય કંઠ્યસંગીત), પં. શ્રી સુરેશ તલવલકર (શાસ્ત્રીય તાલ-વાદ્ય-સંગીત - તબલાં), સુશ્રી હેમા માલિની (શાસ્ત્રીય નૃત્ય - ભરતનાટ્યમ્), ઉ. ગુલામ અલી (ગઝલગાયકી) પં. શ્રી દેબૂ ચૌધરી (શાસ્ત્રીય વાદ્યસંગીત - સિતાર)ને હનુમંત એવૉર્ડ આપવામાં આવ્યા. નટરાજ એવૉર્ડ શ્રી પી. ખરસાણી (ગુજરાતી લોકનાટ્ય-ભવાઈ), શ્રી યઝદી કરંજિયા (ગુજરાતી રંગભૂમિનાટક), શ્રી પંકજ ધીર (ભારતીય ટેલિવિઝનશ્રેણી) શ્રી ધર્મેન્દ્ર (ભારતીય ફિલ્મ)ને અર્પણ કરવામાં આવ્યા. ધર્મેન્દ્રજીની અનુપસ્થિતિમાં હેમા માલિનીએ એવૉર્ડ સ્વીકાર કર્યો હતો.

આમ સમગ્ર સત્ર રસપ્રદ, માહિતીપ્રદ અને આનંદપ્રદ બની રહ્યું હતું.

18



# આપણી વાત

■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

પાક્ષિકીમાં તા. ૭-૪-૨૦૧૬ના રોજ હસમુખ રાવલે 'યાત્રા' વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તા સામાજિક પ્રશ્નોને જર્જરિત બસના માધ્યમથી રજૂ કરતી હતી. પ્રતીકો અને સંકુલ ઘટનાઓનાં સંકલન દ્વારા વાર્તાની યાત્રા આગળ ચાલે છે. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવકોએ ચર્ચામાં ભાગ લીધો હતો. રૂપાળી નદી, પતંગિયું અને આદિવાસી સમાજનાં આલેખન દ્વારા રજૂ થયેલ ઘટના બધાને ગમી હતી.

'નર્મદ સાહિત્ય સભા' અને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ઉપક્રમે રવિવારે સુરતમાં તરહી મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે 'ખેડવા માંડો તો જીવન રાસ આવી જાય છે' – રઈશ મનીઆર, 'હોવાપણાનો ભાવ અરીસો બની ગયો' - મુકુલ ચોક્સી, જરા ગણગણી લઉં તમારી સભામાં ભગવતીકુમાર શર્મા, 'હું સદા સારો જ છું, એવું નથી' – હરીશ વ્યાસ, 'સૂરજ સાથે ઘણુંય આથમે છે' - – હર્ષ બ્રહ્મભટ્ટની પંક્તિઓ પરથી ગઝલની રજૂઆત કરી હતી. ગૌરાંગ ઠાકરે ગઝલ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે 'આજની પરિસ્થિતિમાં મૂલ્યાંકનો આર્થિક વધુ ને ભાવાત્મક ઓછાં થઈ ગયાં છે. તેમણે તરહી મુશાયરામાં ગુજરાતી – ઉર્દૂના અનેક શાયરોના શેર લાક્ષણિક છટાથી રજૂ કર્યા હતા. પ્રફુલ્લ દેસાઈએ ગઝલની વાત કરતાં કહ્યું હતું કે સુરતે ઘણા ગઝલકારો ગુજરાતી ગઝલને આપ્યા છે.

સાહિત્ય અકાદેમી, દિલ્હી; ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ તથા બળવંત પારેખ સેન્ટર, વડોદરા અને ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ દ્વારા શ્રી ફાર્બસ ગુજરાતી સભાની સ્થાપના અને જસ્ટિસ એલેકઝાન્ડર કિન્લોક ફૉર્બ્ઝના નિધનની સાર્ધ શતાબ્દી પ્રસંગે એપ્રિલ ૨ અને ૩, ૨૦૧૬ના રોજ 'ઓગણીસમી સદીના મુંબઈ ઈલાકામાં સાહિત્ય અને બીજી કલાઓની ગતિવિધિ અને તેમાં બૃહદ્ સાંસ્કૃતિક સંદર્ભ' વિષય પર દ્વિદીન સંભાકાનું આયોજન હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે થયું હતું.

સાહિત્ય અકાદેમી, દિલ્હીનો ૨૦૧૫ના વર્ષ માટે અનુવાદનો ઍવોર્ડ શરીફા વીજળીવાળાને તેમના પુસ્તક 'જેણે લાહોર નથી જોયું એ જન્મ્યો જ નથી' માટે જાહેર થયો છે.

ગુજરાતી સાહિત્ય સભાના પ્રમુખ તરીકે શ્રી ધીરુ પરીખની સર્વાનુમતે વરણી થઈ છે. તેઓ કવિ, વિવેચક, ચરિત્રકાર, અનુવાદક છે તેમજ 'કુમાર' અને 'કવિલોક'ના

તંત્રી છે.

સાહિત્ય અકાદેમી, ફાર્બસ ગુજરાતી સભા મુંબઈ, બળવંત પારેખ સેન્ટર વડોદરા તેમ જ ગુજરાત વિદ્યાસભા અમદાવાદ દ્વારા ફાર્બસ ગુજરાતી સભાની સ્થાપના અને જસ્ટિસ ઍલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સના નિધનની સાર્ધ શતાબ્દી પ્રસંગે તા. ૨-૩ એપ્રિલ ૨૦૧૬ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજમાં 'ઓગણીસમી સદીના મુંબઈ ઇલાકામાં સાહિત્ય અને બીજી કલાઓની ગતિવિધિ અને તેની બૃહદ્ સાંસ્કૃતિક સંદર્ભમાં' બે દિવસીય સભાષાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને કવિરાજ કોમ્યુનિકેશન દ્વારા પ્રજ્ઞાચક્ષુઓમાં રહેલી કાવ્યસર્જનની સર્જકતા પાંગરે અને સમાજના મુખ્ય પ્રવાહમાં તેમની સર્જકતાનો અવાજ મૂકી શકાય તે હેતુથી કાવ્યપાઠનો કાર્યક્રમ તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રજ્ઞાચક્ષુ કવિઓએ પોતાની કવિતાઓ રજૂ કરી હતી. સર્વશ્રી ચંદ્રકાન્ત શેઠ અને રાજેશ વ્યાસ 'મિસ્કીન'એ કવિઓને માર્ગદર્શન આપ્યું હતું.

કવિશ્રી પીયૂષ પંડ્યાના મુક્તકના સંગ્રહ 'બકુલ જૂઈ પારિજાત'નું વિમોચન શ્રીમતી ઉષાબહેન જાનીના હસ્તે કરવામાં આવ્યું.

ડૉ. અતુલભાઈ પાઠકજીને 'રવીન્દ્ર લેખન' પુસ્તક માટે સર્વશ્રેષ્ઠ અનુવાદક તરીકે 'મહાદેવભાઈ દેસાઈ રાષ્ટ્રીય ભાષાન્તર એવૉર્ડ' આપવામાં આવ્યો છે.

વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ દ્વારા દર વર્ષે ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠ કવિને 'કવીશ્વર દલપતરામ એવૉર્ડ'થી સન્માનવામાં આવે છે. તદંતર્ગત તા. ૩-૪-૨૦૧૬ના રોજ પ. પૂ. મોરારિબાપુના હસ્તે કવિ નયન હ. દેસાઈને વઢવાણ ખાતે આ એવૉર્ડ આપવામાં આવ્યો હતો.

સાહિત્ય અકાદેમી, દિલ્હી દ્વારા

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

૨૦૧૪ અને ૨૦૧૫નાં બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને ૩૦-૫-૨૦૧૬ સુધીમાં દરેક પુસ્તકની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

૧. **શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક** : ૨૦૧૪ અને ૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨. **શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન

પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩. **શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૪. **શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૫. **શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૬. **શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા શિક્ષણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૭. **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સમાજ, શિક્ષણ વગેરે વિશેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૮. **શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૯. **શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૦. **શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સાહિત્યશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૧. **શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક (કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૨. **શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૩. **શ્રી નટવરલાલ માળવી પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત

કરવામાં આવશે.

૧૪. **શ્રી ઉશનસ્ પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૫. **શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૬. **શ્રી મહેન્દ્ર ભગત (એકાંકી/ ન હોય તો નાટક) પારિતોષિક** : ૨૦૧૩-૨૦૧૪ અને ૨૦૧૫નાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૭. **શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૮. **શ્રી સદ્વિચાર પરિવાર પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૯. **શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૦. **શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૧. **શ્રી રમણલાલ સોની (બાળ-કિશોરસાહિત્ય) પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૨. **શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને અથવા ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા કવયિત્રી-રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૩. **ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એક-એક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ

પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૪. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૫. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૬. **શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૭. **શ્રી દોલત ભટ્ટ પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૮. **શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી વર્ષદીઠ એક-એક સર્વશ્રેષ્ઠ નવલકથાઓને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૯. **શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૦. **કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૧. **શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૨. **શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૩. **શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક

એનાયત કરવામાં આવશે.

૩૪. **સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન' પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૫. **ડૉ. બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક** : આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી.

૩૬. **ગુજરાત દર્પણ પારિતોષિક** : (દરિયાપારના સાહિત્યકારો માટે) ૨૦૧૩-૨૦૧૪-૨૦૧૫નાં ત્રણ વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નવલકથાના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૭. **ધનરાજ કોઠારી પારિતોષિક** : ૨૦૧૪-૨૦૧૫ દરમિયાન પ્રથમ સર્જનાત્મક પુસ્તક માટે.

૩૮. **શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યાપ્રેરિત પારિતોષિક** : ૨૦૧૫-૨૦૧૬ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક.

૩૯. **ચિ. શિ. ત્રિવેદીપ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક પારિતોષિક** : ૨૦૧૩-૨૦૧૬ ('પરબ' પ્રકાશિત) વર્ષ દીઠ શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક

૪૦. **શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન પારિતોષિક** : ૨૦૧૫-૨૦૧૬ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક.

૪૧. **શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પારિતોષિક** : ૨૦૧૫-૨૦૧૬ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક.

**ઉષા ઉપાધ્યાય**

પ્રકાશનમંત્રી

18

# પતસેતુ

## 'પરબ' – ૨૦૧૫ વાર્ષિક સૂચિ વિશે

'પરબ' ૨૦૧૫ વાર્ષિક સૂચિ અંગે 'પરબ' એપ્રિલમાં ૨૦૧૬માં પ્રગટ થયેલ શ્રી મણિભાઈ પ્રજાપતિના પત્ર સંદર્ભે થોડું –

આ સૂચિ બે પ્રકારે બનાવવામાં આવી છે. 'કૃતિસૂચિ' અને 'કર્તાસૂચિ' – જે તેના હેતુને સ્પષ્ટ કરે છે. 'કૃતિસૂચિ'ને 'પરબ'ના પરંપરાગત વિભાગવાર તૈયાર કરવાનો હેતુ ઉપયોગકર્તાને તેની કૃતિ તથા કૃતિના વિભાગ સુધી પહોંચાડવાનો છે; 'વિષયસૂચિ'ની ગરજ સારવાનો નથી.

જ્યાં કવિઓએ જ પોતાના કાવ્યગુચ્છને માટે 'બે કાવ્યો', 'ત્રણ કાવ્યો', 'પાંચ કાવ્યો' એવાં શીર્ષક આપ્યાં છે તથા તેમાં જ દરેક કાવ્યને સ્વતંત્ર શીર્ષક પણ આપ્યાં છે ત્યાં 'કૃતિસૂચિ'માં 'પાંચ કાવ્યો' એ મુખ્ય શીર્ષક દર્શાવીને – એની અંતર્ગત દરેક કાવ્યના શીર્ષકને પેટાશીર્ષક તરીકે સાથે જ દર્શાવ્યાં છે. જેથી ઉપયોગકર્તાને 'કૃતિસૂચિ'માંથી 'પાંચ કાવ્યો'નું કાવ્યગુચ્છ, તેના કાવ્યશીર્ષક સાથે જ પ્રાપ્ત થાય.

સમીક્ષા-સમીક્ષક, આસ્વાદ-આસ્વાદકનું મહત્ત્વ કૃતિ તથા કર્તા જેટલું છે. આથી સૂચિમાં પણ મહત્ત્વ આપવું જોઈએ. આથી 'કૃતિસૂચિ'માં સમીક્ષા તથા આસ્વાદના શીર્ષક પછી કૌંસમાં મૂળ કૃતિ તથા તેના કર્તા દર્શાવ્યાં છે. તેમજ 'કર્તાસૂચિ'માં સમીક્ષક અને આસ્વાદક મૂક્યાં છે. જુઓ Indian Literature સામયિકની સૂચિમાં – Book Reviews તેમજ Studies.

કોઈ પણ સામયિકની વાર્ષિક સૂચિનો મુખ્ય ઉદ્દેશ તે સામયિકના એક વર્ષના બધા જ અંકોનો વાર્ષિક ગ્રંથ પ્રગટ થાય તેમાં અંતે મૂકવાનો છે. જેથી તે ગ્રંથના ઉપયોગકર્તાને તેમાં સમાવિષ્ટ સાહિત્યસામગ્રી સરળતાથી યથાશીઘ્ર પ્રાપ્ત થાય.

**ઊર્મિલા ઠાકર**

# આવરણચિત્ર સંદર્ભનોંધ

## ■ પીયૂષ ઠક્કર ■

ચિત્રનું શીર્ષક : લેંડ માર્ક્સ (Landmarks)

ચિત્રકાર : કૃપા માખીજા (જ. ૨૦ ડિસેમ્બર ૧૯૮૩, પાટણ)

માધ્યમ : વિવિધ   માપ : વિવિધ   વર્ષ : ૨૦૧૫

આમ તો વાત રોજબરોજની સામાન્ય ચીજવસ્તુઓથી શરૂ થયેલી. મુખ્યત્વે તો વપરાશમાંથી નીકળી ગયેલાં વાસણોના એમાં આલેખો હતાં. જે વાત પછીથી સંસ્કૃતિની/સંસ્કૃતિઓની વિસ્મૃતિ સુધી લંબાય છે. કળાકાર કહે છે. આપણાં સહુની આપણી પોતીકી સંસ્કૃતિ સાથેની જાણે અજાણે નાડ છેદાઈ ગઈ છે. ગામ છૂટી ગયું છે. કુટુંબો વિખરેઈ ગયાં છે. ભાષા ભૂંસાતી જાય છે. આમ આ બધાની અસર આપણા પર છે તો ખરી પણ આપણને એનો અહેસાસ થઈ શકે એટલી મોકળાશ આપણી પાસે નથી. બની શકે કે ભૌતિક વિકાસે આપણને આંજી નાખ્યા છે.

નાની ઉંમરે પણ કૃપાને ખાસ્સી નામના મળી છે. દેશ-પરદેશના પ્રવાસો કર્યા છે. ઘણી જગ્યાએ એમની કૃતિઓ પ્રદર્શિત થઈ છે. એમને ઘણાં પ્રાદેશિક, રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સન્માનો મળ્યાં છે. તાજેતરમાં જ સ્કોટલેંડની રેસિડેન્સીમાંથી તેઓ પાછાં ફર્યાં છે. ત્યાં રહ્યે રહ્યે શરૂ કરેલી કલાકૃતિઓની શ્રેણી પર તેઓ હમણાં કામ કરી રહ્યાં છે. એક રીતે જોતાં વિસ્મરણનો તો એક ચમકીલો વિચાર છે. એ વિશે પૂછતાં તેઓ જણાવે છે મારું કુટંબ તો મૂળે પાકિસ્તાનનું. ભાગલા વખતે ત્યાંથી ભારત આવેલું ને ફરતાં ફરતાં આખરે અમદાવાદમાં સ્થાયી થયેલું. એટલે વિસ્મરણનો એક છેડો ખરેખર તો મારા પોતીકા ભૂતકાળ સાથે પણ જોડાય છે. તરેહવારનાં માધ્યમોમાં કામ કરતાં કરતાં હું મને મારા ભૂતકાળને અને મારા સાંપ્રતને એકસાથે સમજવાનો પ્રયત્ન કરું છું.

પરબના આવરણ પર મૂકવામાં આવેલી કૃતિનો સંદર્ભ ઉપરોક્ત ભૂમિકામાંથી દર્શકને સાંપડી શકે છે. આપણી આસપાસની ભૂગોળ ઝડપથી બદલાઈ રહી છે. જૂનાં સ્થાપત્યોની જગાએ નવતર બાંધકામો થઈ રહ્યાં છે. કલાકારે જૂની ઇમારતોના ખરેખરા કાટમાળ પર આપણી વિરાસત ગણાતી ઇમારતોની સ્મૃતિ છબીઓ ફોટો ટ્રાન્સફરથી આંકી છે. સ્કોડલેંડ અને ભારતની ગેલેરીઓમાં આ નવતર તરેહની કૃતિઓ પ્રદર્શિત થઈ છે. એમાં બહોળાં જ જનસમૂહને ઘડીપળ માટે આપણા સમયની વિડંબનાઓથી રૂબરૂ થવાની તક સાંપડે છે. સંસ્થાપક કલાની (Installation art) આ તહેરની આપણે એ સંદર્ભે નીરખીએ તો કેમ ?

## આ અંકના લેખકો


અજય પાઠક : ૪૩૨/એ, તપોવન જૂના એરોડ્રામ રોડ, ભાવનગર-૧

ઊર્મિલા ઠાકર : સી/૧૮, નીલહર્ષ એપાર્ટમેન્ટ, અંજલી ચાર રસ્તા, સ્વામિનારાયણ એવન્યુ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

ઋષિકેશ રાવલ : ડી. ડી. મોદી આર્ટ્સ કૉલેજ, પાલનપુર-૩૮૯૦૦૧

દધીચિ ઠાકર :

દિલીપ જોશી : ૨, સૌરાષ્ટ્ર યુનિ. કર્મચારી સોસાયટી, 'દિનકર', યુનિ. રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

દેવયાની દવે : ૪/સી, બિંદિયા સોસાયટી, લીલાવતી હૉસ્પિટલ પાસે, રેક્લેમેશન રોડ, બાન્દ્રા (પ.), મુંબઈ-૪૦૦૦૫૦

દેવેન્દ્ર દવે : ધરતી ફ્લૅટ વિ-૧, એ બ્લૉક, નં. ૨૦૪, બીજે માળ, પંચવટી બંગલા સામે, ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

નલિન રાવળ : ૧૦/એ, સત્તર તાલુકા સોસાયટી, પો. નવજીવન, અમદાવાદ-૩૮૦૦૧૪

નિરંજન ભગત : ઈ/૨૩, જલદર્શન ફ્લૅટ, એચ. કે. કૉલેજ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

પીયૂષ ઠક્કર : બળવંત પારેખ સેન્ટર, સી/૩૦૨, સિદ્ધિ વિનાયક કૉમ્પલેક્સ, રેલવે સ્ટેશન પાછળ, ફરામજી રોડ, વડોદરા-૩૯૦૦૦૭

પ્રફુલ્લ રાવલ : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈ.ઓ.સી. કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦

પ્રવીણ દરજી : 'વાગીશા', ફુવારા પાસે, લુણાવાડા-૩૮૯૨૩૦, જિ. મહીસાગર

મણિલાલ. હ. પટેલ : સહજ બંગલો, શાસ્ત્રીમાર્ગ, શાંતાબા પાર્ક પાસે વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

રમણીક અગ્રાવત : ૭, મુક્તાનંદ, નર્મદાનગર, જિ. ભરૂચ-૩૯૨૦૧૫

રમેશ શાહ : એ/૧, શ્રેયાંશનાશ સોસાયટી-૧, ધરણીધર દેરાસર પાછળ વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

રૂપલ મહેતા : ૪, જૈન મરચન્ટ સોસાયટી, મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

Sudhir Patel : *2624, Jameson. Dr. N. W. Concord, N.C. 28027 (U.S.A.)*

સુમંત રાવલ : C/o. જશવંતરાય શાહ, આનંદમંગળ, છબીલા હનુમાન પાસે, માધવનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

હસમુખ રાવલ : બી/૪૦૮, બંધન, જીએચબી કૉમ્પલેક્સ, અંકુર બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

હેમંત ગોહિલ : ૬૭/બી, નીલેશ સોસાયટી, સ્વપ્નસૃષ્ટિ રોડ, નારીચોકડી પાસે, વરતેજ, ભાવનગર-૩૬૪૦૬૦

## આ એવા કાવ્યસંગ્રહો છે જે તમને
## ગુજરાતી કાવ્યસમૃદ્ધિનો પરિચય કરાવશે...

| | | |
|---|---|---|
| ગૂર્જર કાવ્યવૈભવ (અમૃતપર્વ યોજના) | ચિમનલાલ ત્રિવેદી | 36 |
| મારી અનાગસી ઋતુ | રામચંદ્ર પટેલ | 75 |
| જળમાં લખવાં નામ | હરિકિશ્ન રામચંદ્ર પાઠક | 75 |
| પ્રાન્તિક | રવીન્દ્ર ઠાકોર | 45 |
| મધુવાતા ઋતાયતે | પ્રવીણ ગઢવી | 40 |
| મનોભૂતિ | રજનીકાંતભાઈ પંચોલી | 70 |
| ગોરલ | અમરશી એ. અબિયાની | 51 |
| ચૈતર ચૈતર | કનુભાઈ રાવલ | 50 |
| રાઈનાં ફૂલ | હરિકૃષ્ણ પાઠક | 45 |
| ગુજરાતી પ્રણયોર્મિકાવ્યો | ડાહ્યાભાઈ પટેલ | 350 |
| વય:સંધિ | બાપુભાઈ ગઢવી | 50 |
| અઢી અક્ષરનું ચોમાસું | ભગવતીકુમાર શર્મા | 70 |
| પદ્મનિદ્રા | રામચંદ્રભાઈ પટેલ | 85 |
| સ્વપ્નાંતર | સુશીલા ઝવેરી | 80 |
| અસ્તિત્વની ક્ષિતિજને પેલેપાર | કમલેશભાઈ શાહ | 150 |
| નિદાન | રમેશ પરમાર | 8 |
| આરત | જશવંતભાઈ ઠાકર | 3 |
| મેરી ગો રાઉન્ડ | નલિન રાવલ | 45 |
| પુનશ્ચ | નિરંજન ભગત | 45 |
| પ્રતીક | પ્રિયકાન્ત મણિયાર | 10 |
| સરહદ | મનોહરલાલ બાથમ | 70 |
| ન્હાના ન્હાના રાસ : ભાગ-3 | નાથાલાલ કવિ | 40 |
| ગુજરાતી રંગભૂમિનાં ગીતો | ધર્મેન્દ્ર માસ્તર | 200 |
| કાવ્યસમુચ્ચય | આર. વી. પાઠક | 30 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001**
■ **ફોન : 22144663, 22149660 ફેક્સ : 22144663**
■ **ઈ-મેઈલ : goorjar@yahoo.com**

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15. ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

# કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | ‘સાવિત્રી’ના કાવ્યખંડો (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. | દક્ષિણા-૨ (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

***આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :***

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

પુસ્તકો એ મહાન આત્માઓની ઉત્તમોત્તમ ક્ષણોનો આવિર્ભાવ છે, કહો કે, એમના જીવનસત્ત્વનો નિષ્કર્ષ છે.

**– રમણલાલ જોશી**

મારા મતે પ્રકાશન વિનાનું લખાણ એ પોતાના જ રૂમના અરીસા સામે ઊભા રહેવા જેવું ભ્રામક છે. પોતાની આસપાસથી દૂર જઈ જ્યારે શ્રોતાગણ સામે અભિવ્યક્ત થઈ શકીએ ત્યારે જ ખરું ચિત્ર મળે.

**– શશિ દેશપાંડે**

પ્રતિભા-વિકાસનો સૌથી મોટો શત્રુ છે પ્રાચીનતામાં પૂર્ણતાનાં દર્શન કરવાનો અભિગમ. કોઈ વ્યક્તિ, વ્યક્તિઓનો સમૂહ કે ગ્રંથવિશેષને વિશ્વનાં તમામ ક્ષેત્રોમાં જ્ઞાન માટે પૂર્ણ માનવો એથી વધારે જ્ઞાન-વિકાસનો બીજો કોઈ શત્રુ ન હોઈ શકે.

**– સ્વામી સચ્ચિદાનંદ**

સાહિત્યકારે થર્મોમીટર થવાનું છે. થર્મોમીટર બધાંનો તાવ માપે છે. જો થર્મોમીટરને પોતાને તાવ આવતો હોત, તો તે બીજાનો તાવ યથાર્થ રીતે માપી ન શકત. તેને પોતાને તાવ નથી આવતો એટલે જ તો તે બીજા બધાનો તાવ માપી શકે છે. સાહિત્યકારનુંય તેવું જ.

**– વિનોબા**

પુસ્તક ક્યારેય પણ આપણી ભારતીય સંસ્કૃતિમાં મરી નહીં શકે. લખાયેલો શબ્દ જ્યારે છપાયેલો શબ્દ બને છે ત્યારે એ અ-ક્ષર બને છે અને એ છપાયેલા પાનાં ગ્રંથસ્થ થાય છે ત્યારે વિચારને સાચવવાનું એ એક માધ્યમ વાહન બને છે. પુસ્તકનો સૌથી મોટો ગુણ એ છે કે એ એક મનુષ્યનો બીજા સાથેનો શાંત સંવાદ છે.

**– ચંદ્રકાન્ત બક્ષી**

દુનિયા સાહિત્યકારનો આદર કરે છે, પણ એમના પર પ્રેમ કરતી નથી. આદર બુદ્ધિથી થાય છે, ત્યારે પ્રેમ દિલથી. પ્રેમની ભાષા દલીલ અને વ્યાકરણના બંધનોથી મુક્ત હોવાને કારણે એ દિલ ઉપર સીધી અસર કરે છે.

**– મહાવીર ત્યાગી**

સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણિ કૉલેજ, વિસાવદર

## આપણાં સુખ-દુઃખ તુલનાનાં !

વિચાર કરતાં એમ લાગે કે આ તુલનાશક્તિની તો કેવી ખૂબી છે !

મનમાં એક વિચાર ચાલતો હતો, મોં મલકાતું હતું. પોતાની જાતને મોટી સમજતો હતો, સુખી માનતો હતો. અચાનક જ કાંઈ યાદ આવ્યું; તેની સાથે સરખામણી થવી શરૂ થઈ. મોં પડી ગયું ! સુખ રાખ થઈ ઊડી ગયું. દુઃખના વિચારોથી મન હવે કડવું થઈ ગયું. મનમાં પીડા ઊપડી. અજંપો થયો. દેહમાં વેદના થઈ આવી... એવામાં બીજું કંઈ યાદ આવ્યું. કોઈકે આવી વધુ દુઃખી માણસની વાત કરી. એ સાંભળી મનને સારું લાગ્યું ! પેલી વેદના ઓસરવા લાગી.

શું છે આ ? તુલનાની આ તે કેવી તાકાત ?

મેળામાં મહાલવા એક માણસ જતો હતો. મસ્તીભરી ચાલ હતી અને ગળામાંથી ગીતોના સૂર રેલાતા હતા. એવામાં રસ્તે ઉતાવળે ચાલતા માણસોના પગ પર નજર પડી. અનેક નર-નારીને એ જાત જાતનાં પગરખાં પહેરીને જતાં જોયાં. રે નસીબ ! મસ્તીનાં ગીતો વરાળ થઈ ઊડી ગયાં ! હાય રે ! મારા પગમાં કાંઈ નહીં ? હું ઉઘાડપગો ! અટકી ગયો. મોળો પડી ગયો. દુઃખી દુઃખી થઈ ગયો ! આગળ વધતાં, ચકડોળ પાસે એક ઠેલણગાડીમાં સૂતેલો માણસ જોયો. આને તો પગ જ ન હતા ! તેને જોયો અને થયું : હાશ ! મને પગ તો છે ! મલકાયો. મનને ઘેરી વળેલો વિષાદ દૂર થયો.

આપણે, આપણાં સુખ-દુઃખને કશીયે સરખામણી વિના તેના સ્વરૂપને પામીએ અને સ્વીકારીએ તો કેવું સારું ? જ્યારે તુલના કરીએ છીએ ત્યારે જ ઉપાધિ આવે છે ! આમ, આપણાં સુખ-દુઃખ વાસ્તવિક છે જ નહીં. કશી તુલના વિના જ જો સુખ-દુઃખનો વિચાર કરીએ તો કેવું સારું. અરે ! આપણે કોઈને સારા કે ખોટા કહીએ છીએ એ પણ અન્યની સરખામણીએ જ ને ?

હવે, તુલનાના કશા વળગણ વિના વિચારવાની ટેવ પાડવા જેવી છે.

તુલના બધે ખપની નથી.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

*સ્થાનસમર્પિત*

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

# ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે

આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતા જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.

આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે. ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે. આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તોપણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો. ધ્યેયપ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છે; ઓળંગી જવાનું બળ આપે છે.

માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિરામપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વશરત છે.

ગામ જવા નીકળ્યા, પણ થોડું ચાલીને જો બીજી દિશાના ગામે જવા વિચાર્યું, એટલે વિઘ્ન શરૂ ! તેથી ધ્યેયની સ્પષ્ટતાની જેમ નિશ્ચલતા પણ તેટલી જ જરૂરી છે. તેમાં ચંચળતા ન ચાલે. નિર્ણય લેતાં પહેલાં 'આ કે તે' વિકલ્પ ભલે શોધ્યા કરીએ – એ ચાલે. પણ પછી નહીં.

તે નિર્ણય પછી તબક્કો ગતિનો આવે છે. ગતિ જ પ્રગતિનું રૂપ લે છે અને ધાર્યા ગામ અને ઠામ પહોંચાય છે. માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું, પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે – જરૂર પહોંચાય છે.

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**



: સ્થાનસમર્પિત :

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫



## ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ : ૭
## (ઈ. ૧૯૧૦-૧૯૩૫)

સ્વાતંત્ર્યોત્તર યુગ-૧

**સં. રમેશ ર. દવે, પારુલ કંદર્પ દેસાઈ**


પાકું પૂઠું, પૃ. ૬૩૨, કિં. રૂ. ૪૧૫/-

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ સાતમા ભાગમાં સ્વાતંત્ર્યોત્તર યુગના સમયગાળાના સર્જકો અને કૃતિઓ વિશે વિચારણા થઈ છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.


## વિદ્યાબહેન નીલકંઠ
## ગુજરાતની નારીચેતનાનાં અગ્રેસર

**સં. સુકુમાર પરીખ**

પાકું પૂંઠું, પૃ. ૭૨૦, કિં. રૂ. ૬૦૦/-



શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ છે. જીવનભર અનેક સીમાચિહ્નો રચતા રહેલાં વિદ્યાબહેન નીલકંઠ રચિત સાહિત્ય અને એમને વિશે વિવિધ નિમિત્તે લખાયેલા સાહિત્યને નિઃશેષપણે પ્રસ્તુત કરતો આ બૃહદ્ સંપાદનગ્રંથ અનેક જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓ માટે મહત્ત્વનો સંદર્ભગ્રંથ બની રહેશે.



## શ્રેષ્ઠ સુન્દરમ્


સં. સુધા પંડ્યા, પિનાકિની પંડ્યા
પાકું પૂઠું, પૃ. ૪૫૫, કિં. રૂ. ૪૦૦/-

શકવર્તી સાહિત્યકાર કવિ સુન્દરમે એકાધિક સાહિત્ય-સ્વરૂપોનું ખેડાણ કર્યું છે. એમનાં વિપુલ સાહિત્યરાશિમાંથી સંપાદકોએ કેટલીક ઉત્તમ કૃતિઓ અને લેખોનું ચયન કરીને આ સંપાદનગ્રંથ તૈયાર કર્યો છે. સાહિત્યરસિકોને અને અભ્યાસીઓને આ સંપાદન ઉપયોગી થશે એવી આશા છે.

## પરિવાર કાવ્યો

સં. ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, ડૉ. ઊર્મિલા ઠાકર
પાકું પૂઠું, પૃ. ૨૫૬, કિં. રૂ. ૩૨૦/-

ભારતીય સંસ્કૃતિની સુષમાથી સભર પારિવારિક સંબંધો વિશે અનેક કાવ્યો લખાયાં છે. આ કાવ્યોમાંથી કેટલાંક યાદગાર અને વિશિષ્ટ કાવ્યોનું ચયન કરીને સંપાદકોએ આ સંપાદનગ્રંથ તૈયાર કર્યો છે. કાવ્યરસિકોને માટે આસ્વાદ્ય બની રહે એવી વૈવિધ્યપૂર્ણ કવિતાઓનું આ સંપાદન સૌને ગમશે.



**PARAB 2016** May Regd. under Postal Registration No.
RNI No. GUJGUJ/2006/17273 GAMC-306/2015-2017, valid upto 31-12-2017
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd



## (નવલિકા)

(૨૫૭) અરણ્યવાસ : ગુણવંત જોષી, ૨૦૧૪, શાંડિલ્ય, ૫૨/બી, ગણેશ સોસાયટી, મેઇન રોડ, અમરેલી, પૃ. ૪+૯૮, રૂ. ૯૦/- (૨૫૮) સૌરાષ્ટ્રનું શૂરાતન : સ્વામી સચ્ચિદાનંદ, ૨૦૧૪, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, ૧૨+૨૫૨, રૂ. ૧૫૦/- (૨૫૯) યહી તો હૈ જિંદગી : બહાદુરભાઈ વાંક, ૨૦૧૪, હર્ષ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૨૦૦, રૂ. ૧૬૦/- (૨૬૦) મારું આકાશ ક્યાં ? : ડૉ. કલ્પના દવે, ૨૦૧૪, નવભારત સાહિત્ય મંદિર મુંબઈ, પૃ. ૧૬+૨૩૨ રૂ. ૨૫૦/- (૨૬૧) હુંફાળો માળો : કામિની મહેતા, ૨૦૧૪, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૧૪+૧૦૫, રૂ. ૧૨૫/- (૨૬૨) દૂરથી નજીક સુધી : અશ્વિની બાપટ, ૨૦૧૪, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૯+૧૪૨, રૂ. ૧૫૦/- (૨૬૩) તર્પણ : કિશોર વ્યાસ, ૨૦૧૪, નવભારત સાહિત્ય મંદિર, પૃ. ૧૨+૧૧૮, રૂ. ૧૫૦/- (૨૬૪) બસ એકવાર : વર્ષા યશસ્વી, ૨૦૧૩, શુભમ પ્રકાશન, મુંબઈ, પૃ. ૧૦+૧૧૧, રૂ. ૧૦૦/- (૨૬૫) વિશ્વ સાહિત્યની પ્રસિદ્ધ વાર્તાઓ (૧) : ભાવાનુવાદ : સતીશ વ્યાસ, ૨૦૧૪, શુભમ પ્રકાશન, મુંબઈ, પૃ. ૮+૯૯, રૂ. ૧૦૦/- (૨૬૬) વિશ્વસાહિત્યની પ્રસિદ્ધ વાર્તાઓ (૨) : ભાવાનુવાદ : સતીશ વ્યાસ, ૨૦૧૪, શુભમ પ્રકાશન, મુંબઈ, પૃ. ૮+૯૫, રૂ. ૧૦૦/- (૨૬૭) ઉજળિયાત : શંકર પેન્ટર, ૨૦૧૪, જાસૂદ પ્રકાશન, મહેસાણા, પૃ. ૪૬+૨૧૮, રૂ. ૨૦૦/- (૨૬૯) વિનોદ ચોત્રીસીની રંજક-બોધક કથાઓ : ડૉ. કાંતિભાઈ બી. શાહ, ૨૦૧૪, શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ, પૃ. ૧૦+૧૨૨, રૂ. ૭૦/- (૨૭૦) સરનામું બદલાયું છે : વિજય શાસ્ત્રી, ૨૦૧૫, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૦+૧૧૦, રૂ. ૧૦૦ (૨૭૧) પીગળતો સૂરજ : તરુલત્તા મહેતા, ૨૦૧૫, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૮+૯૫, રૂ. ૧૦૦ (૨૭૨) વિયોગે : 'તરુલત્તા' મહેતા, ૨૦૧૫, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, પૃ.૧૨+૯૨, રૂ. ૧૦૦/- (૨૭૩) પ્રસંગાલોક : સંપા. દક્ષેશ ઠાકર, ૨૦૧૪, સાહિત્ય સંગમ, સુરત, પૃ. ૬૪, રૂ. ૫૫/-

## પ્રકીર્ણ